# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 8 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ પૌષ સુદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૯ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSES ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE TO SECURITIES.
NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION DIRECTLY OR INDIRECTLY, OUTSIDE INDIA.

CAPITAL Infra Trust
GROWTH | GOVERNANCE | GOAL

# CAPITAL INFRA TRUST

## (ERSTWHILE NATIONAL INFRASTRUCTURE TRUST)

(Registered in the Republic of India as an irrevocable trust set up under the Indian Trusts Act, 1882 on September 25, 2023, pursuant to the Trust Deed read along with Amendment to the Trust Deed dated October 10, 2024 in Gurugram, Haryana, India and registered as an infrastructure investment trust under the Securities and Exchange Board of India (Infrastructure Investment Trusts) Regulations, 2014, as amended, ("SEBI InvIT Regulations") on March 7, 2024 having registration number IN/INVIT/23-24/00029. Subsequently, the Trust was issued an updated certificate of registration dated October 16, 2024, bearing registration number IN/InvIT/23-24/0029, pursuant to change of name of the Trust from "National Infrastructure Trust" to "Capital Infra Trust" in accordance with the SEBI InvIT Regulations.)

**Principal place of business and registered office:** Unit No. 1401-1403, 14th Floor, Tower B, SAS Tower, Medicity, Sector-38, Gurugram 122001, Haryana, India; **Tel:** +0124 4920139; **Compliance Officer:** Shubham Jain; **E-mail:** compliance@capitalinfratrust.com; **Website:** www.capitalinfratrust.com

| SPONSOR | INVESTMENT MANAGER | TRUSTEE |
|---|---|---|
| GAWAR Construction Limited | | AXIS TRUSTEE |
| **Gawar Construction Limited** | **Gawar Investment Manager Private Limited** | **Axis Trustee Services Limited** |

**Capital Infra Trust *(erstwhile National Infrastructure Trust)* (the "InvIT" or "Trust") is issuing up to [●] Units (as defined herein) for cash at a price of ₹ [●] per Unit aggregating up to ₹ 15,780.00 million, comprising a fresh issue of up to [●] Units aggregating up to ₹ 10,770.00 million by the Trust (the "Fresh Issue") and the Sponsor Selling Unitholder (herein) is offering up to [●] Units aggregating up to ₹ 5,010.00 million (the "Offer for Sale" and together with the Fresh Issue, the "Offer").**

**INITIAL PUBLIC OFFER IN RELIANCE UPON REGULATION 14(4) OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (INFRASTRUCTURE INVESTMENT TRUSTS) REGULATIONS, 2014, AS AMENDED.**

**Price Band: ₹ 99 to ₹ 100 per Unit**

**Bidders (other than Anchor Investors) can make Bids for a minimum of 150 Units and in multiples of 150 Units thereof Minimum Bid Size for Bidders other than Anchor Investors is ₹ 14,850**

**RISKS TO INVESTORS:**

- **Capital Infra Trust does not provide any assurance or guarantee of any distributions to the Unitholders. Capital Infra Trust may not be able to make distributions to Unitholders in the manner described in the Offer Document or at all, and the level of distributions may decrease.**
- **Capital Infra Trust is a newly settled trust and does not have an established operating history, which will make it difficult to accurately assess its future growth prospects.**
- **The Special Purpose Combined Financial Statements and Projections of Revenue from Operations and Cash Flow from Operating Activities presented in the Offer Document may not be indicative of the future financial condition, cash flows and results of operations of the Trust.**

**Credit Rating:** A credit rating of 'Provisional CRISIL AAA/Stable' has been issued by Crisil Ratings Limited for the (i) Trust NCD(s), and as (ii) Corporate Credit Rating of the Trust, on November 11, 2024 read with rating rationale issued on December 31, 2024. The rationale(s) are available on their respective websites. Further credit rating of 'Provisional CRISIL AAA/Stable' as issued by Crisil Ratings Limited for (i) proposed long term bank loan facilities, on November 11, 2024 were withdrawn vide rating rationale dated December 31, 2024. Additionally, a credit rating of 'Provisional CARE AAA; Stable' has been assigned by CARE Ratings Limited as Issuer rating to the Trust on January 04, 2025.

**BASIS FOR OFFER PRICE**

The Offer Price will be determined by the Investment Manager, in consultation with the Lead Managers, on the basis of assessment of market demand for the Units offered through the Book Building Process and on the basis of quantitative and qualitative factors as described below.

Bidders are requested to also refer to the sections ***"Risk Factors"***, ***"Business"***, and ***"Special Purpose Combined Financial Statements"*** on pages 21, 150 and 227, respectively, of the offer document dated December 27, 2024 (**"Offer Document"**) to make an informed investment decision.

The Price Band is ₹ 99 to ₹ 100.

Based on the evaluation of the qualitative and quantitative factors listed below, the enterprise value and equity value at the Floor Price and the Cap Price is as follows:

*(in ₹ million, other than number of Units)*

| Particulars | At Floor Price | At Cap Price | At Offer Price* |
|---|---|---|---|
| Equity Value (Post Offer) | 27,264.60 | 27,540.00 | [●] |
| Total Units Post Offer | 27,54,00,000 | 27,54,00,000 | [●] |

** To be determined post finalization of the Offer Price*

**Qualitative Factors**

We believe that some of the qualitative factors which form the basis for computing the Offer Price are as follows:

- Sizeable portfolio of stable revenue generating assets with no construction risk and long-term cash flows
- Geographically diversified road asset portfolio and revenue base;
- Attractive industry sector with strong underlying fundamentals and favourable government policies;
- Growth opportunities and rights to expand portfolio of assets through acquisition of Sponsor's portfolio and third party projects;
- Strong support from our Sponsor, Project Manager and the Investment Manager;
- Skilled and experienced management team with industry experience with a focus on corporate governance; and
- Consistent track record of the Project Manager in operating and maintaining projects in the infrastructure sector in India.

For further details, see ***"Business"*** on page 150 of the Offer Document.

**Quantitative Factors**

Some of the information presented below is based on the Combined Financial Statements. For details, see ***"Special Purpose Combined Financial Statements"*** on page 227 of the Offer Document.

Some of the quantitative factors which may form the basis for computing the Offer Price are as follows:

**1. Valuation provided by the Valuer**

The Valuer has used the discounted cash flow method to determine the value of the InvIT Assets. The assumptions on which the value of the InvIT Assets is based have been disclosed in the section ***"Valuation Report"*** attached as Annexure I to the Offer Document. For further details, see the ***"Valuation Report"*** on page 406 of the Offer Document.

**2. Enterprise Value / Cash flows from operations ratio in relation to Offer Price:**

| Particulars | Amount (in ₹ million) | EV# /Cash flow from operations (in ₹) | | |
|---|---|---|---|---|
| | | At Floor Price | At Cap Price | At Offer Price*** |
| Cash flows from operations for the financial year ended 2024 | 1,116.51* | 45.58 | 45.83 | [●] |
| Projected cash flows from operations for the financial year ending 2025 | 6,162.25** | 8.26 | 8.30 | [●] |
| Projected cash flows from operations for the financial year ending 2026 | 6,799.30** | 7.49 | 7.53 | [●] |
| Projected cash flows from operations for the financial year ending 2027 | 6,575.85** | 7.74 | 7.78 | [●] |

*# Including estimated debt of ₹ 23,630 million | *Cash Flow from operations for the financial year ended March 31, 2024, in the above table is derived from the Combined Financial Statements.| ** Derived from the Projections of Revenue from Operations and Cash Flow from Operating Activities prepared by the Investment Manager. | ***To be determined post finalization of the Offer Price. For details of the projections and notes thereto, see **"Projections of Revenue from Operations and Cash Flow from Operating Activities"** on page 379 of the Offer Document. Also see **"Risk Factors"** on page 21 of the Offer Document.*

**3. Earning price per Unit**

| Year/Period ended | Earning price per Unit (in ₹) |
|---|---|
| March 31, 2024 | 7.50 |
| September 30, 2024 | 6.88 |

**4. Comparison with Industry Peers#**

| Particulars | NAV per Unit (₹)* | Price** | (Premium / Discount) to NAV%*** |
|---|---|---|---|
| Indus Infra Trust (previously Bharat Highways InvIT) | 113.32 | 113.26 | (0.05) |
| IRB InvIT Fund | 97.68 | 59.55 | (38.04) |

**NAV as of September 30, 2024 | **Calculated as Unit Price as of December 24, 2024, as quoted on NSE*

**** (Premium / Discount) to NAV% = ((Price - NAV per Unit (₹)) / NAV per Unit (₹)) - 1 | #Based on Offer document*

**Attention of investors is drawn to the section titled *"Basis for Offer Price"* in the Final Offer Document.**

## BID/ OFFER PROGRAM

## BID/ OFFER CLOSES TODAY*

*The Investment Manager may, in consultation with the Lead Managers, consider closing the Bid/ Offer Period for QIBs one Working Day prior to the Bid/ Offer Closing Date in accordance with the SEBI Guidelines.

**ASBA*** | **Simple, Safe, Smart way of Application!!!**

*Applications Supported by Blocked Amount (**"ASBA"**) is a better way of applying to offers by simply blocking the fund in the bank account. For further details, check section on ASBA.
**Mandatory in public issues.**
**No cheque will be accepted.**

UPI — UNIFIED PAYMENTS INTERFACE

**UPI-Now available in ASBA for Individual Non-Institutional Investor applying in public issues where the application amount is up to ₹ 500,000, applying through Registered Brokers, Syndicate, CDPs & RTAs. Individual Non-Institutional Investors also have the option to submit the application directly to the ASBA Bank (SCSBs) or to use the facility of linked online trading, demat and bank account. Investors are required to ensure that the bank account used for bidding is linked to their PAN. Bidders must ensure that their PAN is linked with Aadhaar and are in compliance with CBDT notification dated February 13, 2020 and press release dated June 25, 2021 read with press release dated September 17, 2021, CBDT Circular No. 7 of 2022 dated March 30, 2022 read with the press release dated March 28, 2023.**

*ASBA has to be availed by all the investors except Anchor Investors. UPI may be availed by Individual Non-Institutional Investors with an application size of up to ₹ 500,000 in the Non-Institutional Category. For details on the ASBA and UPI process, please refer to the details given in the Bid Cum Application Form and abridged prospectus and also please refer to the section **"Offer Procedure"** on page 360 of the Offer Document. The Bid Cum Application Form and the Abridged Prospectus can be downloaded from the websites of BSE Limited ("BSE") and National Stock Exchange of India Limited ("NSE", and together with BSE, the "Stock Exchanges") and can be obtained from the list of banks that is displayed on the website of SEBI at www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes&intmId=35 and https://www.sebi.gov.in/sebiweb/other/OtherAction.do?doRecognisedFpi=yes &intmId=43, respectively as updated from time to time. For the list of UPI apps and banks live on IPO, please refer to the link: www.sebi.gov.in. UPI Bidders Bidding using the UPI Mechanism may apply through the SCSBs and mobile applications whose names appear on the website of SEBI, as updated from time to time. Axis Bank Limited and Kotak Mahindra Bank Limited have been appointed as the Sponsor Banks for the Offer, in accordance with the requirements of SEBI circular dated November 1, 2018 as amended. For Offer related queries, please contact the Lead Managers ("LMs") on their respective email IDs as mentioned below. For UPI related queries, investors can contact NPCI at the toll free number: 18001201740 and mail Id: ipo.upi@npci.org.in.*

In case of any revision to the Price Band, the Bid/Offer Period will be extended by at least one Working Day, subject to the total Bid/Offer Period not exceeding 30 days, provided that there shall not be more than two revisions to the Price Band during the Bid/ Offer Period. Any revision to the Price Band and the revised Bid/ Offer Period, if applicable, will be widely disseminated by notification to the Stock Exchanges during the Bid/ Offer Period and by indicating the change on the websites of the Trust, the Sponsor, the Investment Manager and Stock Exchanges.

In case of force majeure, banking strike or similar circumstances, the Bid/ Offer Period may, for reasons to be recorded in writing, be extended by a minimum period of three Working Days, subject to the total Bid/ Offer Period not exceeding 30 days.

The Offer is being made through the Book Building Process and in compliance with the SEBI InvIT Regulations and the SEBI Guidelines, wherein not more than 75% of the Offer shall be available for allocation on a proportionate basis to Institutional Investors, provided that the Investment Manager may, in consultation with the Lead Managers, allocate up to 60% of the Institutional Investor Portion to Anchor Investors on a discretionary basis in accordance with the SEBI InvIT Regulations and the SEBI Guidelines. Further, not less than 25% of the Offer shall be available for allocation on a proportionate basis to Non-Institutional Investors, in accordance with the SEBI InvIT Regulations and the SEBI Guidelines, subject to valid Bids being received at or above the Offer Price. For details, see ***'Offer Procedure'*** on page 360 of the Offer Document.

**Bidders/Applicants should ensure that DP ID, PAN and the Client ID and UPI ID (for UPI Bidders bidding through UPI Mechanism) are correctly filled in the Bid cum Application Form. The DP ID, PAN and Client ID provided in the Bid cum Application Form should match with the DP ID, PAN, Client ID and UPI ID available (for UPI Bidders bidding through the UPI Mechanism) in the Depository database, otherwise, the Bid cum Application Form is liable to be rejected. Bidders/Applicants should ensure that the beneficiary account provided in the Bid cum Application Form is active. Bidders/Applicants should note that on the basis of the PAN, DP ID, Client ID and UPI ID (for UPI Bidders bidding through the UPI mechanism) as provided in the Bid cum Application Form, the Bidder/Applicant may be deemed to have authorized the Depositories to provide to the Registrar to the Offer, any requested Demographic Details of the Bidder/Applicant as available on the records of the depositories. These Demographic Details may be used, among other things, for giving Allotment Advice or unblocking of ASBA Account or for other correspondence(s) related to the Offer. Bidders/Applicants are advised to update any changes to their Demographic Details as available in the records of the Depository Participant to ensure accuracy of records. Any delay resulting from failure to update the Demographic Details would be at the Bidders/Applicants' sole risk.**

**LISTING:** Prior to this Offer, there has been no market for the Units. The Units are proposed to be listed on the Stock Exchanges. In-principle approval for listing of the Units has been received from BSE and NSE on October 24, 2024. The Investment Manager shall apply to the Stock Exchanges for the final listing and trading approval, after the Allotment and the credit of the Units to the demat accounts of the Allottees.

**DISCLAIMER CLAUSE OF SECURITIES AND EXCHANGE BOARD OF INDIA ("SEBI"):** It is to be distinctly understood that submission of Offer Document to SEBI should not in any way be deemed or construed that the same has been cleared or approved by SEBI. SEBI does not take any responsibility either for the financial soundness of any scheme or the project for which the Offer Procedure is proposed to be made or for the correctness of the statements made or opinions expressed in the Offer Document.

**DISCLAIMER CLAUSE OF BSE (the Designated Stock Exchange):** It is to be distinctly understood that the permission given by BSE Limited should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by BSE Limited nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the disclaimer clause of BSE.

**DISCLAIMER CLAUSE OF NSE:** It is to be distinctly understood that the permission given by NSE should not in any way be deemed or construed that the Offer Document has been cleared or approved by NSE nor does it certify the correctness or completeness of any of the contents of the Offer Document. The investors are advised to refer to the Offer Document for the full text of the disclaimer clause of NSE.

**GENERAL RISKS:** Investments in units involve risks and bidders should not invest any funds in the offer unless they can afford to take the risk of losing their entire investment. For making an investment decision, bidders must rely on their own examination of the trust, the units, the Offer and the Offer Document. Bidders are advised to carefully read the Offer Document, including the sections ***"Risk Factors"*** and ***"Rights of Unitholders"*** on pages 21 and 220, respectively, of the Offer Document before making an investment decision. The units have not been recommended or approved by SEBI or the Stock Exchanges. SEBI and the Stock Exchanges do not guarantee the accuracy or adequacy of the contents of the Offer Document. Bidders are advised to consult their own advisors about the consequences of an investment in the units being issued pursuant to the Offer Document.

**LEAD MANAGERS TO THE OFFER**

SBICAPS — Complete Investment Banking Solutions

**SBI Capital Markets Limited**
1501, 15th Floor, A & B Wing, Parinee Crescenzo G Block, Bandra Kurla Complex
Bandra East, Mumbai 400 051, Maharashtra, India
**Tel:** +91 22 4196 8300
**E-mail:** project3g_fy25@sbicaps.com
**Website:** www.sbicaps.com
**Contact Person:** Mandeep Singh
**Investor grievance E-mail:** investor.relations@sbicaps.com
**SEBI Registration No.:** INM000003531

HDFC BANK — We understand your world

**HDFC Bank Limited**
Investment Banking Group, Unit No. 701, 702 and 702-A, 7th floor,
Tower 2 and 3, One International Centre, Senapati Bapat Marg,
Prabhadevi, Mumbai 400 013, Maharashtra, India
**Tel:** +91 22 3395 8233; **E-mail:** capitalinfra.ipo@hdfcbank.com
**Website:** www.hdfcbank.com
**Contact Person:** Sanjay Chudasama/Bharti Ranga
**Investor Grievance E-mail:** investor.redressal@hdfcbank.com
**SEBI Registration No:** INM000011252

**REGISTRAR TO THE OFFER**

KFINTECH — EXPERIENCE TRANSFORMATION

**Kfin Technologies Limited**
Selenium, Tower-B, Plot 31 and 32, Financial District, Nanakramguda,
Serilingampally, Hyderabad 500 032, Telangana, India
**Tel:** +91 49 6716 2222
**E-mail:** nationalinfra.units@kfintech.com
**Website:** www.kfintech.com
**Contact Person:** M.Murali Krishna
**Investor Grievance E-mail:** einward.ris@kfintech.com
**SEBI Registration No.:** INR000000221

**CONTACT PERSON AND COMPLIANCE OFFICER**

**Shubham Jain**
Unit No. 1401-1403, 14th Floor, Tower B, SAS Tower,
Medicity, Sector-38, Gurugram – 122 001 Haryana, India
**Tel:** 0124 - 4920135
**E-mail:** compliance@capitalinfratrust.com

Bidders can contact the Compliance Officer or the Registrar to the Offer in case of any pre-Offer or post-Offer related problems such as non-receipt letter of Allotment, non-credit of Allotted Units in the respective beneficiary account and non-receipt of refunds by electronic mode.

**AVAILABILITY OF THE OFFER DOCUMENT:** Investors are advised to refer to the Offer Document and the ***"Risk Factors"*** beginning on page 21 of the Offer Document before applying in the Offer. A copy of the Offer Document is made available on the website of SEBI at www.sebi.gov.in and is available on the websites of the Lead Managers, i.e., www.sbicaps.com and www.hdfcbank.com, the website of the InvIT at www.capitalinfratrust.com and the websites of the Stock Exchanges, for BSE at www.bseindia.com and for NSE at www.nseindia.com.

**AVAILABILITY OF BID CUM APPLICATION FORMS:** Bid cum Application Forms can be obtained from the principal place of business and registered office of CAPITAL INFRA TRUST (ERSTWHILE NATIONAL INFRASTRUCTURE TRUST), Tel: +0124 4920139 ; Lead Managers: SBI Capital Markets Limited, Tel: +91 22 4196 8300 and HDFC Bank Limited, Tel: +91 22 3395 8233 and Syndicate Member: SBICAP Securities Limited, Tel: +91 22 6931 6204 and HDFC Securities Limited, Tel: +91 22 3075 3400 and at selected locations of Sub-Syndicate Members (as given below), Registered Brokers, SCSBs, Designated RTA Locations and Designated CDP Locations for participating in the Offer. Bid cum Application Forms will also be available on the websites of the Stock Exchanges at www.bseindia.com and www.nseindia.com and at all the Designated Branches of SCSBs, the list of which is available on the websites of the Stock Exchanges and SEBI.

**SUB-SYNDICATE MEMBERS:** Almondz Global Securities Limited; Anand Rathi Share & Stock Brokers Limited; Asit C. Mehta Investment Interrmediates Limited; Axis Capital Limited; Centrum Broking Limited; Finwizard Technology Private Limited; ICICI Securities Limited; IIFL Capital Limited; Inga Ventures Private Limited; JM Financial Services Limited; Kantilal Chhaganlal Securities Private Limited; Keynote Capitals Limited; KJMC Capital Market Services Limited; Kotak Mahindra Capital Company Limited; Kotak Securities Limited; LKP Securities Limited; Marwadi Shares & Finance; Morgan Stanley Financial Advisors; Motilal Oswal Financial Services Limited; NextWorld Solution Private Limited; Nextbillion technology Private Limited; Nirmal Bang Securities; Nuvama Wealth and Investment Limited (Edelweiss Broking Limited); Prabhudas Lilladher Private Limited; Pravin Ratilal Share and Stock Brokers Limited; Religare Broking Limited; Rikhav Securities Limited; RR Equity Brokers Private Limited; Sharekhan Limited; SMC Global Securities Limited; Sunidhi Securities And Finance Limited; Upstock Private Limited; YES Securities (India) Limited; Zerodha Broking Limited

**Public Offer Account Bank and Sponsor Bank:** Kotak Mahindra Bank Limited

**Escrow Collection Bank, Refund Bank and Sponsor Bank:** Axis Bank Limited

**UPI:** UPI Bidders can also Bid through UPI Mechanism.

All capitalised terms used herein and not specifically defined shall have the same meaning as ascribed to them in the Offer Document.

**CAPITAL INFRA TRUST (ERSTWHILE NATIONAL INFRASTRUCTURE TRUST)**
**On behalf of the Board of Directors**
Sd/-
**Shubham Jain**
Compliance Officer

**Place:** Gurugram, Haryana
**Date:** January 08, 2025

**CAPITAL INFRA TRUST (ERSTWHILE NATIONAL INFRASTRUCTURE TRUST)** is proposing, subject to receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offer of its Units and has filed the Offer Document dated December 27, 2024 with SEBI and the Stock Exchanges. The Offer Document is made available on the website of the SEBI at www.sebi.gov.in as well as on the website of the Lead Managers i.e., SBI Capital Markets Limited at www.sbicaps.com and HDFC Bank Limited at www.hdfcbank.com, the website of the NSE at www.nseindia.com and the website of the BSE at www.bseindia.com and the website of the Trust at www.capitalinfratrust.com. Any potential investor should note that investment in Units involves a high degree of risk and for details relating to such risks, please see the section titled ***"Risk Factors"*** beginning on page 21 of the Offer Document. Potential investors should not rely on the Draft Offer Document for making any investment decision.

The Units have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended (***"U.S. Securities Act"***) or any state securities laws in the United States, and unless so registered, and may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable U. S. State Securities Laws. Accordingly, the Units are being offered and sold outside the United States in "offshore transactions" as defined in and in reliance on Regulation S under the U.S. Securities Act and the applicable laws of each jurisdictions where such offers and sales are made. There will be no public offering of Units in the United States of America.

CONCEPT

# મોરબી પુલ દુર્ઘટના કેસમાં આરોપીઓ સામે કલમ-૩૦૨ લાગુ કરવા મુદ્દે નવી અરજી દાખલ કરવા સુપ્રીમની મંજૂરી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ મોરબી ઝૂલતો પુલ દુર્ઘટનામાં ૧૩૫ નિર્દોષ લોકોનાં મોત નીપજ્યાં હતાં જે કેસની તપાસ સીબીઆઈને સોંપવા અને તમામ આરોપીઓ સામે કલમ-૩૦૨ લાગુ કરવાની દાદ માગતી પીડિતો દ્વારા સુપ્રીમ કોર્ટમાં સ્પેશિયલ લિવ પિટિશન દાખલ કરવામાં આવી હતી. જોકે અગાઉ ગુજરાત હાઈ કોર્ટે પીડિતોની દાદ ગ્રાહ્ય નહોતી રાખી તે હુકમને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો. સુપ્રીમ કોર્ટે પીડિતોને બંધારણની કલમ-૩૨ હેઠળ નવેસરથી અરજી ફાઇલ કરવા મંજૂરી આપી હતી. સુપ્રીમ કોર્ટના જસ્ટિસ એમ.એમ.સુંદરેશ અને જસ્ટિસ રાજેશ બીંદલની બેન્ચે આ સ્પેશિયલ લિવ પિટિશનની સુનાવણી હાથ ધરી હતી, સર્વોચ્ચ અદાલતે અરજદાર પીડિતોને બંધારણની કલમ-૩૨ હેઠળ નવેસરથી અરજી ફાઇલ કરવા મંજૂરી આપી હતી અને આ અરજીની સુનાવણી સ્વતંત્ર રીતે તેના ગુણદોષના આધારે નિર્ણીત કરવા હુકમ કર્યો હતો.

સુપ્રીમ કોર્ટે એ પણ સ્પષ્ટ કર્યું હતું કે, આ અરજીની સુનાવણી વખતે હાઈ કોર્ટના અગાઉના ચુકાદાનો કોઈ બાધ કે પ્રભાવ રહેશે નહી અને આ સ્પેશિયલ લિવ પિટિશનમાં સિનિયર એડવોકેટ શદાન ફરાસરત અને એડવોકેટ ઉત્કર્ષ દવે સહિતના વકીલોએ રજૂઆત કરતાં જણાવ્યું હતું કે, મોરબી ઝૂલતો પુલ દુર્ઘટના કેસમાં સીબીઆઈને તપાસ સોંપવા અને કલમ-૩૦૨નો ઉમેરો કરવા દાદ માગતી સંબંધિત પીડિતોના પરિવારો દ્વારા કરાયેલી અરજી હાઈ કોર્ટે ફગાવી દીધી છે. તે હુકમ અયોગ્ય અને ગેરકાયદે છે કારણ કે, આ કેસમાં પોલીસ દ્વારા તપાસમાં ગંભીર ખામી રાખવામાં આવી છે અને એટલું જ નહી, સીટની તપાસના રિપોર્ટમાં ખુદ નગરપાલિકા અને ઓરેવા કંપનીની જવાબદારી ઠરાવાઈ હોવા છતાં પાલિકાના કોઈપણ અધિકારીને આરોપી તરીકે જોડવામાં આવ્યા નથી. તેમ જ આ કેસમાં ઝૂલતા પુલ સંબંધી તમામ પ્રોસિડિંગ્સમાં મોરબી કલેકટરનું નિવેદન સુધ્ધાં લેવામાં આવ્યું નથી.

આ કેસમાં ૩૭૦ થી વધુ સાક્ષીઓ છે. જેમાં તપાસનીશ એજન્સીએ મૃતકોના પરિવારના એકથી વધુ સભ્યો, પાડોશીઓ કે સગાંવહાલાંને સાક્ષી તરીકે ઉમેર્યા છે અને જાણીજોઈને ટ્રાયલની પ્રક્રિયામાં વિલંબ થાય અને આરોપીઓને મદદ મળી રહે તેવા આશયથી આ બધુ કરવામાં આવ્યું છે. દુર્ઘટના બની ત્યારે ઝૂલતા પુલ ખાતેની ટિકિટો બ્લેક માર્કેટિંગ થતી હતી તેથી ૪૬૭ અને ૪૬૮ લાગે, પરંતુ આ કલમો લાગુ પાડવામાં આવી નથી અને ઓરેવા કંપનીના સીએમડી આરોપી જયસુખ પટેલને જાણકારી હતી કે, પુલ જર્જરિત હાલતમાં છે, તે તૂટી પડવાથી કે તેની ઉપર આટલી ઊંચાઈએથી પડવાથી નિર્દોષ લોકોના જાન-માલની નુકસાની થઈ શકે છે તેમ છતાં બારોબાર કોઈ પણ મંજૂરી કે ફિઝિબિલિટી રિપોર્ટ વિના પુલ ખુલ્લો મૂકી દેવાયો હતો. આ સંજોગોમાં કલમ-૩૦૨ લાગુ પડે જ છે જો સીબીઆઈને તપાસ સોંપાય તો નવા ખુલાસાઓ સામે આવે તેવી શક્યતા છે અને આ કેસમાં કલેકટર સહિત મોટાં રાજકીય માથાંઓનાં નામો બહાર આવે તેવી પણ શકયતા છે. તેવામાં સુપ્રીમ કોર્ટે અરજદાર પીડિતોની રજૂઆત ધ્યાને લઈને મહત્ત્વનો હુકમ કર્યો હતો. ■

# કેનેડાના પીઆર વિઝા આપવાનું કહીને કરોડોની ઠગાઈ આચરનારું દંપતી હિમાચલથી ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં વિદેશ મોકલવાના અને અલગ અલગ વિઝા આપવાની જાહેરાત કરીને લોકો પાસેથી કરોડો રૂપિયા ખંખેરી લેતા ઠગ લોકોનો રાફડો ફાટી નીકળ્યો છે. આ દરમિયાન કેનેડાના પીઆર વિઝા આપવાનું કહી યુવક પાસેથી ૧.૬૦ કરોડ રૂપિયાની ઠગાઈ કરનારા હિમાચલ પ્રદેશના દંપતીની સીઆઈડી ક્રાઈમે હિમાચલ પ્રદેશમાંથી ધરપકડ કરી હતી.

આ બંટી બબલી વિરુદ્ધ વડોદરા, નર્મદા, બોડકદેવ સહિતના પોલીસ સ્ટેશનમાં ઠગાઈના ગુના નોંધાયા હતા, તેમની વિરુદ્ધ સીઆઈડી ક્રાઇમમાં ફરિયાદ થતા દંપતી ઑફિસને તાળાં મારી છ મહિનાથી ફરાર હતું.

પોલીસે બાતમીના આધારે હિમાચલપ્રદેશથી બંનેને ઝડપી લીધાં હતાં. મૂળ પંજાબનો ઋષિકેશ પુરોહિત અને પત્ની સુજાતાએ વર્ષ ૨૦૨૧-૨૨માં ન્યૂ પાથ કરિયર સોલ્યુશન પ્રા. લિ. નામથી વિઝા કન્સલટન્સી શરૂ કરી હતી, તેમણે કેનેડાના પર્મેનન્ટ રેસિડન્સી વિઝા અપાવવાનું કામ શરૂ કર્યું હતું, જેમાં આ લોકો એક ગ્રાહક પાસેથી રૂપિયા ૪૦ લાખ લેતા હતા.

ઋષિકેશ પુરોહિત અને તેની પત્ની સુજાતા ઋષિકેશ પુરોહિતે ઠગાઈની દુકાન ખોલીને કેનેડાના પીઆર વિઝા અપાવી દેવાની લોભામણી લાલચ આપીને અમદાવાદ, વડોદરા, નર્મદા જિલ્લાના યુવાનો પાસેથી કરોડો રૂપિયા ખંખેરી લીધા હોવાની ફરિયાદ બંટી બબલી વિરુદ્ધ નોંધાઈ હતી. આવા જ એક મામલે ગાંધીનગર સીઆઈડી ક્રાઈમમાં વર્ષ ૨૦૨૧-૨૨માં બંટી બબલી વિરુદ્ધ રૂા.૧.૬૦ કરોડની ઠગાઈ આચરી હોવાનો ગુનો નોંધાયો હતો.

ન્યૂ રાણીપમાં રહેતા હાર્દિક પટેલ અને તેના ૩ મિત્ર આ બંનેને વિઝા માટે રૂપિયા ૧.૬૦ કરોડ આપ્યા હતા. જોકે પૈસા મળી જતા દંપતી ઑફિસે તાળાં મારી ભાગી ગયું હતું. આ અંગે હાર્દિક પટેલે સીઆઈડી ક્રાઈમમાં ફરિયાદ દાખલ કરાવી હતી.

તપાસ કરનાર પીઆઈ તડવીએ જણાવ્યું હતું કે, દંપતી નામ બદલીને હિમાચલ પ્રદેશના મણિકર્ણિમ તાલુકાના ભુન્તર જિલ્લાના કોલ ગામમાં રહેતું હતું. બંને એક વિઝા કન્સલ્ટન્સીમાં નોકરી કરતાં હતાં ત્યારે પ્રેમ સંબંધ બંધાતાં લગ્ન કર્યાં હતાં અને ત્યાર બાદ નોકરી છોડી કન્સલ્ટન્સીની ઑફિસ શરૂ કરી હતી.

કોઈ વ્યક્તિની ફાઈલ મૂકે ત્યારે દંપતી તેની પાસે ટોકન પેટે ૫ લાખ લેતાં અને પ્રોસેસ શરૂ કરી હોવાનું કહી વિઝા એપ્લિકેશન કરતા હતા.

ત્યાર બાદ ફાઇલ કેનેડા ઇમિગ્રેશનમાં એલિજિબિલિટી ચેક કરવા મોકલી છે તેવું કહી ૬ મહિનાનો સમય લેતા અને તે સમયમાં ટુકડે ટુકડે પૈસા લેતા હતા. તેમની ઠગાઈનો ભોગ બનનાર લોકો ૧૦થી ૧૨ જેટલા છે. અન્ય કોઈએ આ દંપતીને વિઝા માટે પૈસા આપ્યા હોય તો સીઆઈડી ક્રાઈમનો સંપર્ક કરવા પોલીસે જણાવ્યું હતું. ■

# ભરૂચ-અંકલેશ્વર રોડ પર ગમખ્વાર અકસ્માત સર્જાયોઃ એક જ પરિવારના 3 લોકોનાં મોત, ૪ ઘાયલ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં માર્ગ અકસ્માતો વધ્યા છે, રાજ્યમાં અવારનવાર અકસ્માતની ઘટના બનતી રહે છે. આ દરમિયાન ભરૂચમાં ફરી એક વાર અકસ્માતની ઘટના બની હતી. ભરૂચ-અંકલેશ્વર રોડ પર બાકરોલ બ્રિજ પાસે નેશનલ હાઈવે નંબર ૪૮ પર વહેલી સવારે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જ્યાં એક પૂરપાટ દોડતી કાર ટ્રકની પાછળના ભાગમાં ઘૂસી જતાં એક જ પરિવારના ત્રણ લોકોનાં મોત નીપજ્યાં હતાં. ઘટનાના પગલે પરિવારમાં શોકનો માહોલ ફેલાયો હતો.

મળતી વિગતો મુજબ અજમેરથી પરત મુંબઈ જતા પરિવારને અકસ્માત નડ્યો હતો, બાકરોલ બ્રિજ પાસે વહેલી સવારે પૂરપાટ ઝડપે આવતી કાર ટ્રક સાથે અથડાઈ હતી. અકસ્માતના કારણે એક જ પરિવારની ૭ પૈકી ૩ વ્યક્તિનાં ઘટનાસ્થળે મોત નીપજ્યાં હતાં. કારચાલકે સ્ટેયરિંગ પરથી કાબૂ ગુમાવતાં અકસ્માતની ઘટના બની હોવાનું પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું હતું.

દુર્ઘટનાની જાણ થતાં જ આસપાસના સ્થાનિકો તાત્કાલિક દોડી આવ્યા હતા અને ૧૦૮, ક્રેન અને ફાયર વિભાગની મદદથી ઈજાગ્રસ્તોનાં રેસ્ક્યુ કરાયાં હતાં. ઘાયલોને તાત્કાલિક સારવાર માટે હૉસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. પોલીસે ઘટનાસ્થળે પહોંચી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. સમગ્ર ઘટના અંગે પોલીસે કારમાં સવાર અન્ય લોકોનાં નિવેદન લીધાં હતાં અને ટ્રક ચાલકની પણ પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. ■

# એમએસ યુનિવર્સિટીના ઉપકુલપતિનું રાજીનામુંઃ વીસી વિરુદ્ધ હાઈ કોર્ટમાં પિટિશન થઈ હતી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ વડોદરાની એમએસ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર પ્રોફેસર ડૉક્ટર વિજયકુમાર શ્રીવાસ્તવ સામે યુનિવર્સિટીના જ પ્રોફેસરે તેમની નિમણૂકને ગેરલાયક ગણાવી હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરી હતી. આ મામલે વીસીએ બુધવારે રાજીનામું આપ્યું હતું. હવે ટૂંક સમયમાં નવા કુલપતિની નિમણૂક કરવામાં આવશે. એમએસ યુનિવર્સિટીના કુલપતિ પ્રોફેસર વિજય કુમાર શ્રીવાસ્તવને યોગ્ય લાયકાત વગર વીસી બનાવી દેવાયા હોવાના પુરાવા ગુજરાત હાઈ કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા. હાઇકોર્ટ ૧૦ ફેબ્રુઆરી, ૨૦૨૨ ના રોજ શ્રીવાસ્તવની વાઇસ ચાન્સેલર તરીકેની નિમણૂકને પડકારતી શિક્ષણ વિભાગના સિનિયર પ્રોફેસર સતીશ પાઠક દ્વારા દાખલ કરાયેલી અરજી પર સુનાવણી હાથ ધરી હતી. અરજદારે હાઈકોર્ટમાં વીસીની નિમણૂક સર્ચ કમિટીના નિયમો મુજબ નહીં હોવાની પણ અરજદારે રજૂઆત કરી હતી.

વડોદરા શહેરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીમાં વાઈસ ચાન્સેલર તરીકે વિજયકુમાર શ્રીવાસ્તવ ચાર્જ સંભાળતાં જ તેઓ વિવાદમાં જોવા મળ્યા હતા. વીસી ઉપર યુનિવર્સિટીના જ પ્રોફેસર સામે ગંભીર આરોપ લગાવવામાં આવ્યા હતા. વીસી વિજય કુમાર શ્રીવાસ્તવની નિમણૂકને ગેરલાયક ગણાવી એમ.એસ યુનિવર્સિટીના જ પ્રોફેસર સતીશ પાઠકે હાઈ કોર્ટમાં પિટિશન દાખલ કરી હતી.

આ ઉપરાંત તેઓએ દેશના વડા પ્રધાન સહિતના મહાનુભાવોને પત્ર લખી રજૂઆત પણ કરી હતી કે વીસી બનવા માટે પોતાનો સીવી એટલે કે બાયોડેટા આપ્યો તેમાં ખોટી વિગતો ભરવામાં આવી અને તેમની જે નિમણૂક થઈ તે તદ્દન ખોટી છે વીસી બનવા માટે જેટલાં વર્ષોનો અનુભવ જોઈએ તેટલાં વર્ષોનો અનુભવ પ્રોફેસર વિજયકુમાર શ્રીવાસ્તવ પાસે નથી તેથી તેમને ગેરલાયક ઠેરવવામાં આવે તેવી માગ કરી હતી. હાઈ કોર્ટ અરજી કરી વીસીની નિમણૂક નિયમો વિરુદ્ધ હોવાથી રદ કરવાની દાદ માગવામાં આવી હતી. ■

# સુરતમાં ઉત્તરાયણને પગલે તંત્ર એલર્ટઃ ૫૦,૦૦૦થી વધુ સેફ્ટી બેલ્ટનું વિતરણ કરાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતમાં ઉત્તરાયણને પગલે તંત્ર એક્શનમાં આવ્યું છે. ઉત્તરાયણ પર્વમાં પતંગની દોરીથી ગળા કપાવાની ઘટના બને છે. આવા અકસ્માત ન થાય તે માટે જિંદગી બચાવવાના પ્રયાસ માટે સુરત પોલીસ અને સંસ્થા દ્વારા ૫૦ હજારથી વધુ સેફ્ટી બેલ્ટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉત્તરાયણ પર્વને ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે દોરીથી વાહન ચાલકોને ઈજા, અકસ્માત કે ગળું ના કપાય તે માટે સુરત જિલ્લામાં ટ્રાફિક પોલીસ દ્વારા વાહનચાલકોને ગળામાં પહેરવા માટે સેફ્ટી બેલ્ટનું વિતરણ તેમ જ વાહનો પર સળિયા લગાડવાની કામગીરી કરવામાં આવી હતી. મળતી માહિતી મુજબ, ઉતરાયણ પર્વને લઇ તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. આમ તો સુરત હંમેશા લોકોનાં જીવન બચાવવા કે સેવા માટે અગ્રેસર હોય છે.

સુરતમાં પતંગના દોરાથી ગળા કપાવાની ઘટનાઓને રોકવા સેફ્ટી બેલ્ટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. સુરત ટ્રાફિક પોલીસ અને ડિસ્ટ્રિક ટ્રાફિક એજ્યુકેશન એન્ડ વેલફેર સંસ્થા દ્વારા સેફ્ટી બેલ્ટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. મોટા ભાગે પતંગના માંજાથી ગળાના ભાગે ઈજા થતી હોઈ છે. આવા અકસ્માત ન થાય અને લોકોની જિંદગી બચાવી શકાય તેવા પ્રયાસ સાથે ૫૦ હજારથી વધુ સેફ્ટી બેલ્ટનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. ■

# ગુજરાતમાં ૩૬ કોચિંગ ક્લાસ પર જીએસટીની તવાઈઃ ૭ કરોડથી વધુની કરચોરી પકડાઈ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યનાં વિવિધ શહેરોમાં જીએસટી અધિકારીઓએ કોચિંગ ક્લાસનાં ૩૬ ઠેકાણાઓ પર પાડેલા દરોડામાં રૂપિયા ૭.૪૯ કરોડની જીએસટી ચોરી પકડી પાડવામાં સફળતા મેળવી છે. બીજી જાન્યુઆરીના રોજ પાડવામાં આવેલા આ દરોડામાં ટૅક્સના દર વધુ હોવા છતાં ઓછા દર્શાવવામાં આવ્યા હતા. તેની સામે કેટલાક કોચિંગ ક્લાસ ચલાવનારાઓએ ખોટી રીતે ઈનપુટ ટૅક્સ ક્રેડિટ પણ લીધી હોવાનું જાણવા મળી રહ્યું હતું, તેમના ચોપડાઓમાં ન લીધા હોય તેવા કિસ્સાઓમાં પણ ફી વસૂલીને તેના પર જીએસટી એકત્રિત કરવામાં આવ્યો હોવાનું જોવા મળ્યું હતું. આ કોચિંગ ક્લાસમાં કરવામાં આવેલી પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું કે તેમણે બધાએ મળીને ૭.૪૯ કરોડની કરચોરી કરી છે. જોકે તેમના માટે કુલ જીએસટી ભરવાની જવાબદારી રૂપિયા ૧૧.૩૩ કરોડ સુધી આવી રહી છે. જીએસટી અધિકારીઓએ અમદાવાદ, ભરૂચ, ગાંધીનગર, ગોધરા, જૂનાગઢ, રાજકોટ, મહેસાણા, પાલનપુર, સુરેન્દ્રનગર, સુરત, વલસાડ, વડોદરાનાં કોચિંગ સેન્ટરો પર દરોડા પાડ્યા હતા. ■

# ગુજરાતમાં ભાજપ શહેર-જિલ્લા પ્રમુખોની યાદી ટૂંક સમયમાં જાહેર થશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ભાજપ શહેર જિલ્લા પ્રમુખોની યાદી ટૂંક સમયમાં જાહેર થઈ શકે છે. ચૂંટણી અધિકારીઓ અને ત્રણ મહામંત્રી દિલ્હીથી પરત ફર્યા છે અને શહેર-જિલ્લા પ્રમુખોનાં નામ પર મંજૂરીની મહોર પણ મારી દેવામાં આવી છે. અમદાવાદ, સુરત, વડોદરા અને રાજકોટ શહેર અને જિલ્લા ભાજપ-પ્રમુખ બનવા માટે વર્તમાન સહિત પૂર્વ હોદ્દેદારોએ પણ દાવેદારી કરી હતી. હોદ્દો મેળવવા માટે લોબિંગ પણ કર્યું હતું. માત્ર એટલું જ નહીં, વડોદરામાં ભાજપના ઉપાધ્યક્ષ અને પૂર્વ કૉર્પોરેટર વચ્ચે જામી પડી હતી અને જૂથવાદ સપાટીએ આવી ગયો હતો. સેન્સ પ્રક્રિયા દરમિયાન આ ઘટના બનતાં મોવડીમંડળ દ્વારા તેની નોંધ લેવામાં આવી હતી.

રાજકીય વર્તુળોમાંથી જાણવા મળ્યા મુજબ, ગુજરાત ભાજપના જિલ્લા-શહેર પ્રમુખની યાદી તૈયાર થઈ ગઈ છે. ૧૫ જાન્યુઆરી પહેલાં તમામ શહેર-જિલ્લા પ્રમુખની જાહેરાત થઈ જશે. શહેર-જિલ્લા પ્રમુખોની યાદી જાહેર થયા બાદ નવા પ્રદેશ પ્રમુખની પણ જાહેરાત કરવામાં આવે એવી શક્યતા છે. અત્રે ઉલ્લેખનીય છે કે હાલ ગુજરાત ભાજપ સંગઠન પર્વની પ્રક્રિયા કરવામાં આવી છે. વોર્ડ પ્રમુખો જાહેર થયા બાદ હવે શહેર અને જિલ્લા પ્રમુખોનાં નામો પણ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે. ■

# ગુજરાતની સ્કૂલોમાં શરદી-ખાંસીવાળા બાળકો માટે માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ એચએમપીવી વાઇરસની ગુજરાતમાં પણ એન્ટ્રી થઈ ગઈ છે. આ વાઇરસ બાળકો અને વૃદ્ધોને સૌથી પહેલા ઝપેટમાં લઈ રહ્યો છે. આ દરમિયાન ગુજરાતમાં અમદાવાદ, સુરત, રાજકોટ સહિત અનેક શહેરોની શાળામાં શરદી, ખાંસી કે તાવ જેવાં લક્ષણો હોય તેવા વિદ્યાર્થીઓ માટે માસ્ક ફરજિયાત કરવામાં આવ્યું હતું. ઉપરાંત સ્કૂલોમાં પણ ન આવવા તાકીદ કરવામાં આવી હતી.

રાજ્યમાં કેટલીક સ્કૂલોમાં સ્કૂલ દ્વારા શરદી, ખાંસી કે તાવના કારણે બાળક ગેરહાજર હોય તો વાલીઓને બાળક જ્યાં સુધી સાજા ના થાય ત્યાં સુધી ઘરે રાખવા જ સૂચના આપવામાં આવી હતી. સ્કૂલમાં અભ્યાસ કરતા કોઈ બાળકને સ્કૂલમાં શરદી, ખાંસી જેવાં લક્ષણ દેખાય તો તે બાળકને અલગ કરીને ઘરે મોકલી દેવામાં આવે છે અને જ્યાં સુધી તબિયતમાં સુધારો ના થાય ત્યાં સુધી સ્કૂલે ન આવવા જણાવવામાં આવ્યું હતું. અમદાવાદમાં એચએમપીવીનો એક કેસ સામે આવ્યા બાદ શાળા સંચાલકોમાં અને વાલીઓમાં ચિંતા વ્યાપી હતી. આ વાયરસ બાળકોને સૌથી વધુ અસર કરતો હોવાથી સ્કૂલ સંચાલકો અત્યારથી જ એક્શન મોડમાં આવી ગયા છે. જોકે આરોગ્ય વિભાગ આગામી દિવસોમાં શાળાઓ માટે વિગતવાર માર્ગદર્શિકા જાહેર કરે તેવી અપેક્ષા છે. વાઇરસની સ્થિતિને જોતાં સુરક્ષાનાં ધોરણોનું કડક અમલીકરણ સુનિશ્ચિત કરવા અને વિદ્યાર્થીઓનું રક્ષણ કરવા શિક્ષણ વિભાગ આ નિર્દેશો જિલ્લા શિક્ષણ અધિકારીઓને મોકલે તેવી શક્યતા છે. ■

# સુરતમાંથી ૧૦ લાખની કિંમતનું ૨૧૫૦ કિલો પ્રતિબંધિત ચાઇનીઝ લસણ ઝડપાયું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરત એપીએમસીમાંથી પ્રતિબંધિત ચાઈનીઝ લસણનો જથ્થો ઝડપાયો હતો. દસ લાખની કિંમતનું ૨૧૫૦ કિલો પ્રતિબંધિત ચાઈનીઝ લસણ ઝડપી પાડવામાં આવ્યું હતું. સુરત એપીએમસીમાં વેચાણ અર્થે મૂકવામાં આવેલા લસણના જથ્થાને અંગે સ્ટાફને શંકા પડતાં તાત્કાલિક ક્રોસ વેરિફિકેશન કરવામાં આવ્યું હતું. જેમાં આ જથ્થો ચાઇનીઝ લસણનો હોવાનું સામે આવતાં ખળભળાટ મચી ગયો હતો.

૪૩ ગુણી ચાઇનીઝ લસણ જપ્ત કરીને ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી હતી. ખેડૂતોની આજીવિકાના રક્ષણ તેમ જ લોકોના સ્વાસ્થ્યના રક્ષણ માટે ચાઈનીઝ લસણ ઉપર પ્રતિબંધ છે, ત્યારે મોટો જથ્થો પકડાતાં ચકચાર મચી ગઈ હતી. આ લસણ સ્વાસ્થ્ય માટે હાનિકારક હોવાથી તેના વેચાણ પર પ્રતિબંધ લગાવવામાં આવ્યો છે તેમ છતાં મોટો જથ્થો પકડાઈ રહ્યો છે. આ પહેલાં ગોંડલ માર્કેટ યાર્ડમાંથી પણ નકલી લસણનો જથ્થો ઝડપાયો હતો. ■

# અમદાવાદમાં 3 પીએસઆઈ, ૧૯ કૉન્સ્ટેબલની કે કંપનીમાં બદલી થતાં પોલીસબેડામાં ખળભળાટ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરમાં વધુ ૧૯ પોલીસ કૉન્સ્ટેબલ અને ત્રણ પીએસઆઈની બદલી કરવામાં આવતાં પોલીસબેડામાં ખળભળાટ મચી ગયો હતો. સજાના ભાગરૂપે અમદાવાદ શહેર પોલીસ કમિશનર દ્વારા આ બદલી કરવામાં આવી હતી. આ પહેલાં પણ પોલીસ કમિશનરે ૧૩ કૉન્સ્ટેબલની બદલી કરી હતી. સૂત્રોના જણાવ્યા મુજબ, શહેરમાં ગેરકાયદેસર પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવા બદલ આ કાર્યવાહી કરવામાં આવી હતી. બાપુનગર પોલીસ સ્ટેશનમાં પીએસઆઈ તરીકે ફરજ બજાવતાં પી. આર. અમીન તથા એન. કે. રાજપુરોહિતની કે કંપનીમાં બદલી કરવામાં આવી હતી. આ સિવાય ચાંદખેડાના પીએસઆઈ એમ.આર.બુખારીની પણ કે કંપનીમાં બદલી કરવામાં આવી હતી. આ બંને વિસ્તારોમાં છેલ્લા થોડા દિવસોથી ગુનાખોરીનો ગ્રાફ ઊંચકાયો હતો અને ઉચ્ચ કક્ષાએ પણ ગંભીર નોંધ લેવામાં આવી હતી.

પીસીબી દ્વારા તાજેતરમાં ચાંદખેડા, સાબરમતી, બાપુનગર, ઈસનપુર, સોલા, સરખેજ, નારોલમાં દેશી અને અંગ્રેજી દારૂના અડ્ડા પર રેડ પાડવામાં આવી હતી. આ વિસ્તારના જ પોલીસકર્મીઓ, પીએસઆઈની કે કંપનીમાં મોટા ભાગે બદલી કરવામાં આવી હતી. ■

# ગુજરાત પોલીસમાં ૧૨,૪૭૨ જગ્યા પર ભરતીની શારીરિક કસોટીનો પ્રારંભ થયો

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં ગુજરાત પોલીસ ભરતી માટે શારીરિક કસોટીનો પ્રારંભ થયો હતો. બિનહથિયારી પોલીસ સબ ઇન્સ્પેક્ટર અને લોકરક્ષક કેડર માટે કુલ ૧૨,૪૭૨ જગ્યાઓ પર ભરતી પ્રક્રિયા શરૂ થઈ હતી. જેમાં ૪૭૨ પીએસઆઈ અને લોકરક્ષક કેડરની ૧૨,૦૦૦ જગ્યાઓ ભરવામાં આવશે. જમાં બિનહથિયારી પોલીસ કૉન્સ્ટેબલ, હથિયારી પોલીસ કૉન્સ્ટેબલ, એસઆરપીએફ અને જેલ સિપોઈનો સમાવેશ થાય છે.

ભરતી દરમિયાન દરેક ગ્રાઉન્ડ ઇન્ચાર્જ તરીકે પોલીસ અધિક્ષક કક્ષાના અધિકારી અને તેઓની સાથે મદદમાં કુલ-૯૬ ડીવાયએસપી, પીઆઈ, પીએસઆઈ, હાઈકોર્ટ/પોલીસ કૉન્સ્ટેબલની નિમણૂક કરવામાં આવેલ છે.

આ ઉપરાંત દરેક ગ્રાઉન્ડના સુપરવિઝન અધિકારી તરીકે ડીઆઈજીપી/આઈજીપી કક્ષાના અધિકારીની નિમણૂક કરવામાં આવી હતી. ગુજરાત પોલીસ દળમાં બિન હથિયારી પોલીસ સબ ઇન્સપેક્ટર અને લોકરક્ષક કેડર વર્ગ-૩ની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટેની શારીરિક કસોટી તારીખ ૮ જાન્યુઆરીથી ૧ માર્ચ સુધી યોજાશે.

પોલીસની શારીરિક કસોટી માટે તમામ ગ્રાઉન્ડના મોનિટરિંગ માટે ગાંધીનગર ખાતે ભરતી બોર્ડ દ્વારા સેન્ટ્રલ કંટ્રોલરૂમ કાર્યરત કરવામાં આવ્યો છે. અહીંથી તમામ ગ્રાઉન્ડ પર નજર રાખવામાં આવી રહી છે. આજથી પોલીસ વિભાગમાં શરૂ થયેલી શારીરિક કસોટી આપવા માટે ઉમેદવારો કડકડતી ઠંડીમાં ગ્રાઉન્ડ પર પહોંચ્યા હતા. ગ્રાઉન્ડની બહાર ઉમેદવારોની સાથે વાલીઓ પણ હાજર જોવા મળ્યા હતા. કસોટી પૂર્ણ કરી બહાર આવનાર ઉમેદવારોમાં ક્યાંક ખુશી તો ક્યાંક ગમનો માહોલ જોવા મળ્યો હતો. ■

# ગુજરાતની સ્કૂલોમાં મોબાઈલ ફોન પર પ્રતિબંધ લાદવા વિચારણા કરાઈ રહી છેઃ રાજ્ય શિક્ષણપ્રધાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સુરતના પાંડેસરા વિસ્તારમાં ધોરણ આઠમાં અભ્યાસ કરતી દીકરી મોબાઈલની લતે ચડી હતી અને મોબાઈલ વગર કોઈ પણ કામ કરતી ન હતી. જેને લઈને માતા-પિતાએ ઠપકો આપ્યા બાદ તેની પાસેથી મોબાઈલ છીનવી લીધો હતો અને મોબાઈલ નહીં ચલાવવા બાબતે સમજાવવાનો પ્રયાસ કર્યો હતો. જેથી લાગી આવતાં દીકરીએ માતા-પિતાની ગેરહાજરીમાં આવેશમાં આવી જઈ ગળેફાંસો ખાઈ આપઘાત કર્યો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં જાણવા મળ્યું હતું.

આ ઘટના અંગે શિક્ષણપ્રધાન પ્રફુલ્લ પાનશેરિયાએ જણાવ્યું હતું કે, આવી ઘટનાઓ રાજ્યમાં ફરી ન બને તે માટે શાળા, પરિવાર અને સમાજ વચ્ચે મજબૂત સંવાદ વધારવો એ અગત્યનું છે. આ પ્રકારની પરિસ્થિતિઓ અટકાવવા વાલીઓએ ડિજિટલ ડિવાઇસના સદુપયોગ માટે જાગૃતિ લાવવી પડશે. આ માટે ન માત્ર શાળાઓમાં, પરંતુ સામાજિક સ્તરે પણ મૂલ્યવર્ધક અભિગમ અપનાવવો જોઈએ. આ સામૂહિક ચિંતનનો વિષય છે. ■

# અમદાવાદમાં તકરારમાં પ્રેમીએ પ્રેમિકાની હત્યા બાદ સાબરમતીમાં ઝંપલાવ્યું

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ શહેરના શાહીબાગ નમસ્તે સર્કલ નજીક આવેલા હાથીપુરા ગાર્ડનમાં પ્રેમી યુવકે પ્રેમિકાને છરીના ઘા ઝીંકીને મોતને ઘાટ ઉતાર્યા બાદ વાડજ રિવરફ્રન્ટ પરથી નદીમાં ઝપલાવીને આત્મહત્યા કરી હતી. ઘટનાને પગલે ચકચાર મચી ગઈ હતી. મળતી વિગત પ્રમાણે, માધુપુરામાં આવેલા જુગલદાસની ચાલીમાં રહેતી ક્રિષ્ના મારવાડી અને તેની જ ચાલીમાં રહેતા કૌશિક મકવાણા વચ્ચે પ્રેમસંબધ હતો. ક્રિષ્ના તેના છ વર્ષના પુત્રને લઈને તેને મળવા આવી હતી ત્યારે કોઈ કારણસર બંને વચ્ચે તકરાર થતાં આ ઘટના બની હતી.

શાહીબાગ નમસ્તે સર્કલ પાસે આવેલા હાથીપુરા ગાર્ડનમાંથી એક યુવક લોહીવાળું જેકેટ પહેરીને બાઇક પર ભાગતો જોવા મળ્યો હતો. આ દરમિયાન લોકોએ અંદર તપાસ કરતાં એક યુવતી લોહીલુહાણ હાલતમાં તરફડિયાં મારતી હતી. જેથી તાત્કાલિક સ્થાનિક લોકોએ ૧૦૮ પર કોલ કરવાની સાથે પોલીસને પણ જાણ કરી હતી. માધુપુરા પોલીસ સ્ટેશનના સ્ટાફે સ્થળ પર જઈને તપાસ કરતાં મૃતક મહિલાનું નામ ક્રિષ્ના રાજેશ મારવાડી (જુગલદાસની ચાલી, માધુપુરા) હોવાનું જાણવા મળ્યું હતું. આ મહિલા તેનાં છ વર્ષના પુત્ર સાથે ગાર્ડનમાં આવી હતી અને થોડી વારમાં વોશરૂમ જઈને આવું છું તેમ કહીને બાળકને એક બાજુ ઊભો રાખીને યુવકને મળવા ગઈ હતી.

સ્થાનિકોએ આપેલી વિગતોને આધારે પોલીસની એક ટીમ દ્વારા સીસીટીવી તપાસવાની શરૂઆત કરવાની સાથે મહિલાના પતિને બોલાવવામાં આવ્યો હતો.

આ દરમિયાન પોલીસને વાડજ રિવરફ્રન્ટ પરથી એક યુવકે બાઈકને પાર્ક કરીને નદીમાં ઝંપલાવ્યું હોવાનું તેમ જ સ્થળ પરથી લોહીનાં નિશાનવાળું જેકેટ પણ મળી આવ્યું હોવાનું જાણવા મળ્યું હતું. ફાયરબ્રિગેડની ટીમે યુવકનો મૃતદેહ બહાર કાઢીને તપાસ કરતાં તેનું નામ કૌશિક મકવાણા હોવાનું જાણવા મળ્યું હતું. મૃતક ગાર્ડનમાંથી નાસી જતા સમયે સીસીટીવી ફૂટેજમાં જોવા મળ્યો હતો. પોલીસે પ્રેમ પ્રકરણમાં કોઈ વાતને લઈ બોલાચાલી થયા બાદ આ ઘટના બની હોવાની શક્યતાના આધારે તપાસ હાથ ધરી હતી. ■

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 8 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ પૌષ સુદ- ૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 9 January 2025, Thursday ■ REGD.No. MCS/058/2024-26

ગુરુવાર, ૯ જાન્યુઆરી ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | લાડકી પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# અકસ્માતમાં જખમી લોકોની કૅશલેસ સારવાર માટે નીતિ ઘડાશે

## સુપ્રીમ કોર્ટનો કેન્દ્રને આદેશ


ANTARA GOLD & DIAMONDS
DADAR | BORIVALI | GOREGAON
TODAY'S GOLD RATE
₹ 70,920/-
PER 10 GRAMS OF 22KT BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY VVS-VS F-G QUALITY CERTIFIED NATURAL DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565
OPEN ON ALL DAYS


નવી દિલ્હી: સર્વોચ્ચ અદાલતે કેન્દ્ર સરકારને વાહન અકસ્માતમાં જખમી થયેલા લોકોની કેશલેસ સારવાર માટે નીતિ ઘડવા બુધવારે આદેશ આપ્યો હતો.

ન્યાયાધીશ અભય એસ. ઓકા અને ન્યાયાધીશ ઑગસ્ટિન જ્યોર્જ માસિહની બનેલી બૅન્ચે પોતાના ચુકાદામાં ૧૯૮૮ના મોટર વાહન ધારાની કલમ ૧૬૨(૨)ને ટાંકી હતી.

અગાઉ, કેન્દ્રીય પરિવહન પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે કેન્દ્ર સરકાર રોડ અકસ્માતનો ભોગ બનેલા લોકોને મોટી રાહત આપવા જઈ રહી છે. રોડ અકસ્માતમાં ઘાયલ થયેલા લોકોને હવે કેશલેસ સારવાર મળી શકશે.

નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે રોડ ટ્રાન્સપોર્ટ અને હાઇવે મંત્રાલયે સમગ્ર દેશમાં ડ્રાઇવિંગ ટ્રેનિંગ પોલિસી શરૂ કરી છે. આ સ્કીમ હેઠળ લગભગ ૧૨૫૦ નવા ડ્રાઇવિંગ ટ્રેનિંગ સેન્ટર અને ફિટનેસ સેન્ટર ખોલવામાં આવશે.

નીતિન ગડકરીએ ૭ જાન્યુઆરીએ એક નવી યોજનાની જાહેરાત કરતાં કહ્યું હતું કે સરકાર રોડ અકસ્માતોને ઘટાડવા માટે તેનાથી બનતા બધા જ પ્રયાસો કરી રહી છે. અકસ્માતનો ભોગ બનેલા લોકોની સારવાર માટે કેશલેસ સારવારની વ્યવસ્થા શરૂ કરવામાં આવી છે. આ યોજના મુજબ માર્ગ અકસ્માતનો ભોગ બનેલા લોકોને હવે કેશલેસ સારવાર મળશે. જો અકસ્માત પછી ૨૪ કલાકની અંદર પોલીસને જાણ કરવામાં આવે છે, તો આ યોજના હેઠળ પીડિતાને ૭ દિવસ સુધી મફતમાં સારવાર આપવામાં આવશે. હિટ એન્ડ રન કેસમાં મૃત્યુના કિસ્સામાં, મૃતકના પરિવારને તાત્કાલિક બે લાખ રૂપિયા મળશે. આમ હવે અકસ્માતમાં જો કોઈ ઘાયલ થાય છે તો તેની સારવારનો ખર્ચ સરકાર ઉઠાવશે. આ ઉપરાંત જે કોઈ પણ વ્યક્તિ અકસ્માતમાં ઘાયલ થયેલા વ્યક્તિનો જીવ બચાવશે તો તેને પણ ૫૦૦૦ રૂપિયાની પ્રોત્સાહક રકમ ઇનામ તરીકે આપવામાં આવશે. આ રકમ વધારવા માટે પણ સરકાર વિચાર કરશે. આ યોજના માર્ચ મહિનાથી અમલમાં આવી રહી છે.

મંગળવારે દિલ્હીમાં ભારત મંડપમ ખાતે મીડિયા સાથે વાત કરતાં કેન્દ્રીય પ્રધાન નીતિન ગડકરીએ જણાવ્યું હતું કે, "અમે આ કેશલેસ યોજનાને કેટલાંક રાજ્યોમાં પાઇલટ પ્રોજેક્ટ તરીકે શરૂ કરી હતી. અમને તેમાં કેટલીક ખામીઓ જોવા મળી છે, જેને અમે સુધારી રહ્યા છીએ. આ યોજના ચોક્કસપણે સફળ થશે અને લોકો માટે ઘણી ફાયદાકારક રહેશે." કેન્દ્રીય મંત્રી ગડકરીએ રાજ્યના પરિવહન મંત્રીઓ સાથેની બેઠક બાદ યોજેલી પ્રેસ કોન્ફરન્સમાં આ વાત કરી હતી. તેમણે કહ્યું, "અમારી પ્રથમ પ્રાથમિકતા માર્ગ સલામતી છે. ૨૦૨૪માં માર્ગ અકસ્માતમાં ૧.૮ લાખ લોકોના મોત થયા હતા. તેમાંથી ૩૦,૦૦૦ લોકો હેલ્મેટ ન પહેરવાના કારણે મૃત્યુ પામ્યા હતા. બીજી ગંભીર બાબત એ છે કે માર્ગ અકસ્માતમાં જીવ ગુમાવનારાઓમાંથી ૬૬ ટકા લોકો ૧૮-૩૪ વર્ષની વયજૂથના હતા. આ ઉપરાંત સ્કૂલ, કૉલેજો અને શૈક્ષણિક સંસ્થાઓ પાસે પ્રવેશ અને બહાર નીકળવાના સ્થળે યોગ્ય વ્યવસ્થાના અભાવે દસ હજાર બાળકોનાં મૃત્યુ થયાં હતાં તો ડ્રાઇવિંગ લાઇસન્સ ના લેવાને કારણે ૩૦૦૦ લોકોનાં મૃત્યુ થયાં હતાં.

ગડકરીએ જણાવ્યું હતું કે ભારત હાલમાં ૨૨ લાખ કોમર્શિયલ ડ્રાઇવરોની અછતનો સામનો કરી રહ્યું છે, જે માર્ગ સલામતીને સુનિશ્ચિત કરવામાં પડકારોમાં વધારો કરે છે. ડ્રાઇવરોની યોગ્ય પ્રશિક્ષણ નીતિ લાવીને અમે આ સમસ્યાનું પણ નિરાકરણ કરીશું. આનાથી લોકોને રોજગારી પણ મળશે અને દેશમાં બેકારી પણ ઓછી થશે.

નીતિન ગડકરીએ જૂનાં વાહનોને સ્ક્રેપ કરવાની યોજના વિશે પણ વાત કરી હતી. તેમણે કહ્યું હતું કે "સ્ક્રેપિંગ આપણા ઑટોમોબાઈલ સેક્ટરમાં મોટો ફેરફાર લાવશે કારણ કે જૂની ગાડીમાં વપરાયેલા ઍલ્યુમિનિયમ, કોપર, સ્ટીલ અને પ્લાસ્ટિકનો ફરીથી ઉપયોગ કરવામાં આવશે. ■

# ચૂંટણીઓ એકસાથે યોજવા માટેની બેઠક નિષ્ફળ

નવી દિલ્હી : દેશમાં લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ સાથે યોજવા અંગે ચર્ચા કરવા મળેલી સંસદીય સમિતિની બેઠકમાં કોઈ સમાધાન નહોતું થયું.

લોકસભા અને વિધાનસભાની ચૂંટણીઓ (વન નેશન વન ઇલેક્શન) એકસાથે કરાવવા માટેના બે બિલ પર વિચારણા કરવા માટે રચાયેલી સંસદની સંયુક્ત સમિતિની પ્રથમ બેઠકમાં બુધવારે સભ્યો વચ્ચે ઉગ્ર ચર્ચા થઈ હતી. જ્યારે ભારતીય જનતા પાર્ટી (બીજેપી)ના સભ્યોએ એકસાથે ચૂંટણીના વિચારને સમર્થન આપ્યું હતું જ્યારે વિપક્ષના સભ્યોએ આ વિચાર પર સવાલો ઉઠાવતાં કહ્યું હતું કે આ બંધારણના મૂળભૂત માળખાં પર હુમલો છે.

૩૯ સભ્યોની સમિતિની બેઠકમાં હાજર રહેલા સાંસદોએ તેમના મતો રજૂ કર્યા હતા અને બિલની જોગવાઈઓ અને તર્ક પર કાયદા અને ન્યાય મંત્રાલયની રજૂઆત બાદ પ્રશ્નો પૂછ્યા હતા.

કૉંગ્રેસના મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત ઘણા વિપક્ષી સાંસદોએ એ દાવા પર સવાલ ઉઠાવ્યા હતા કે એકસાથે ચૂંટણી યોજવાથી ખર્ચમાં ઘટાડો થશે. તેમણે પૂછ્યું હતું કે શું ૨૦૦૪ની લોકસભા ચૂંટણી પછી ખર્ચનો કોઈ અંદાજ લગાવવામાં આવ્યો હતો? ૨૦૦૪ની લોકસભાની ચૂંટણીમાં તમામ

(જુઓ પાનું ૨) ▸▸

# ઉત્તર ભારતમાં ભારે ઠંડી, ગુલમર્ગમાં માઈનસ ૯.૮ ડિગ્રી

ચંડીગઢ : થોડી રાહત બાદ જમ્મુ અને કાશ્મીરમાં ઠંડી વધતાં કાશ્મીર ખીણમાં રાત્રિનું તાપમાન ઠાર બિંદુ કરતાં નીચું જતું રહ્યું હતું. શ્રીનગરમાં લઘુતમ ઉષ્મતામાન માઈનસ એક ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સોમવારની રાત્રે તાપમાન ૦.૯ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સ્વચ્છ આકાશને લીધે રાત્રીનું તાપમાન નીચે જતું રહ્યું હતું. ઉત્તર કાશ્મીરમાં સ્કિઈંગ પ્રવૃત્તિ માટે જાણીતા અને સહેલાણીના રીસોર્ટ ટાઉન તરીકે ઓળખાતા ગુલમર્ગમાં ઉષ્ણતામાન મગળવારે રાત્રે માઈનસ ૯.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. સોમવારની રાત્રે અહીં તાપમાન માઈનસ ૬.૬ ડિગ્રી સેલ્સિયસ હતું. ખીણનું આ સૌથી ઠંડું સ્થળ હતું. દક્ષિણ કાશ્મીરમાં વાર્ષિક અમરનાથ યાત્રાનો બેસ કેમ્પ જ્યાં છે તે પહલગામમાં મંગળવાર રાત્રે ન્યૂનતમ

(જુઓ પાનું ૨) ▸▸


સમીર શાહ ના સથવારે...
અમેરિકા ૨૦૨૫
૨૧ રાત / ૨૨ દિવસ
April 17 | May 8, 15, 29 | June 5


Per Adult (2 in 1 Room) = US$ 6800 = ₹5,78,000*
Per Adult (3 in 1 Room) = US$ 6400 = ₹5,44,000*
Per Adult (4 in 1 Room) = US$ 6200 = ₹5,27,000*
Per Child with Bed = US$ 5100 = ₹4,34,000*
ABOVE OFFER VALID TILL 31 JAN. 2025 ONLY
EXCLUDES : Main Flight, 5% GST, 5% TCS, Visa
9769000799
9820026046
Dolphin Tours


# ગુજરાત સહિતનાં રાજ્યોમાં બૅન્કના ખાતાં હેક કરાયા

ઇન્દોર (મધ્ય પ્રદેશ): મધ્યપ્રદેશના ઇન્દોરમાં આઇસીઆઇસીઆઇ બૅન્કની એક બ્રાન્ચમાં કરન્ટ એકાઉન્ટમાં છેતરપિંડી કરી મોંઘા મોબાઇલ ફોન અને અન્ય ઇલેક્ટ્રોનિક ડિવાઇસ અને ડિજિટલ ગોલ્ડ ખરીદવાનો ખુલાસો થતા પોલીસે આ બ્રાન્ચના ત્રણ મેનેજરો સહિત છની ધરપકડ કરી હતી. પોલીસે આ જાણકારી આપી હતી. ગુજરાત સહિતના કેટલાક રાજ્યમાંના બૅન્ક ખાતેદારોના ખાતાં હેક કરાયા હતા.

ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ (ડીસીપી) અભિનય વિશ્વકર્માએ પત્રકારોને જણાવ્યું હતું કે ધરપકડ કરાયેલા આરોપીઓની ઓળખ કમલ કુમાવત, અભિષેક માલવિયા, સ્ટેનલી જેકબ, લવદીપ સિંહ, કૃષ્ણા ઠાકુર અને અરનૂ તરીકે કરવામાં આવી છે. તેમણે કહ્યું કે કુમાવત, માલવિયા અને જેકબ આઇસીઆઇસીઆઇ બૅન્કની આ શાખામાં 'રિલેશનશિપ' મેનેજર તરીકે કાર્યરત છે. જ્યારે અન્ય ત્રણ તેમના સાથી છે.

વિશ્વકર્માએ જણાવ્યું હતું કે આ મેનેજરોએ તેમની કંપનીમાં ઉપયોગમાં લેવાતા સોફ્ટવેરનો દુરુપયોગ કર્યો હતો અને મધ્યપ્રદેશ તેમજ પંજાબ, ગુજરાત અને તેલંગણાના ગ્રાહકોના કરન્ટ એકાઉન્ટ

(જુઓ પાનું ૨) ▸▸

# ડૉલર સામે રૂપિયો ગબડીને નવાં તળિયે

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આંતરરાષ્ટ્રીય સ્તરે ક્રૂડતેલના ભાવમાં વધારો, ડૉલર ઈન્ડેક્સમાં મજબૂતાઈ, સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં નરમાઈ સાથે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલી તેમ જ વર્તમાન નાણાકીય વર્ષમાં આર્થિક વૃદ્ધિદર નીચો રહેવાના અંદાજો જેવાં કારણોસર આજે સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયામાં સતત બીજા સત્રમાં ઑલ ફોલ ડાઉનનું વલણ જળવાઈ રહેતાં રૂપિયો વધુ ૧૩ પૈસા ગબડીને ૮૫.૮૭નાં નવાં તળિયે બંધ રહ્યો હતો.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૮૫.૭૪ના બંધ (જુઓ પાનું ૨) ▸▸

# વક્ફના નામે પડાવેલી જમીન પાછી લઈશું : યોગી આદિત્યનાથ

લખનઊ : ઉત્તર પ્રદેશની રાજ્ય સરકાર વક્ફના નામે પડાવેલી જમીન પાછી મેળવશે એમ મુખ્ય પ્રધાન યોગી આદિત્યનાથે કહ્યું હતું. ખાનગી ન્યૂઝ ચેનલે યોજેલા મહાકુંભ મહાસંમેલનમાં બોલતાં તેમણે દાવો કર્યો હતો કે સનાતન ધર્મની માન્યતા પદ્ધતિ વિશ્વની સૌથી જૂની સંસ્કૃતિનું પ્રતિનિધિત્વ કરે છે અને એની સાથે કોઈ પણ ધર્મ કે સંપ્રદાયની સરખામણી ન થઈ શકે. આદિત્યનાથે કહ્યું હતું કે હું એવો વારસો ધરાવું છું કે જે હજારો વર્ષ જૂનો છે અને તેના સાંસ્કૃતિક અને આધ્યાત્મિક પ્રસંગો પણ એટલા જ પ્રાચીન છે. સનાતનની પરંપરા આકાશથી પણ ઊંચી છે અને કોઈ પણ તુલનાને પર છે. (એજન્સી) ■

# ટેસ્ટના રૅન્કિંગમાં બુમરાહનું જ રાજ: નંબર-વન રૅન્ક જાળવી

દુબઈ: ભારતના ફાસ્ટ બોલર અને હાલમાં ક્રિકેટ જગતમાં કાતિલ બોલિંગથી હરીફ ટીમોના બૅટર્સ પર આતંક ફેલાવનાર જસપ્રીત બુમરાહે આઇસીસી ટેસ્ટ-બોલર્સ રૅન્કિંગમાં મોખરાની રૅન્ક જાળવી રાખી છે. આજે અહીં આઇસીસી દ્વારા જાહેર કરવામાં આવેલા નવા રૅન્કિંગમાં કરીઅર-બેસ્ટ ૯૦૮ રેટિંગ પૉઇન્ટ સાથે અવ્વલ સ્થાને છે.

બુમરાહે તાજેતરમાં સિડનીમાં ઑસ્ટ્રેલિયા સામેની સિરીઝની અંતિમ ટેસ્ટ પહેલાં ૯૦૭મો રેટિંગ પૉઇન્ટ નોંધાવીને ટેસ્ટ રૅન્કિંગ્સમાં ભારત માટે નવો વિક્રમ સ્થાપિત કર્યો હતો. સિડની ટેસ્ટના પહેલા દાવમાં તેણે બે વિકેટ લીધી હતી અને તેના પૉઇન્ટ વધીને ૯૦૮ થઈ ગયા છે. પીઠના દુખાવાને કારણે તેણે બીજી ઇનિંગ્સમાં બોલિંગ નહોતી કરી.

ઑસ્ટ્રેલિયાનો કૅપ્ટન પૅટ કમિન્સ છેલ્લી ટેસ્ટમાં પાંચ વિકેટ લઈને રૅન્કિંગ્સમાં બીજા ક્રમે આવી ગયો છે. સાઉથ આફ્રિકાનો ફાસ્ટ બોલર કેગિસો રબાડા ત્રીજા નંબરે આવી ગયો છે અને ઑસ્ટ્રેલિયાનો જૉશ હૅઝલવૂડ બીજા પરથી ચોથા સ્થાને ધકેલાઈ ગયો છે. સ્પિનર રવીન્દ્ર

(જુઓ પાનું ૨) ▸▸


Bharat Nivesh
YOUNG MINDS
ESSAY COMPETITION
Make your mark!
Participate in the all India essay writing competition and win exciting prizes.
Essay Topic
Importance of Financial Literacy for a Viksit Bharat
For school students of standard 8th to 12th
Last date for submission: 31st January 2025
To participate scan here or visit https://bharat-nivesh.com

MUTUAL FUNDS Sahi Hai
www.mutualfundssahihai.com | Follow us on:
In association with: Dainik Bhaskar GROUP | हिन्दुस्तान
Mutual Fund investments are subject to market risks, read all scheme related documents carefully.


# આંધ્રમાં ₹ બે લાખ કરોડના વિકાસકાર્યનું મોદી દ્વારા લોકાર્પણ

વિશાખાપટનમ : વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે વિશાખાપટનમમાં બે લાખ કરોડ રૂપિયાના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. મોદીએ આંધ્રના મુખ્ય પ્રધાન ચંદ્રાબાબુ નાયડુ સાથે વિશાખાપટનમમાં રોડ શોમાં ભાગ લીધો હતો.

મોદી ૨૦૨૪માં ત્રીજી મુદત માટે વડા પ્રધાન બન્યા ત્યાર બાદ રાજ્યની પહેલી મુલાકાત લીધી હતી. આંધ્રમાં એનડીએનું જોડાણ છે અને એમાં બીજેપી, ટીડીપી અને જનસેના જેવા ઘટકપક્ષો છે. આ ગઠબંધને કેન્દ્રમાં મોદી સરકારની રચનામાં ચાવીરૂપ ભૂમિકા ભજવી હતી.

મોદીએ અમુક પ્રકલ્પોનો શિલાન્યાસ કર્યો હતો અને અમુકનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્રકલ્પોને કેન્દ્ર કે રાજ્ય સરકારે ભંડોળ પૂરું પાડ્યું છે. મોદીએ વિશાખાપટનમમાં રેલવે ઝોન અને એનટીપીસીના અનકાપલ્લી જિલ્લાના નાકાપલ્લી મંડળના પુડીમદકાના ગ્રીન હાઈડ્રોજન હબનો શિલાન્યાસ કર્યો હતો.

ગ્રીન હાઈડ્રોજન હબ એ એનટીપીસી ગ્રીન એનર્જી

(જુઓ પાનું ૨) ▸▸

# ભારતે શેખ હસીનાના વિઝા લંબાવ્યા

નવી દિલ્હી: ભારતે બાંગ્લાદેશના નિર્વાસિત વડા પ્રધાન શેખ હસીનાના વિઝા લંબાવ્યા છે. આ પગલું એવા સમયે લેવામાં આવ્યું છે જ્યારે ઢાકામાં તેના પ્રત્યાર્પણની માગ વધી રહી છે. શેખ હસીના દેશ છોડીને ગયા ઑગસ્ટમાં ભારત આવ્યાં હતાં. ત્યારથી તેઓ ભારતમાં જ છે.

બાંગ્લાદેશમાં વિદ્યાર્થીઓએ તેમની સામે વિરોધ પ્રદર્શન કર્યું હતું. સૂત્રોના જણાવ્યા અનુસાર, તેમના વિઝાને તાજેતરમાં લંબાવવામાં આવ્યા છે, જેથી તેઓ પહેલાંની જેમ ભારતમાં રહી શકે. સૂત્રોએ એ પણ સ્પષ્ટ કર્યું હતું કે ભારતમાં શરણાર્થીઓ માટે કોઈ વિશેષ કાયદો ન હોવાથી ભારતે તેમને આશ્રય આપ્યો નથી. બાંગ્લાદેશની વચગાળાની સરકારે શેખ હસીનાના પ્રત્યાર્પણ માટે ૨૩ ડિસેમ્બરે ભારતના વિદેશ મંત્રાલયને રાજદ્વારી નોંધ મોકલી હતી. ■

# ઈસરોના નવા વડા બનશે ડૉ. વી. નારાયણન

નવી દિલ્હી: કેન્દ્ર સરકારે મંગળવારે ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન (ઈસરો)ના નવા અધ્યક્ષ તરીકે સ્પેસ વૈજ્ઞાનિક વી. નારાયણનની નિમણૂક કરી છે. ડો. વી. નારાયણન ઈસરોના ૧૪ જાન્યુઆરીએ ઈસરોના હાલના વડા એસ. સોમનાથનું સ્થાન લેશે. નારાયણનનો કાર્યકાળ ૨ વર્ષનો રહેશે. તેમને અંતરિક્ષ વિભાગના સચિવ પણ બનાવવામાં આવ્યા છે. સરકારે ૭ જાન્યુઆરીના રોજ એક સૂચના દ્વારા ઈન્ડિયન સ્પેસ રિસર્ચ ઑર્ગેનાઈઝેશન (ઈસરો)ના નવા ચીફના નામની જાહેરાત કરવામાં આવી છે. ઈસરોના જાણીતા વૈજ્ઞાનિક ડો. વી. નારાયણન હાલમાં લિક્વિડ પ્રોપલ્શન સિસ્ટમ્સ સેન્ટરના ડિરેક્ટર છે. લગભગ ચાર દાયકાની તેમની કારકિર્દીમાં, તેમણે ઈસરોમાં ઘણા મુખ્ય હોદ્દાઓ સંભાળ્યા છે. ડો. નારાયણન રોકેટ અને અવકાશયાન પ્રોપલ્શનના નિષ્ણાત છે. ■

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# ટ્રમ્પનો ડોળો કેનેડા પર, આ લોકશાહી દેશનાં લક્ષણ નથી

**અમેરિકાના** નવા ચૂંટાયેલા રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પ એકદમ આક્રમક મૂડમાં છે અને ૨૦ જાન્યુઆરીએ પ્રમુખપદના શપથ લેતાં જ ધડાધડી કરવાની તૈયારી કરીને બેઠા હોય એવું લાગે છે. ટ્રમ્પ અમેરિકામાં આવતા માલ સામાન પર લગાવાતા ટેરિફથી માંડીને ગેરકાયદેસર રીતે રહેતા વિદેશીઓ સહિતના મુદ્દે સપાટો બોલાવવાના મૂડમાં છે પણ સૌથી વધારે ચર્ચા કેનેડા મુદ્દે ટ્રમ્પે લીધેલા વલણની છે.

ટ્રમ્પે કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાના સોગંદ ખાધા હોય એમ એક પછી એક નિવેદન ફટકાર્યા કરે છે ને તેના ભાગરૂપે તેમણે પોતાના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર બે નકશા પોસ્ટ કર્યા છે. આ પૈકી એક નકશામાં ટ્રમ્પે કેનેડાને અમેરિકા તરીકે દર્શાવ્યું છે, જ્યારે બીજા નકશામાં તેમણે કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય દર્શાવ્યું છે. તેના કારણે કેનેડાના નેતા પણ બગડ્યા છે અને ટ્રમ્પને બેફામ જવાબો આપીને ગાળાગાળી શરૂ કરી દીધી છે.

જસ્ટિન ટ્રુડો વડા પ્રધાન હતા ત્યારે કેનેડા વિશે સતત નિવેદનો આપી રહેલા ટ્રમ્પને સહન કર્યા કરતા હતા પણ રાજીનામા પછી તેમની પણ હિંમત ખૂલી ગઈ છે. ટ્રુડોએ કહ્યું છે કે ટ્રમ્પ ભલે ગમે તે સપનાં જોયા કરે પણ કેનેડા અમેરિકાનો હિસ્સો બને એવી કોઈ શક્યતા નથી. ટ્રુડો સરકારમાં વિદેશ મંત્રી મેલાની જોલીએ પણ ટ્વીટ કરી છે કે, રાષ્ટ્રપતિપદે ચૂંટાયેલા ટ્રમ્પની ટિપ્પણીઓ દર્શાવે છે કે, કેનેડાનાં લોકો કેનેડાને મજબૂત દેશ બનાવવા શું શું કર્યું છે તેની ટ્રમ્પને સમજ નથી. અમારું અર્થતંત્ર મજબૂત છે. અમારા લોકો મજબૂત છે અને અમે ધમકીઓ સામે ક્યારેય પીછેહઠ કરીશું નહીં કે ઝૂકીશું પણ નહીં.

કેનેડાના વિપક્ષી નેતા પિયર પોલિવેરે પણ સાફ શબ્દોમાં કહ્યું છે કે, કેનેડા એક મહાન અને સ્વતંત્ર દેશ છે અને અમે અમેરિકાના શ્રેષ્ઠ મિત્રો છીએ પણ ટ્રમ્પ બધું ભૂલી ગયા છે. અમે અમેરિકનોને અલ-કાયદાએ કરેલા નાઈન ઈલેવનના હુમલાનો જવાબ આપવામાં મદદ કરવા માટે અબજો ડૉલર ખર્ચ્યા હતા અને અમારા સેંકડો સૈનિકો અમેરિકા માટે લડતાં શહીદ થયા છે. અમે અમેરિકાને બજાર કિંમત કરતાં ઘણી ઓછી કિંમતે અબજો ડૉલરની ઉચ્ચ ગુણવત્તાની અને સંપૂર્ણપણે ભરોસાપાત્ર ઊર્જા પૂરી પાડીએ છીએ પણ અમેરિકાને આ બધું યાદ નથી.

કેનેડાના ખાલિસ્તાનવાદી નેતા અને નેશનલ ડેમોક્રેટિક પાર્ટી (એનડીપી)ના નેતા જગમીતસિંહ તો સૌથી આક્રમક મૂડમાં છે. ટ્રમ્પને બકવાસ બંધ કરવાની સલાહ આપતાં જગમીતે કહ્યું છે કે, કોઈ કેનેડિયન અમેરિકા સાથે જોડાવા તૈયાર નથી કેમ કે અમને કેનેડિયન હોવાનો ગર્વ છે. જગમીતે તો ચીમકી પણ આપી છે કે, કેનેડાના માલ પર ટેરિફ લાદવાની ધમકીથી કેનેડા નહીં ડરે ને તેનો અમલ કરશો તો તમે પણ ડૂબશો ને અમેરિકનોએ પણ કિંમત ચૂકવવી પડશે.

કેનેડાના નેતાઓનો ગુસ્સો સમજી શકાય એવો છે કેમ કે ટ્રમ્પ સતત કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની ઓફર કર્યા કરે છે ને કોઈ પણ સાર્વભૌમત્વ ધરાવતો દેશ પોતાનું અસ્તિત્વ ખતમ કરીને કોઈ દેશનું સ્ટેટ બનવા તૈયાર ના થાય. ટ્રમ્પ દુનિયાના સૌથી મોટા દેશના પ્રમુખ બનવા જઈ રહ્યા છે ત્યારે નમ્રતાથી વર્તવાના બદલે સાવ છકી ગયેલા નેતાની જેમ વર્તી રહ્યા છે. જસ્ટિન ટ્રુડો નવેમ્બર ૨૦૨૪માં ટ્રમ્પની જીત પછી ફ્લોરિડામાં ટ્રમ્પ સાથે મળ્યા ત્યારે ટ્રમ્પે કેનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય બનાવવાની ઓફર કરી હતી. એ વખતે ટ્રમ્પે આ વાત મજાકમાં કહી હોવાનું સૌને લાગ્યું હતું પણ પછી તરત જ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર આ જ વાત લખી ત્યારે સૌને અહેસાસ થયો કે, ટ્રમ્પ મજાક નહોતા કરતા પણ બદતમીઝી કરી રહ્યા હતા.

કોઈ પણ દેશના વડા બીજા દેશના વડાને મળે ત્યારે બંનેનું સ્ટેટસ એકસરખું જ હોય પણ ટ્રમ્પ આ વાત ભૂલીને જસ્ટિન ટ્રુડોની મજાક પર ઊતરી આવ્યા હતા. ટ્રમ્પે જસ્ટિન ટ્રુડોનો કેનેડાના પ્રાઈમ મિનિસ્ટર તરીકે ઉલ્લેખ કરવાના બદલે કેનેડાના ગવર્નર કહીને અપમાનિત કરી દીધા હતા. ટ્રુડો આ અપમાનનો ઘૂંટડો ગળીને ચૂપ બેસી રહ્યા કેમ કે કેનેડા અને અમેરિકાના ગાઢ અને વરસો જૂના સંબંધો છે. ટ્રુડોની સૌજન્યને ટ્રમ્પે કદાચ નબળાઈ કે કાયરતા સમજી લીધી એટલે પછી વારંવાર આ જ રેકર્ડ વગાડ્યા કરે છે.

રવિવારે કેનેડાના વડા પ્રધાન જસ્ટિન ટ્રુડોના રાજીનામાના કલાકો પછી સોશિયલ મીડિયા પર ફરી લખેલું કે, કેનેડાએ અમેરિકાનું ૫૧મું રાજ્ય બની જવું જોઈએ. ટ્રમ્પે લખેલું કે, અમેરિકા હવે કેનેડા સાથે વધુ વેપાર ખાધ સહન કરી શકશે નહીં અને વધુ સબસિડી પણ આપી શકશે નહીં. કેનેડાને તેનું અસ્તિત્વ ટકાવી રાખવા માટે તેની સખત જરૂર છે અને ટ્રુડો આ જાણતા હતા, તેથી તેમણે રાજીનામું આપ્યું. ટ્રમ્પે વધારામાં લખેલું કે, કેનેડા યુ.એસ.માં જોડાય છે તો અમેરિકા આવતા તેના માલસામાન પર કોઈ ટેરિફ નહીં લાગે, કર મોટા પ્રમાણમાં ઘટાડવામાં આવશે અને કેનેડા રશિયન અને ચીનના જહાજોના ખતરાથી સંપૂર્ણપણે સુરક્ષિત રહેશે. કેનેડાના નેતાઓ ટ્રમ્પની આ ગુસ્તાકી સામે સમસમીને બેસી રહ્યા એટલે ટ્રમ્પે નકશા જાહેર કરવાની અવળચંડાઈ કરી તેમાં કેનેડાના નેતા બગડ્યા છે.

ટ્રમ્પનો ઈરાદો શું છે ને કેનેડાને અમેરિકામાં ભેળવવામાં તેમને શા માટે રસ છે એ સેકન્ડરી મુદ્દો છે પણ મૂળ મુદ્દો તેમની માનસિકતાનો છે. અમેરિકાનો ઈતિહાસ બીજા દેશો પર કબજો કરીને સત્તા જમાવવાનો નથી પણ ટ્રમ્પ તેનાથી અલગ રીતે વર્તી રહ્યા છે. અમેરિકા પોતાને લોકશાહી દેશ ગણાવે છે પણ આ બધી વાતો લોકશાહીને અનુરૂપ નથી. ટ્રમ્પે પહેલાં પનામા કેનાલ અને ફિનલેન્ડ પર કબજો કરવાની વાત પણ કરી હતી. ટ્રમ્પની આ માનસિકતા ખતરનાક છે ને દુનિયાના બીજા દેશોએ પણ તેનાથી ચેતવાની જરૂર છે.

કેનેડા તો ટ્રમ્પનું પાડોશી છે એટલે ટ્રમ્પ તેના પર કબજો કરવાની વાતો કરી રહ્યા છે પણ બીજા દેશો તરફ પણ તેમનું વલણ બહુ વખાણવા જેવું નથી જ. ટ્રમ્પે બ્રિક્સ દેશોને યુએસ ડૉલર સિવાયની કરન્સીમાં ટ્રેડિંગ કરશો તો ૧૦૦ ટકા ટેરિફ લાદવાની પણ ધમકી આપી છે. ટ્રમ્પે કહ્યું કે, અમને બ્રિક્સ દેશો પાસેથી એવી ગેરંટી જોઈએ છે કે તેઓ વેપાર માટે અમેરિકી ડૉલરની જગ્યાએ કોઈ નવું ચલણ નહીં બનાવે અને ન તો અન્ય કોઈ દેશના ચલણમાં વેપાર કરશે.

આ લુખ્ખી દાદાગીરી છે ને ટ્રમ્પની માનસિકતા જોતાં એ પોતાનો સ્વભાવ બદલી શકે તેમ નથી. આ સંજોગોમાં ટ્રમ્પ પ્રમુખ બને પછી દુનિયામાં ઘમાસાણ મચશે તેમાં શંકા નથી. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

(સૌર હેમંતઋતુ પ્રારંભ), ગુરુવાર, તા. ૯-૧-૨૦૨૫

- ભારતીય દિનાંક ૧૯, માહે પૌષ, શકે ૧૯૪૬
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, પૌષ સુદ – ૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે પૌષ, તિથિ સુદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૨૮મો જમીઆદ, માહે ૫મો અમરદાદ, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૨૮મો જમીઆદ, માહે ૬ઠ્ઠો શહેરેવર, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૨૪મો દીન, માહે ૧૦મો દએ, સને ૧૩૯૩
- મુસ્લિમ રોજ ૮મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૧૦મો, માહે ૭મો રજ્જબ, સને ૧૪૪૬
- નક્ષત્ર ભરણી બપોરે ક. ૧૫-૦૬ સુધી, પછી કૃત્તિકા.
- ચંદ્ર વૃષભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ વૃષભ (બ, વ, ઉ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૭ મિ. ૧૫ અમદાવાદ ક. ૦૭ મિ. ૨૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૧૫, અમદાવાદ ક. ૧૮ મિ. ૦૯, સ્ટા. ટા.
- -: મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ :-
- ભરતીઃ સવારે ક.૬-૪૪, રાત્રે ક. ૨૦-૫૧

ઓટઃ બપોરે ક. ૧૩-૪૬, મધ્યરાત્રિ પછી ક. ૦૨-૩૯ (તા.૧૦)

- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૬, 'ક્રોધી' નામ સંવત્સર, પૌષ શુક્લ – દસમી.
- શુભાશુભ દિશુદ્ધિઃ સામાન્ય દિવસ.
- મુહૂર્ત વિશેષઃ શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, યમ દેવતાનું પૂજન, ગુરુ-શુક્ર દેવતાનું પૂજન, આમલીનું વૃક્ષ વાવવું. માલ વેચવો, ખેતીવાડીનાં કામકાજ, ધાન્ય ઘરે લાવવું. અગ્નિ પૂજા, સૂર્ય પૂજા, ઉંબરાનું વૃક્ષ વાવવું, પશુ લેવડ દેવડનાં કામકાજ.
- આચમનઃ બુધ-રાહુ ચતુષ્કોણ કઠોર મનનાં, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ સર્વાંગી ઉદય, ચંદ્ર-હર્ષલ યુતિ અણધાર્યા ફેરફાર આવે.

ખગોળ જ્યોતિષઃ બુધ-રાહુ ચતુષ્કોણ, ચંદ્ર-સૂર્ય ત્રિકોણ, ચંદ્ર-હર્ષલ યુતિ.

- ગ્રહગોચરઃ સૂર્ય-ધનુ. વક્રી મંગળ-કર્ક, બુધ-ધનુ, વક્રી ગુરુ-વૃષભ, શુક્ર- કુંભ, માર્ગી શનિ-કુંભ, રાહુ-મીન, કેતુ-કન્યા, વક્રી હર્ષલ-મેષ. માર્ગી નેપ્ચ્યુન-મીન, માર્ગી પ્લુટો-મકર. ■

## મુખ્બિરે ઈસ્લામ

અનવર વલિયાણી
anwar.v@bombaysamachar.com

# શાંતિ - શુકુનની તલાશમાં છો? આ રહ્યો તેનો આસાન નુસ્ખો

જનાબ જલન માતરી સાહેબની શે'રની બે પંક્તિઓ પ્રસ્તુત લેખના વિષયને અનરૂપ થઈ પડશેઃ

અસલ વસ્તુને કેવળ હોય છે
વળગાડ કષ્ટોનું,
નકલી ગુલાબમાં
કાંટા નથી જોયા.

- એક પરિવાર છે. આ પરિવારમાં બહુ ઓછા મતભેદ થાય છે. આ પરિવારના મુખિયાને તેનું કારણ પૂછતા તેમણે ઘણી સરસ વાત કરી. એ કહે અમારા પરિવારમાં દરેક વ્યક્તિને બે વાત શીખવવામાં આવે છેઃ

૧- નાના હોય તેને પ્રેમ કરવો,
૨- મોટા હોય તેનો આદર કરવો.

- ઘરની પ્રત્યેક વ્યક્તિ આ વાત સારી રીતે સમજે છે અને તે પ્રમાણે વર્તન કરે છે.
- આ બે નિયમોથી સઘળા લોકોની અપેક્ષા સંતોષાઈ જાય છે.
- એ વડીલ કહે ઘર હોય કે કામ! દરેક વ્યક્તિની ભૂમિકા સ્થાપિત થઈ જાય પછી વાંધો ન આવે.
- મારે શું કરવાનું છે?
- મારી જવાબદારી કેટલી?
- એટલું સમજી જાય તેને વધુ આપદા નથી પડતી
- આપદાઓ ત્યારે જ ઊભી થાય છે જ્યારે માણસ અન્યનાં કામોમાં ચંચુપાત કરે છે.
- દખલબાજી કરે છે.
- આપણે મોટેભાગે બીજાના કામ પર નજર રાખીએ છીએ.
- એણે આ ખોટું કર્યું,
- તેણે યોગ્ય નથી કર્યું,
- આપણે બીજાનાં કામોના ન્યાયાધીશ બની જઈએ છીએ.
- બહુ ઓછા લોકો પોતાના કામ પર નજર રાખે છે.
- મેં કર્યું તે બરાબર છે?
- હું જે કરું છું તે મારા માટે શોભાસ્પદ છે?
- આ ઉત્તરો જો માણસ પ્રાપ્ત કરી શકે તો ઘણી સમસ્યાઓ ઉકલી જાય.
- આપણે બીજાનો ચોકી-પહેરો કરીએ છીએ અને આપણી જાતને રેઢી મૂકી દઈએ છીએ.
- કોઈ કામ મોટું નથી અને
- કોઈ કામ નાનું નથી.
- સમજવા જેવી વાત છે કે
- દરેક કામ મહાન છે.
- દરેક કામનું મહત્ત્વ છે અને
- દરેક કામ જરૂરી છે.
- એક બોલ્ટ નીકળી જાય તો આખું યંત્ર તૂટી પડે. બોલ્ટ દેખાવમાં ભલે નાનો હોય પણ તેનું કામ યંત્રના બે ભાગોને જોડી રાખવાનું છે. આપણે તે બોલ્ટ કે નાની વ્યક્તિની કદર કરીએ છીએ?
- તમારા કાર્યાલયમાં કે દુકાનમાં જે વ્યક્તિઓ નાના-મોટા કામ કરે છે તે ન હોય તો શું થાય? તેનો વિચાર ક્યારે પણ કર્યો છે?
- ઘર હોય, નોકરી-ધંધો હોય કે સમાજ હોય! દરેકના કામની કદર કરવાની વાત હંમેશાં હૈયે હોવી જોઈએ.
- બીજા દરેકને પોતાનું કામ કરવા દ્યો. સાથે
- તમે એ જ કરો જે તમારે કરવાનું છે.
- અમદાવાદના ઝૈનભાઈએ પોતાના જીવનની એક સરસ વાત ઈમેલથી મોકલી છેઃ
- તેમનો પુત્ર ઝીયા માંદો પડ્યો. ચિકિત્સકે નિદાન કર્યું કે ઝીયાને મેનેન્જાઈટીસ થયો છે. તેને કારણે તેની આંખો નબળી પડી ગઈ છે. ભય હતો કે તેની આંખો સદાને માટે ચાલી જશે. ઝૈનભાઈ અને તેમનાં પત્ની સતત ચિંતા-ફિકરમાં રહેતાં હતાં.
- ઝીયાને બતાવવા ઝૈનભાઈ દવાખાને ગયા.
- ખાનગી દવાખાનાના રાહકક્ષામાં બેસી તેઓ પોતાના વારાની રાહ જોઈ રહ્યા હતા. એવામાં એક અપંગ અને અણસમજુ દેખાતો બાળક દવાખાનામાં દાખલ થયો. તેના હાથમાં અગરબત્તીના પડીકાં હતાં. તે બધાને પૂછવા લાગ્યો કે અગરબત્તી લેવી છે?
- બાળકને જોઈને રિશેસ્પશન કાઉન્ટર પરના માણસે રાડ પાડી, 'તું પાછો આવી ગયો? ચાલ બહાર નીકળ...!'
- બહુ ખરાબ રીતે તેણે બાળકને તતડાવ્યો.
- ઝૈનભાઈએ એ બાળકને પૂછ્યું તને આટલી ખરાબ રીતે ખખડાવે છે તો પણ તું શા માટે અહીં આવે છે?
- અણસમજુ દેખાતા એ બાળકે બહુ મોટી વાત કરી દીધી.
- બાળક કહે હું મારું કામ કરું છું અને તે તેનું કામ કરે છે. મારું કામ છે અગરબત્તી વેચવાનું એટલે હું અગરબત્તી વેચું છું. તેનું કામ છે મને કાઢી મૂકવાનું એટલે તે મને કાઢી મૂકે છે.
- બાળકે વાત આગળ વધારતા કહ્યું, હું અપંગ છું. ગઈકાલે મારે ઘરે જવામાં મોડું થયું. ઘરે પહોંચ્યો ત્યારે મા રડતી હતી. તેને પૂછતાં તે કહે મને તારી ચિંતા થતી હતી. તને કંઈ થઈ જાય તો?
- બાળકે તેની માને કહ્યું કે તે કામ તારું નથી તું ઘરનું ધ્યાન રાખે છે. જમવાનું બનાવે છે. તારા બદલે હું જમવાનું બનાવું તો તને ગમે. ના ગમે ને? મારી ચિંતા કરવાનું કામ અલ્લાહનું છે. અલ્લાહનું કામ અલ્લાહને કરવા દે. અલ્લાહના કામમાં દખલ કરીશ તો અલ્લાહને પણ નહીં ગમે.

ઝૈનભાઈ કહે છે કે બાળક તો આટલી વાત કહીને ચાલ્યો ગયો. પણ મને આખી જિંદગી કામ લાગે તેઓ પાઠ શીખવાડી ગયો.

- હું સાવ હળવો થઈ ગયો.
- મને વિચાર આવ્યો કે હું દીકરાની ચિંતા ખોટી કરું છું. એ કામ મારું નથી.
- મારું કામ તો ઉચ્ચતમ ઈલાજ કરાવવાનો છે.
- તેનું જતન કરવાનું અને તેને પોતાની પીડામાં રાહત થાય તેવા પ્રયત્ન કરવાનું છે.
- હું મારું કામ કરું અને બીજું કામ જેનું છે તેના પર છોડી દઉં.
- અલ્લાહે તેનું કામ કર્યું.
- ઝૈનભાઈ અને તેમના પત્ની કહે છે કે એ અપંગ બાળકની વાત અમને ડગલેને પગલે કામ આવી છે.

બોધઃ

* આમાલ અર્થાત કર્મના સિદ્ધાંતમાં એક વાત અદૃશ્ય રીતે કહેવામાં આવી છે.
* કર્મ - કામ કરશો એટલે ફળ મળવાનું જ છે.
* સારા કામ માટે સારું અને
* ખરાબ કામ માટે ખરાબ ફળ પ્રાપ્ત થશે.
* તમારા કામને ઓળખો.
* તમારા કામનો આનંદ માણો.
*બસ, એટલું તપાસતા રહો કે મારે જે ભૂમિકા ભજવવાની છે તે મારી મહત્તમ શક્તિ અને નિષ્ઠાથી ભજવું.
* તેમાં જ તમારું ગૌરવ છે.

– આબિદ લાખાણી

* * *

**સાપ્તાહિક સંદેશ**

* જો કોઈ દિવસ શરીરના એક ભાગને દર્દ થાય, તો બીજા ભાગો પણ બેચેન થઈ જાય છે.
* જો બીજાની તકલીફથી તને કાંઈ ગમ ન થાય તો તુ ઈન્સાન કહેવાના લાયક નથી.

– શેખ સાદ્દી સા'બના એક શે'રનો ફારસીમાંથી ગુજરાતીમાં ભાવાનુવાદ ■

## પહેલા પાનાનું ચાલુ

### ચૂંટણીઓ એકસાથે

૫૪૩ બેઠકો પર સૌપ્રથમ વખત ઈવીએમનો ઉપયોગ કરવામાં આવ્યો હતો અને તેના કારણે ખર્ચમાં ઘટાડો થયો હોવાનું માનવામાં આવે છે.

સૂત્રોએ જણાવ્યું હતું કે ભાજપના સાંસદોએ એ આરોપોનો જવાબ આપ્યો હતો કે 'વન નેશન-વન ઈલેક્શન' પ્રસ્તાવે અનેક રાજ્ય વિધાનસભાઓને જલદી ભંગ કરવા અને તેમના કાર્યકાળને લોકસભાની સાથે નક્કી કરવાની આવશ્યકતા બતાવીને બંધારણીય મૂલ્યોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. ભાજપના સાંસદ સંજય જયસ્વાલે એ વાતનો ઉલ્લેખ કર્યો હતો કે ૧૯૫૭માં સાત રાજ્યોની વિધાનસભાઓને સમય કરતાં વહેલા ભંગ કરી દેવામાં આવી હતી જેથી સુનિશ્ચિત કરી શકાય કે તમામ રાજ્યોની ચૂંટણીઓ લોકસભા ચૂંટણી સાથે યોજી શકાય. તેમણે સવાલ કર્યો હતો કે શું તત્કાલીન રાષ્ટ્રપતિ રાજેન્દ્ર પ્રસાદ અને તત્કાલીન નેહરુ સરકારમાં સામેલ અન્ય પ્રતિષ્ઠિત ન્યાયશાસ્ત્રીઓએ બંધારણનું ઉલ્લંઘન કર્યું હતું?

સૂત્રોના જણાવ્યા અનુસાર બીજેપીના અન્ય સાંસદ વી.ડી. શર્માએ કહ્યું કે એકસાથે ચૂંટણીનો વિચાર લોકપ્રિય લાગણીને દર્શાવે છે. તેમણે એમ પણ કહ્યું કે ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ રામનાથ કોવિંદના નેતૃત્વ હેઠળની ઉચ્ચ સ્તરીય સમિતિએ જનતા વચ્ચે ૨૫,૦૦૦થી વધુ લોકોની સલાહ લીધી હતી, જેમાં મોટા ભાગના લોકોએ આ વિચારને સમર્થન આપ્યું હતું.

ભાજપના સાંસદોએ એ વાતનો ફરીથી ઉલ્લેખ કર્યો હતો કે સતત ચૂંટણીનું ચક્ર દેશનો વિકાસ અવરોધે છે અને સરકારી તિજોરી પર બોજ નાખે છે. તેમણે કહ્યું કે 'એક દેશ-એક ચૂંટણી' પ્રગતિ અને વિકાસને પ્રોત્સાહન આપશે.

શિવસેનાના સાંસદ શ્રીકાંત શિંદેએ મહારાષ્ટ્રનો કિસ્સો ટાંક્યો હતો. જ્યાં થોડા મહિનાની અંદર લોકસભા, વિધાનસભા અને સ્થાનિક સંસ્થાઓની ચૂંટણીઓ યોજાય છે. શિંદેએ ભારપૂર્વક જણાવ્યું હતું કે આનાથી વિકાસ કાર્યો પાટા પરથી ઊતરી જાય છે કારણ કે સમગ્ર રાજ્યનું તંત્ર ચૂંટણી યોજવામાં વ્યસ્ત થઈ જાય છે. કૉંગ્રેસ, ડીએમકે અને તૃણમૂલ કૉંગ્રેસ સહિતના કેટલાક વિપક્ષી સાંસદોએ તેમના પક્ષોનાં મંતવ્યોને જણાવ્યાં હતાં કે પ્રસ્તાવિત કાયદાઓ બંધારણની વિરુદ્ધ છે અને તેના મૂળભૂત માળખા તેમ જ સંઘવાદ પર હુમલો છે. ટીએમસીના એક સાંસદે કહ્યું હતું કે પૈસા બચાવવા કરતાં લોકોના લોકતાંત્રિક અધિકારો જાળવવા વધુ મહત્ત્વપૂર્ણ છે.

કેટલાક વિપક્ષી સાંસદોએ માગ કરી હતી કે ભૂતપૂર્વ કેન્દ્રીય પ્રધાન પીપી ચૌધરીના નેતૃત્વ હેઠળની સંસદની સંયુક્ત સમિતિને વિષયની વિશાળતાને ધ્યાનમાં રાખીને ઓછામાં ઓછો એક વર્ષનો કાર્યકાળ આપવામાં આવે. ■

### ડૉલર સામે રૂપિયો

સામે નરમાઈના અન્ડરટોને ૮૫.૮૨ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૮૫.૮૯ અને ઉપરમાં ૮૫.૮૨ની રેન્જમાં અથડાઈને અંતે ગઈકાલના બંધ સામે ૧૩ પૈસાના ગાબડાં સાથે ૮૫.૮૭ના મથાળે બંધ રહ્યો હતો. અત્રે નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયામાં છ પૈસાનો ઘટાડો નોંધાયો હતો.

આજે વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સ ૦.૩૫ ટકાના બાઉન્સબૅક સાથે ૧૦૮.૭૬ આસપાસ ક્વૉટ થઈ રહ્યો હતો તેમ જ અમેરિકી ૧૦ વર્ષીય બૉન્ડની યિલ્ડ પણ વધીને ૪.૬૭ ટકા સુધી પહોંચી હતી અને બ્રેન્ટ ક્રૂડતેલના વાયદામાં ભાવ ૦.૯૦ ટકા ઉછળીને બેરલદીઠ ૭૭.૭૪ ડૉલર આસપાસ ક્વૉટ થયા હોવાથી રૂપિયો દબાણ હેઠળ આવ્યો હતો. વધુમાં સ્થાનિક સ્તરે આજે બીએસઈ બૅન્ચમાર્ક સેન્સેક્સ અને એનએસઈ બૅન્ચમાર્ક નિફ્ટીમાં અનુક્રમે ૫૦.૬૨ પૉઈન્ટનો અને ૧૮.૯૫ પૉઈન્ટનો જોવા મળેલો ઘટાડો અને ગઈકાલે વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ઈક્વિટીમાં રૂ. ૧૪૯૧.૪૬ કરોડની ચોખ્ખી વેચવાલી રહી હોવાના નિર્દેશ તથા વર્તમાન નાણાકીય વર્ષમાં દેશનો આર્થિક વૃદ્ધિદર ગત નાણાકીય વર્ષનાં ૮.૨ ટકા સામે ઘટીને ચાર વર્ષની નીચી ૬.૪ ટકાની સપાટીએ રહેવાના નેશનલ સ્ટેટેસ્ટિકલ ઑફિસે પ્રાથમિક અંદાજો મૂકતાં ગબડતા રૂપિયાને ઢાળ મળ્યો હોવાનું ફોરેક્સ ટ્રેડરોએ જણાવ્યું હતું. ■

### ટેસ્ટના રૅન્કિંગમાં

જાડેજા ટૉપ-ટેન બોલર્સમાં બીજો ભારતીય છે. તે દસમા સ્થાન પરથી હવે ઑસ્ટ્રેલિયાના ફાસ્ટ બોલર સ્કૉટ બૉલેન્ડ સાથે સંયુક્ત રીતે નવમા નંબરે છે. બૉલેન્ડે સિડનીની આખરી ટેસ્ટમાં કુલ ૧૦ વિકેટ (૪/૩૧ અને ૬/૪૫) લઈને ભારતીય ટીમને હરાવવામાં સૌથી મોટી ભૂમિકા ભજવી હતી.

ટેસ્ટ-બૅટિંગના રૅન્કિંગ્સમાં રિષભ પંતે ઘણી પ્રગતિ કરી છે. સિડની-ટેસ્ટના બીજા દાવમાં તેણે ૩૩ બૉલમાં આક્રમક ૬૧ રન બનાવ્યા હતા જે બદલ તે ત્રણ ક્રમ ઉપર આવીને ટૉપ-ટેનમાં આવી ગયો છે. તે નવમા સ્થાને છે. યશસ્વી જયસ્વાલે ચોથો ક્રમ જાળવી રાખ્યો છે.

સાઉથ આફ્રિકાનો કૅપ્ટન ટેમ્બા બવુમા (૧૦૬ રન) પાકિસ્તાન સામે તાજેતરની કેપ ટાઉન ટેસ્ટના પ્રથમ દાવમાં સેન્ચુરી ફટકારીને ત્રણ સ્થાન આગળ આવી ગયો છે. તે કરીઅર-બેસ્ટ ૭૬૯ના રેટિંગ પૉઇન્ટ સાથે હવે છઠ્ઠા નંબરે છે. ઇંગ્લૅન્ડનો જો રૂટ હજી પણ બૅટિંગમાં પ્રથમ સ્થાને છે. ■

### ગુજરાત સહિતના

હેક કર્યા હતા. ડીસીપીએ કહ્યું હતું કે, આરોપીઓએ આ સોફ્ટવેરની મદદથી એવા કરન્ટ એકાઉન્ટ્સ શોધી કાઢ્યા જેમાં વધુ પૈસા જમા કરવામાં આવ્યા હતા. તેઓએ તેમના યુઝર આઈડી જોઈને આ એકાઉન્ટ્સના પાસવર્ડ બદલી નાખ્યા અને આ એકાઉન્ટ્સમાં લોગ ઈન કરીને તેઓએ મોંઘા મોબાઈલ ફોન, ઘડિયાળો અને અન્ય ઈલેક્ટ્રોનિક સામાન ખરીદ્યા હતા.

તેમણે જણાવ્યું કે આરોપીઓએ આ એકાઉન્ટ્સ હેક કર્યા બાદ ગિફ્ટ કાર્ડ અને ડિજિટલ ગોલ્ડ પણ ખરીદ્યું હતું અને તેને વેચીને મળેલી રકમ તેમના અંગત ખાતામાં ટ્રાન્સફર કરી હતી. વિશ્વકર્માએ કહ્યું કે આરોપીઓ બેન્કના ગ્રાહકો સાથે કરોડો રૂપિયાની છેતરપિંડી કરી રહ્યા હોવાની આશંકા છે. તેમણે કહ્યું હતું કે, છેતરપિંડીનો ભોગ બનેલા બેન્કના ગ્રાહકોને લગભગ ૫૨ લાખ રૂપિયાની રકમ પરત કરવામાં આવી છે. આરોપીઓના બેન્ક ખાતામાંથી લેવડદેવડ પર રોક લગાવી દેવામાં આવી છે. ડીસીપીએ જણાવ્યું કે આરોપીઓ પાસેથી લગભગ ૨૦ લાખ રૂપિયાનો સામાન મળી આવ્યો છે, જેમાં મોંઘા મોબાઈલ ફોન, ઘડિયાળો અને 'ગેમિંગ પ્લે સ્ટેશન'નો સમાવેશ થાય છે.

તેમણે કહ્યું હતું કે પોલીસને ગેરમાર્ગે દોરવા માટે આરોપીઓએ તેલંગણામાંથી છેતરપિંડી કરી સિમકાર્ડ ખરીદ્યા અને રૂપિયા ઉપાડ્યા પછી આ સિમકાર્ડ પાછા તેલંગણા મોકલી દીધા અને તેનો નાશ કર્યો હતો. ■

### આંધ્રમાં

ઈકોસિસ્ટમ અને ન્યૂ એન્ડ રીન્યુએબલ એનર્જી ડેવલપમેન્ટ કોર્પોરેશન ઑફ આંધ્ર પ્રદેશની સંયુક્ત પહેલ છે. ભારતના ગ્રીન એનર્જીના લેન્ડસ્કેપમાં આ મહત્ત્વનું સીમાચિહ્ન છે. આ પ્રોજેક્ટ ગંગાવરમ બંદરની નજીક ૧,૨૦૦ એકરની જમીનમાં પાર પાડવામાં આવશે. હબ ગ્રીન એમોનિયા, ગ્રીન મીથેનોલ અને યુરિયા જેવા ગ્રીન રસાયણોનું ઉત્પાદન કરશે. ડેવલપમેન્ટ પ્લાનમાં ૩૦૦ એકરની જમીનમાં ૨૫ ઈન્ડસ્ટ્રિયલ મેન્યુફકચરિંગ યુનિટનું સર્જન અને બીજા ૩૦૦ એકરમાં વિવિધ સુવિધા, યુટિલિટી અને માળખાકીય સગવડો ઊભી કરાશે. મોડ, ઈન્ડસ્ટ્રિયલ હબ, વીજળી અને પાણીની સુવિધા, ડીસેલિનેશન પ્લાન્ટ, બંદરના ઈન્ફ્રાસ્ટકચર અને કેમિકલ સ્ટોરેજનો આમાં સમાવેશ થાય છે. વડા પ્રધાને કૃષ્ણપટનમ ઈન્ડસ્ટરીયલ હબનું ઓનલાઈન ઉદ્ઘાટન કર્યું હતું. ૧,૫૧૮ કરોડ રૂપિયાનો પ્રોજેક્ટ ૨૫૦૦ એકર જમીન પર આકાર લેશે. આનાથી ૫૦,૦૦૦ લોકોને રોજગાર મળશે. મોદીએ આ સાથે નાકાપલ્લી ખાતેના બલ્ક ડ્રગ પાર્કનું ઈનોગ્રેશન કર્યું હતું. મોદી ખાસ વિમાનમાં બપોરે વિશાખપટનમ આવ્યા હતા. તેમણે પછી ભાગ લીધેલા રોડ શોમાં નાયડુ અને નાયબ મુખ્ય પ્રધાન પવન કલ્યાણ હાજર રહ્યા હતા. નાયડુએ કહ્યું હતું કે મોદીએ બે લાખ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ કર્યું હતું. આ રાજ્યને પ્રગતિના પંથે લઈ જશે. (એજન્સી) ■

### ઉત્તર ભારતમાં

તાપમાન માઈનસ ૮.૨ ડિગ્રી સેલ્સિયસ હતું. સોમવારે રાત્રે અહીં તાપમાન માઈનસ ૭.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન ખાતાએ આગામી થોડા દિવસ માટે સુક્કા હવામાનની આગાહી કરી છે અને શનિવારે છુટાછવાયાં સ્થળોમાં વરસાદ કે હિમવર્ષા પડે એવી સંભાવના દર્શાવી છે. હવામાન ખાતાએ ખીણમાં તાપમાન હજી નીચે જશે એવી આગાહી કરી છે. દરમિયાન સિક્કિમના ટેકરીવાળા વિસ્તારોમાં ભારે હિમવર્ષા પડી હતી. મંગળવારે સાંજે હિમવર્ષા પડતાં તાપમાનમાં મોટો ઘટાડો થયો હતો. પંજાબ અને હરિયાણામાં ઠંડીનું મોજું બરકરાર રહ્યું છે. બન્ને રાજ્યોમાં અનેક વિસ્તારોમાં ગાઢ ધુમ્મસ દેખાયું હતું. હવામાન ખાતાના અધિકારીઓએ જણાવ્યું હતું કે પંજાબમાં ગાઢ ધુમ્મસને લીધે દૃષ્ટિગોચરતા શૂન્યની હતી. લુધિયાણા અને પતિયાળામાં દૃષ્ટિગોચરતા અનુક્રમે ૨૦ મીટર અને ૧૦ મીટરની હતી.

ઝારખંડના અનેક વિસ્તારો કાતિલ ઠંડીની પકડમાં આવ્યા હતા. લાતેહર રાજ્યમાં સૌથી ઠંડુ સ્થળ હતું. ત્યાં તાપમાન ૬.૫ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. હવામાન ખાતાએ કહ્યું હતું કે ૧૦ જાન્યુઆરી સુધી ઠંડીનું જોર રહેશે. ૧૧ જાન્યુઆરી પછી વેસ્ટર્ન ડિસ્ટરબન્સને લીધે લઘુતમ તાપમાન દેશના વાયવ્ય વિસ્તારોમાં ઊંચું જશે.

રાજસ્થાનના ભાગોમાં કાતિલ ઠંડી બરકરાર રહી હતી. સિકાર જિલ્લાના ફતેહપુરમાં રાત્રીનું તાપમાન ૧.૧ ડિગ્રી સેલ્સિયસ થઈ ગયું હતું. છેલ્લા ૨૪ કલાકમાં હવામાન સૂકું રહ્યું હતું અને અમુક વિસ્તારો ઠંડીના પકડમાં હતા. (એજન્સી) ■

# બુલઢાણાનાં ગામોમાં લોકોને રાતોરાત ટાલ પડવા માંડી

## સત્તાવાળાઓ પણ ચિંતામાં: કારણ શોધવા ગામોને પૂરાં પડાતાં પાણીની ચકાસણી શરૂ કરાઈ

બુલઢાણા: મહારાષ્ટ્રના બુલઢાણા જિલ્લાના અનેક ગામના લોકોએ અચાનક વાળ ખરવાની ફરિયાદ કરી છે. વાળ ખરવાના કારણે થોડા જ દિવસોમાં ટાલ પડી ગઈ છે. પરિણામે સત્તાવાળાઓએ સંભવિત દૂષણ માટે સ્થાનિક જળસ્રોતોનું પરીક્ષણ શરૂ કર્યું છે.

આ મામલો સામે આવ્યા બાદ મંગળવારે આરોગ્ય વિભાગની ટીમે ગામડાઓમાં સર્વે શરૂ કર્યો હતો. અસરગ્રસ્ત લોકોની તબીબી સારવાર શરૂ કરવામાં આવી હોવાનું શેગાંવના આરોગ્ય અધિકારી ડો.દીપાલી બહેકરે બુલઢાણામાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું.

જિલ્લા પરિષદના આરોગ્ય વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્વે દરમિયાન શેગાંવ તાલુકાના કલવડ, બોન્ડગાંવ અને હિંગણા ગામના ૩૦ લોકો વાળ ખરવાની સમસ્યા અને ટાલથી પીડાતા હોવાનું જાણવા મળ્યું હતું એમ અધિકારીઓએ જણાવ્યું હતું.

સંભવિત દૂષણની તપાસ માટે આ ગામોમાંથી પાણીના નમૂના પણ પરીક્ષણો માટે મોકલવામાં આવી રહ્યા છે એમ જિલ્લા પરિષદના આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઈ) ■

# ભવિષ્યમાં ભાઉ દાજી લાડ મ્યુઝિયમ આકર્ષણનું કેન્દ્ર બનશે: મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: કોઈપણ શહેરની સમૃદ્ધિ ત્યાં રહેતા શ્રીમંતો દ્વારા જોવામાં આવતી નથી, મોટી ઇમારતો દ્વારા નહીં, પરંતુ તેના સંગ્રહાલયો દ્વારા માપવામાં આવે છે. વિશ્વના તમામ સારા શહેરોમાં મહાન સંગ્રહાલયો છે. એમ જણાવતાં મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે ભારપૂર્વક કહ્યું હતું કે, તેઓ આટલું મહાન મ્યુઝિયમને ખુલ્લું મૂકીને ખૂબ જ ખુશ છે.



જિર્ણોદ્ધાર કરાયેલા ડો. ભાઉ દાજી લાડ મ્યુઝિયમને બુધવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે ફરી ખૂલ્લું મૂકવામાં આવ્યું હતું. (જયપ્રકાશ કેળકર)

બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા જિર્ણોદ્ધાર કરાયેલા ડો. ભાઉ દાજી લાડ મ્યુઝિયમનું મુખ્ય પ્રધાન ફડણવીસના હસ્તે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું.

મ્યુઝિયમ દ્વારા દેશની સંસ્કૃતિ, લોકોના જીવન અને ઈતિહાસ તેમ જ શહેરને જાણી શકાય છે, એમ જણાવતા મુખ્ય પ્રધાન ફડણવીસે ઉમેર્યું હતું કે, મ્યુઝિયમ બનાવવાનો હેતુ જ ભાવિ પેઢીને આપણો ઐતિહાસિક વારસો જોવા મળે તેવો હોય છે. ભવિષ્યની પેઢીએ અત્યાર સુધી થયેલા વિકાસ અને પરિવર્તનોને સમજવા જરૂરી છે. ■

# શરદ પવારના સાંસદોને ફોડવાનો અજિત પવારના પક્ષનો પ્રયાસ: રાઉત-આવ્હાડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે બુધવારે એવો દાવો કર્યો હતો કે અજિત પવારના નેતૃત્વ હેઠળના રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (યુબીટી) હરીફ એનસીપી (એસપી)માં પક્ષપલટો કરાવવાનો પ્રયાસ કરી રહી છે અને તેના નેતાઓને કેન્દ્રીય પ્રધાનમંડળમાં સ્થાન આપવાનું વચન આપી રહ્યા છે. એનસીપીના નેતા અમોલ મિટકરીએ કહ્યું હતું કે શરદ પવારના નેતૃત્વ હેઠળના એનસીપીના કેટલાક લોકસભા સભ્યો મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવારના સંપર્કમાં છે તે પછી રાઉતની આ ટિપ્પણી આવી છે. એનસીપી (એસપી)ના વિધાનસભ્ય અને રાજ્યના ભૂતપૂર્વ પ્રધાન જિતેન્દ્ર આવ્હાડે પણ એવો આરોપ લગાવ્યો હતો કે અજિત પવારના નેતૃત્વ હેઠળના એનસીપીના રાજ્ય એકમના પ્રમુખ સુનિલ તટકરેએ હરીફ જૂથના સાંસદોને 'પિતા અને પુત્રીને છોડી દેવા' કહ્યું હતું, જે સ્પષ્ટપણે શરદ પવાર અને તેમની પુત્રી તેમ જ બારામતીના સાંસદ સુપ્રિયા સુળેનો ઉલ્લેખ કરે છે. ■




# ભાણેજના પોતાની મરજી વિરુદ્ધ લગ્ન: મામાએ મહેમાનોના ભોજનમાં ઝેર ઘોળ્યું

કોલ્હાપુર : મહારાષ્ટ્રના કોલ્હાપુરમાં એક વ્યક્તિએ ભાણેજના રિસેપ્શનમાં બનાવેલા ભોજનમાં ઝેર ભેળવી દીધું હતું, કારણ કે તે તેના લગ્નની વિરુધ્ધ હતો, એમ પોલીસે જણાવ્યું હતું.

જો કે, કોઈ વ્યક્તિએ તે ખોરાક લીધો ન હતો. ખોરાકના સેમ્પલ પરીક્ષણ માટે મોકલવામાં આવ્યા છે.

પન્હાલા તહસીલ હેઠળના ઉત્રે ગામમાં બનેલી આ ઘટનામાં કેટલાક લોકોએ આરોપીને પકડી લીધો હતો, પરંતુ તે લોકોની ગિરફ્ત છોડીને ભાણેજ થોડા સમય પહેલા પરિવારની મંજૂરી વિના ભાગવામાં સફળ રહ્યો હતો. ગામની એક વ્યક્તિ સાથે લગ્ન કર્યા હતા અને આથી પાટીલ નારાજ હતો. આ જ કારણસર તે આ લગ્નમાં વિના આમંત્રણે આવ્યો હતો અને ભોજનમાં ઝેર ભેળવ્યું હતું.

પન્હાલા પોલીસે ઉત્રે ગામના રહેવાસી અને યુવતીના મામા મહેશ પાટીલ વિરુદ્ધ લોકોના જીવને જોખમમાં નાખવાના આરોપસર કેસ નોંધ્યો છે.

પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે જ્યારે તે વ્યક્તિ ખોરાકમાં ઝેરી પદાર્થ ભેળવી રહ્યો હતો ત્યારે તેની આસપાસના લોકોએ તેને રોકવાનો પ્રયાસ કર્યો હતો. તે પછી તે સ્થળ પરથી ભાગી ગયો. તેની સામે કલમ ૨૮૬, ૧૨૫ (બીજાના જીવન અથવા વ્યક્તિગત સુરક્ષાને જોખમમાં મૂકે તેવું કૃત્ય) અને ભારતીય ન્યાય સંહિતાની અન્ય સંબંધિત જોગવાઈઓ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હોવાનું અધિકારીએ જણાવ્યું હતું. ■



# લેખક, પત્રકાર, ફિલ્મ નિર્માતા પ્રીતિશ નંદીનું અવસાન

મુંબઈ: પ્રખ્યાત કવિ, ચિત્રકાર, પત્રકાર અને સંપાદક, ટેલિવિઝન પર્સનાલિટી, એનિમલ એક્ટિવિસ્ટ, ભૂતપૂર્વ સંસદ સભ્ય અને ફિલ્મ નિર્માતા પ્રીતિશ નંદીનું બુધવારે તેમના મુંબઈના નિવાસસ્થાને અવસાન થયું હતું. તેમણે ૧૯૯૩માં હિન્દી ફિલ્મ ઉદ્યોગની પ્રથમ કોર્પોરેટ કંપનીઓમાંની એક, પ્રીતિશ નંદી કોમ્યુનિકેશન્સની સ્થાપના કરી હતી. ફિલ્મ નિર્માતાનું બુધવારે મુંબઈમાં તેમના ઘરે હૃદયરોગના હુમલાને કારણે અવસાન થયું. તેઓ ૭૩ વર્ષના હતા.

અનુપમ ખેરે તેમના અવસાનની પુષ્ટિ કરી અને તેમના એક્સ એકાઉન્ટ પર ફિલ્મ નિર્માતાને ભાવનાત્મક શ્રદ્ધાંજલિ લખી.

નંદીના બે ફોટા શેર કરતા તેમણે લખ્યું, ''મારા સૌથી પ્રિય અને નજીકના મિત્રોમાંના એક પ્રીતિશ નંદીના અવસાન વિશે જાણીને ખૂબ જ દુ:ખ અને આઘાત લાગ્યો! અદ્‌ભુત કવિ, લેખક, ફિલ્મ નિર્માતા અને એક બહાદુર અને અનોખા સંપાદક - પત્રકાર! મુંબઈમાં મારા શરૂઆતના દિવસોમાં તેઓ મારા સપોર્ટ સિસ્ટમ અને શક્તિનો એક મહાન સ્રોત હતા. અમે ઘણી બધી બાબતો સમાનતામાં વહેંચી હતી. તેઓ મને મળેલા સૌથી નીડર લોકોમાંના એક હતા. હંમેશાં જીવન કરતાં મોટા. મેં તેમની પાસેથી ઘણી બધી વસ્તુઓ શીખી.''

# આવકવેરા વિભાગમાં નોકરીની લાલચે ૪૦ જણને છેતર્યા: નકલી ઈન્કમ ટૅક્સ કમિશનર પકડાયો

## બે કરોડથી વધુની છેતરપિંડી કરનારા આરોપીએ નોકરી ઈચ્છુકોને એપોઈન્ટમેન્ટ લેટર અને આઈ કાર્ડ પણ આપ્યાં

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: આવકવેરા વિભાગમાં ઉચ્ચ પદે નોકરી અપાવવાની લાલચે ૪૦ જેટલાં યુવક-યુવતીને છેતરી બે કરોડથી વધુ રૂપિયા પડાવનારા નકલી ઈન્કમ ટૅક્સ કમિશનરને મીરા-ભાયંદર વસઈ-વિરાર પોલીસે પકડી પાડ્યો હતો. સરકારી વાહન પરની લાલ લાઈટ લગાડેલી કારમાં ફરનારા આરોપીએ નોકરી ઇચ્છુકોને આવકવેરા વિભાગમાં નિયુક્તિના લેટર અને આઈ કાર્ડ્સ પણ આપ્યાં હતાં. ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૩ના ઇન્ચાર્જ ઈન્સ્પેક્ટર પ્રમોદ બડાખની ટીમે પકડી પાડેલા આરોપીની ઓળખ રિંકુ જિતુ શર્મા (૩૩) તરીકે થઈ હતી. તેની પાસેથી વિવિધ સરકારી ખાતાં અને પદનાં ૨૮ જેટલાં ઓળખપત્રો મળી આવ્યાં હતાં, જેમાં આવકવેરા વિભાગના આસિસ્ટન્ટ કમિશનર, ઈન્કમ ટૅક્સ ઈન્સ્પેક્ટર, ગૃહ વિભાગના આસિસ્ટન્ટ કમિશનર અને સીબીઆઈના કમિશનરનાં આઈ કાર્ડ્સનો સમાવેશ થાય છે.નાલાસોપારાના એક રહેવાસીએ ૧૨ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ પેલ્હાર પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદને આધારે ક્રાઈમ બ્રાન્ચે તપાસ હાથ ધરી હતી. આરોપી શર્મા અને તેના સાથીએ ફરિયાદીની પુત્રીને ઈન્કમ ટૅક્સ ઈન્સ્પેક્ટર તરીકેની નોકરી અપાવવાની લાલચે ૧૫ લાખ રૂપિયા પડાવ્યા હતા.

૨૦૦૧માં ફરિયાદીની ઓળખાણ શર્મા સાથે થઈ હતી. તે સમયે શર્માએ તેની ઓળખાણ ઈન્કમ ટૅક્સ કમિશનર તરીકે આપી હતી. શર્મા લાલ લાઈટવાળી કારમાં ફરતો અને કાર પર આવકવેરા વિભાગનો લોગો પણ લગાવવામાં આવ્યો હતો. નોકરીની લાલચે ફરિયાદી પાસેથી સમયાંતરે નાણાં વસૂલ્યા પછી આરોપીએ ઈન્કમ ટૅક્સ ઈન્સ્પેક્ટરનું બનાવટી આઈ કાર્ડ અને બોગસ એપોઈન્ટમેન્ટ લેટર આપ્યા હતા. આવકવેરા વિભાગમાં પહોંચ્યા પછી ફરિયાદીને આ છેતરપિંડીની જાણ થઈ હતી.

ક્રાઈમ બ્રાન્ચની ટીમે ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી આરોપી શર્મા નવી મુંબઈના તળોજા ખાતે રહેતો હોવાનું શોધી કાઢ્યું હતું. શર્માને તેના નિવાસસ્થાનેથી તાબામાં લેવાયો હતો. પ્રાથમિક પૂછપરછમાં પોલીસને જાણવા મળ્યું હતું કે આ રીતે આરોપીએ ૪૦થી વધુ બેરોજગાર યુવક-યુવતીને નોકરીની લાલચ આપી તેમની પાસેથી બે કરોડથી વધુ રૂપિયા પડાવ્યા હતા. આરોપીને વધુ તપાસ માટે પેલ્હાર પોલીસના તાબામાં સોંપાયો હતો.

# થાણે રેલવે સ્ટેશનની ઓળખ બદલાશે: આકાર લેશે બિઝનેસ હબ, ૧૧ માળનું ભવ્ય ટાવર ઊભું કરાશે

થાણે: થાણે રેલવે સ્ટેશનમાં મલ્ટીમોડેલ ટ્રાન્ઝિટ હબ એટલે કે કોમર્શિયલ બિલ્ડિંગને આખરે ગતિ સાંપડી છે.

છેલ્લાં અનેક વર્ષોથી રખડેલા આ પ્રોજેક્ટ માટે રેલવે લેન્ડ ડેવલપમેન્ટ ઓથોરિટી (આરએલડીએ)એ ટેન્ડર કાઢ્યાં છે. ૧૧ માળ ધરાવતી આ બિલ્ડિંગમાં પાર્કિંગની સુવિધા પણ આપવામાં આવશે. આ બિલ્ડિંગમાં આઠ માળ સુધી દુકાનો અને ઓફિસો માટે રહેશે.

થાણે પાલિકાના સહકારથી રેલવે ઓથોરિટીએ આ કામ હાથ ધર્યું છે. ૩૧મી જાન્યુઆરીના રોજ ટેન્ડરપ્રક્રિયા પૂરી થતાં જ કામની શરૂઆત થઇ જશે. આને કારણે નજીકના સમયમાં ઐતિહાસિક થાણે સ્ટેશન બિઝનેસ હબ તરીકેની ઓળખ પ્રાપ્ત કરશે.

થાણે રેલવે સ્ટેશનના વેસ્ટમાં સેટિસ બાદ હવે પૂર્વ ભાગમાં પણ સ્માર્ટ સિટી અંતર્ગત સ્ટેશન એરિયા ટ્રાફિક ઈમ્પ્રુવમેન્ટ સ્કીમ (સેટિસ) તૈયાર કરવાનું કામ ચાલી રહ્યું છે. નજીકના સમયમાં જ પ્લેટફોર્મ નંબર ૧થી ૧૦ પર ડેક ઊભું કરવામાં આવશે. જોકે આ વિકાસકામ સાથે થાણે સ્ટેશન પર બહુઉદ્દેશીય કોમર્શિયલ બિલ્ડિંગ આકાર લે એવી શક્યતા છે. આ અંગે બહાર પાડવામાં આવેલી અખબારી યાદી મુજબ થાણે સ્ટેશનના પૂર્વ વિસ્તારમાં મલ્ટીમોડેલ ટ્રાન્ઝિટ હબ ઊભું કરવા માટે ટેન્ડર મગાવવામાં આવ્યાં છે. ટેન્ડરની મુદત ૧૫થી ૩૧ જાન્યુઆરી સુધીની છે.


## ક્લાસિફાઈડ

### ૯. લગ્ન સંબંધી

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં.). (૧૫૪૩૮/એ)

### ૧૭. જગ્યા આપવી છે

**મલાડ (વેસ્ટ)**

સદ્‌ગુરુ અવિધ્ના નવા ટાવરમાં જૈન મંદિરની બાજુમાં 1 BHK- 428' કારપેટ- 1.05 લાખથી શરૂઆત, 2 BHK 728' કારપેટ- 1.75 લાખથી શરૂઆત. ગ્રાઉન્ડ+ 10. પઝેશન- 2025, રુફ ટોપ એમેનીટીઝ. 7499332987. (૧૫૪૭૪/એ)

### ૧૯. ફેક્ટરી વર્કશોપ

**વસઈ**

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

### ૪૦. ઈન્ટીરીઅર ડેકોરેશન

**ઈન્ટિરિયર ડિઝાઈનર**

કમ્પ્લીટ 2 બેડરૂમ 3D ડ્રોઈંગ 4000/=, 3 બેડરૂમ 3D ડ્રોઈંગ 5000/=, સ્પેશિયલાઈઝ બાથરૂમ, કિચન રીનોવેશન, કમ્પ્લીટ ઈન્ટિરિયર ડિઝાઈનિંગ, પ્લાનિંગ, રીનોવેશન. Whatsapp 8989282877. (બી-૧૫૩૪૯)

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533 ચીરાબજાર : 9029181030. (૧૫૪૩૯-બી)



**મુંબઈ સમાચાર**

વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.

email id for advertisement: samacharadvt@gmail.com


## છેલ્લા પાનાનું ચાલુ

### ટોરેસ સ્કૅમ

સ્ટોર રૂમમાં લૂંટ થઈ હોવાનું નાટક પણ ઘડવામાં આવ્યું હતું.

આરોપીઓએ પહેલી જાન્યુઆરીથી બધી બ્રાન્ચને તાળાં મારી રફુચક્કર થઈ જવાની યોજના પહેલીથી બનાવી હતી. યોજનાના ભાગ રૂપે મુંબઈના દાદર પશ્ચિમમાં આવેલી શાખા સિવાયની બધી શાખાઓ બંધ કરી દેવામાં આવી હતી. દાદરની શાખાને પણ સોમવારથી બંધ કરવાનું નક્કી કરાયું હતું, પરંતુ તે પહેલાં જ રોકાણકારો મોટી સંખ્યામાં ભેગા થતાં તેમની યોજના પડી ભાંગી હતી.

સોમવારે રોકાણકારો દાદરના ટોરેસ શોરૂમ બહાર એકઠા થયા ત્યારે તેમને કંપનીના સાનપાડાના સ્ટોરમાં લૂંટના મેસેજ આવવા લાગ્યા હતા. અમુક કર્મચારીઓએ જ સ્ટોરમાં લૂંટ ચલાવી હોવાનું જણાવાયું હતું. આ લૂંટની ઘટના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજમાં સ્પષ્ટપણે કેદ થઈ હતી. પોલીસ તપાસમાં જણાયું હતું કે રોકાણકારોથી બચવા કંપની દ્વારા જ આ લૂંટનું નાટક રચવામાં આવ્યું હતું.

દરમિયાન રોકાણકારોએ હંગામો મચાવતાં કંપની દ્વારા તેમના મોબાઈલ ફોન પર ફોર્મ્સ મોકલવામાં આવ્યાં હતાં. આ ફોર્મમાં રોકાણ કરેલી રકમ સહિતની વિગતો ભરવાનું કહેવામાં આવ્યું હતું, જેથી તેમનાં નાણાં પાછાં આપી શકાય. પોલીસનો દાવો છે કે આ પણ કાવતરાનો એક ભાગ હોવાનું જણાય છે.

દાદરમાં ટોરેસના શોરૂમ બહાર સોમવારે રોકાણકારોએ ભેગા થઈ હંગામો મચાવતાં પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી. શિવાજી પાર્ક પોલીસે ટોરેસ બ્રાન્ડ ચલાવતી કંપની પ્લેટિનમ હર્ન પ્રા. લિ.ના સંચાલક સર્વેશ સુર્વે, વિક્ટોરિયા કોવલેંકો, સીઈઓ તૌફિક રિયાઝ, જનરલ મૅનેજર તાન્યા કેસાતોવા અને સ્ટોર ઈન્ચાર્જ વેલેન્ટિના કુમાર વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

આ કેસમાં પોલીસે બુધવારે ઉઝબેકિસ્તાનની તાન્યા કેસાતોવા, સંચાલક સર્વેશ સુર્વે અને વેલેન્ટિના કુમારની ધરપકડ કરી હતી. કોર્ટે તેમને પોલીસ કસ્ટડી ફટકારી હતી.

પોલીસે કોર્ટમાં માહિતી આપી હતી કે કંપનીના સ્થાપક વિક્ટોરિયા કોવલેંકો અને જ્હોન કાર્ટર આ સ્કૅમના માસ્ટરમાઈન્ડ હોવાનું માનવામાં આવે છે. બન્ને હાલમાં દેશબહાર ફરાર થઈ ગયા હોવાનું જાણવા મળ્યું છે. આ કેસમાં અન્ય આરોપીઓની સંડોવણી નકારી શકાતી નથી.

દરમિયાન પોલીસે વિક્ટોરિયા અને જ્હોન સામે એલઓસી જારી કર્યું હતું, જેથી વિદેશમાં ક્યાંય પણ બન્ને નજરે પડે તો મુંબઈ પોલીસને જાણ કરી શકાય.

આ સ્કૅમમાં રોકાણ કરનારાઓની સંખ્યા રોજ વધી રહી છે. કંપની દ્વારા મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં છ આલીશાન શોરૂમ શરૂ કરાયા હતા, જેમાં દાદર, ગ્રાન્ટ રોડ, કાંદિવલી, મીરા રોડ, કલ્યાણ અને સાનપાડાના શોરૂમનો સમાવેશ થાય છે. ફેબ્રુઆરી, ૨૦૦૪માં આ બધા શોરૂમ શરૂ કરવામાં આવ્યા હતા અને અલગ અલગ સમયે સેમિનાર પણ ગોઠવ્યા હતા. અત્યાર સુધીમાં સવાલાખ લોકોએ રોકાણ કર્યું હોવાનું સામે આવી રહ્યું છે. આ કૌભાંડ એક હજાર કરોડ રૂપિયાને આંબી જાય એવી વકી છે.

ગુનાની વ્યાપ્તિને ધ્યાનમાં રાખી તપાસ બુધવારે આર્થિક ગુના શાખાને સોંપાઈ હતી. આર્થિક ગુના શાખાની ટીમ બુધવારે શિવાજી પાર્ક પોલીસ સ્ટેશને પહોંચી હતી. ટીમે કેસ સંબંધી દસ્તાવેજો પોતાના હસ્તક લીધા હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

#### ...આ રીતે લલચાવીને છેતર્યા

રોકાણકારો પાસેથી નાણાં પડાવવા માટે કંપનીએ સૌપ્રથમ ચાર સ્કીમ રજૂ કરી હતી અને પછી તેમાં ફેરફારો કરી વ્યાજની ટકાવારી વધારી હતી. આ રીતે રોકાણકારોને વધુ ને વધુ નાણાં રોકવા માટે લલચાવવામાં આવ્યા હતા, એમ શિવાજી પાર્ક પોલીસે જણાવ્યું હતું.

એક રોકાણકારે પોલીસને આપેલા નિવેદનમાં જણાવ્યું હતું કે કંપનીએ મુખ્યત્વે ચાર સ્કીમ રજૂ કરી હતી, જેમાં સપ્તાહમાં બે ટકા વ્યાજના વળતર સાથે સોનામાં રોકાણ, ત્રણ ટકા વ્યાજ સાથે ચાંદીમાં રોકાણ અને ચાર ટકા વ્યાજના વળતર સાથે મોઝેનાઈટ રતનમાં રોકાણની લાલચ અપાઈ હતી. માત્ર મોઝેનાઈટ રતનમાં રોકાણ કરવામાં આવે તો પાંચથી છ ટકા વ્યાજદરની ખાતરી આપવામાં આવી હતી.

બાદમાં ધીરે ધીરે ટોરેસે રોકાણ પરના વ્યાજદરમાં વધારો કરવાની શરૂઆત કરી હતી. પરિણામે વધુમાં વધુ લોકો કંપનીની સ્કીમ્સમાં રોકાણ કરવા લાગ્યા હતા. આખરે કંપનીએ છેક ૧૧ ટકા વ્યાજના વળતરનું આશ્વાસન આપ્યું હતું.

સપ્તાહના ૧૧ ટકા વળતરની લાલચમાં અનેક લોકોએ રોકાણ કરવા ધસારો કર્યો હતો. આનાથી એક ડગલું આગળ વધીને આરોપીઓએ કંપની માટે રોકાણકારો શોધી લાવનારાઓને વ્યાજના ભારેખમ દરની લાલચ આપી હતી. એ સિવાય રોકાણકારોનો વિશ્વાસ વધારવા કંપનીના પ્રતિનિધિઓ દ્વારા સેમિનાર્સ ગોઠવવામાં આવતા હતા. કંપનીને સસ્તા દરે સોનું મળતું હોવાથી તેના થકી ૩૦૦ ટકા નફો મળે છે. આ ૩૦૦ ટકામાંથી જ અકલ્પનીય વ્યાજ રોકાણકારોને આપવામાં આવતું હોવાનો દાવો સેમિનારમાં કરાતો હતો.

#### અનેક રોકાણકારો એજન્ટ બન્યા!

કંપનીની વિવિધ સ્કીમમાં રોકાણ કરનારા રોકાણકારોને શરૂઆતમાં સમયસર વ્યાજ ચૂકવવામાં આવ્યું હતું, જેને પગલે રોકાણકારોનો કંપની પર વિશ્વાસ બેસી ગયો હતો. સપ્તાહે વળતર મળવા લાગતાં અનેક રોકાણકારો તો એજન્ટનું કામ કરવા લાગ્યા હતા.

કંપનીએ રોકાણકારો શોધી લાવનારી વ્યક્તિને સપ્તાહના ૨૦ ટકા વ્યાજ ચૂકવવાનું વચન આપ્યું હતું. આ લાલચમાં અનેક રોકાણકારોએ તેમનાં સગાંસંબંધી, પડોશીઓ અને મિત્રોને રોકાણ કરવાની સલાહ આપી હતી.

આ રીતે ઘણા રોકાણકારોને ૨૦ ટકા વળતર મળવા લાગ્યું હતું. આ ચેઈન એટલી લાંબી થઈ હતી કે રોકાણકારોની સંખ્યા લાખોમાં પહોંચી ગઈ હતી.

### વદે માતરમ્

હોય તો એ કમનસીબ કહેવાય.'

અન્ય સ્થળે મહારાજની ટિપ્પણી વિશે પૂછવામાં આવતા એનસીપી (એસપી) ના વિધાનસભ્ય જિતેન્દ્ર આવ્હાડે પ્રતિક્રિયા આપી હતી કે 'રામગિીને ચપ્પલથી મારવાનો સમય આવી ગયો છે. હવે તેમને 'જન ગણ મન' સામે પણ વાંધો છે અને હવે તેઓ ('જન ગણ મન' પર) પ્રતિબંધની માગણી કરે એ વધારે પડતું છે.'

હિન્દુ ધર્મગુરુએ ગયા વર્ષે પયગંબર મોહમ્મદ અને ઇસ્લામ વિશે કથિત વાંધાજનક ટિપ્પણી કરીને વિવાદ ઉભો કર્યો હતો, જેના પગલે મહારાષ્ટ્રમાં તેમની સામે અનેક કેસ નોંધાયા હતા. (પીટીઆઈ)

### જુહુમાં કોલેજિયન

કરી રહ્યા છે અને મસ્તી-મજાક કરી રહ્યા છે તેને કારણે મારી દીકરીને ઈજા પહોંચી શકે એમ છે. મારી પત્નીએ ગુરવ અને તેના મિત્રને બીજે જઇને રમવા માટે કહ્યું હતું. તેઓ ચાલ્યા ગયા હતા, પણ થોડી વાર રહીને તેઓ પાછા આવ્યા હતા અને વધુ હિંસક રીતે રમી રહ્યા હતા. બંને એકબીજાને પકડવાની રમત રમતા હતા અને એવામાં ગુરવે નિયંત્રણ ગુમાવી દીધું હતું અને તે વિધિ પર પછડાયો હતો. વિધિને માથામાં ઈજા પહોંચી હોવાથી તે બેહોશ થઇ ગઇ હતી. બહાર શોરબકોર વધી જતાં મારી પત્ની સીધી દોડી હતી અને તેણે જોયું હતું કે વિધિ લોહીના ખાબોચિયામાં પડી છે. તેના મોઢા અને નાકમાંથી લોહી નીકળી રહ્યું હતું. અમે બધા, હર્ષદ પણ વિધિને તાત્કાલિક કૂપર હૉસ્પિટલમાં સારવાર કરવા માટે લઇ ગયા હતા. જોકે બે દિવસ બાદ કમનસીબે તેણે છેલ્લો શ્વાસ લીધો હતો. અમે અમારા એકના એક સંતાનને ગુમાવ્યું છે અને અમે એવી માગ કરી છે કે આરોપી સામે સખતમાં સખત પગલાં લેવામાં આવે. ગુરવની લાપરવાહીનો ભોગ મારી દીકરી બની હતી, એવું વિચલિત થયેલા પિતાએ જણાવ્યું હતું. આઘાતમાં સરી પડેલા પિતાએ એવો સવાલ કર્યો હતો કે બંને જણ ચાલ્યા ગયા પછી શા માટે એ જ જગ્યાએ પાછા આવ્યા હતા.

### સપ્તાહમાં ત્રણ દિવસ

આ બાબતે તેમના પ્રધાનોને ખૂબ જ મૂલ્યવાન સૂચનાઓ આપી હતી.

ફડણવીસે પ્રધાનોને દર અઠવાડિયે ઓછામાં ઓછા ત્રણ દિવસ મુંબઈમાં રહેવાની સૂચના આપી છે. લોકોના કામ માટે અઠવાડિયામાં ઓછામાં ઓછા ત્રણ દિવસ મંત્રાલયમાં મળો. તેમણે તમામ વિભાગોના પ્રધાનોને બાકીના દિવસોમાં મતવિસ્તારના કામોનું આયોજન કરવા સૂચના આપી છે. રાજ્ય સરકારને સારી રીતે ચલાવવા માટે આ આદેશો આપ્યા છે.

મુખ્ય પ્રધાનની આ સૂચના પાછળ એક મહત્ત્વનું કારણ પણ છે. દરરોજ સેંકડો નાગરિકો વિવિધ કાર્યો માટે મંત્રાલયની મુલાકાત લે છે. સેંકડો નાગરિકો મંત્રાલયમાં પાસ મેળવવા માટે કલાકો સુધી કતારમાં ઉભા રહે છે. તે પછી, નાગરિકો તેમને કામ હોય તે વિભાગમાં જાય છે. ત્યાં જઈને ત્યાંના અધિકારીઓ અને કર્મચારીઓ સાથે વાતચીત કરે ત્યારપછી નાગરિકોને જે તે વિભાગના પ્રધાનની સહી કે મદદની જરૂર લાગે છે. આવી સ્થિતિમાં પ્રધાન ત્યાં હાજર રહે તે વધુ જરૂરી છે. જેથી જે તે વિભાગના પ્રધાન હાજર રહે તો નાગરિકોને પણ સુવિધા રહે. તેમજ અધિકારીઓ-કર્મચારીઓ કામમાં વિલંબ કરતા હોય કે સામાન્ય નાગરિકોને પ્રતિસાદ ન આપતા હોય તો પ્રધાનની હાજરીથી વહીવટીતંત્ર પર દબાણ આવશે. તેથી ફડણવીસે પ્રધાનોને આપેલા આદેશો મહત્ત્વના માનવામાં આવે છે.

## હિન્દુ મરણ

**ઔદિચ્ય ગોરવાળ બ્રાહ્મણ**

ઝાડોલી નિવાસી સ્વ. દુર્ગાબેન કમલાશંકર દવે તા. ૨-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે દક્ષા, યોગેશ, ડોલીના માતોશ્રી. તે કમલેશ, જીગીષા, સુરેશના સાસુજી. પ્રાંજલ સાહિલ જોશીના દાદીજી. પ્રાર્થનાસભા તા. ૧૦-૧-૨૫ના ૫થી ૭. સ્થળ: શ્રી લોહાણા મહાજન વાડી, શંકર મંદિર પાસે, એસ.વી. રોડ, કાંદિવલી (વેસ્ટ).

**પરજિયા સોની**

મુળ ઉનાવાળા હાલ શારજાહ નિવાસી, સોની મગનલાલ ત્રિભોવનદાસ જગડાના ધર્મપત્ની અ.સૌ. સ્વ. સોની રસીલાબેન જગડા (ઉં.વ. ૭૬) તા. ૪-૧-૨૫ શનિવારના શ્રીજીચરણ પામેલ છે. તેઓ મહેન્દ્રભાઈ, જયેશભાઈ, ગિરિશભાઈના માતુશ્રી. અ.સૌ. કોમલબેન, અ.સૌ. હિનાબેન, અ.સૌ. સોનલબેનના સાસુ. જેકીન, અ.સૌ. નેહા દીપકકુમાર, અ.સૌ. મિતલ પીયુશકુમાર, કાજલ ગિરીશ, દીપ જયેશ, સત્યમ ગિરીશના દાદી. અ.સૌ. દેવિકા જેકીન જગડાના દાદીસાસુ. તે કાનજીભાઈ માવજીભાઈ સાગર (વેરાવળ)વાળાના દીકરી. લૌકિક પ્રથા બંધ રાખેલ છે. તેમનું ટેલિફોનિક બેસણું ગુરુવાર, તા. ૯-૧-૨૫ના ૪.૦૦થી ૬.૦૦. તેમની ઉત્તરક્રિયા બુધવારે તા. ૧૫-૧-૨૫ના નાસિક ખાતે રાખેલ છે.

**કપોળ**

રામપરાવાળા (હાલ જુહુ પારલા) સ્વ. પ્રતાપરાય હરીદાસ વોરાના પત્ની સુશીલાબેન (ઉં.વ. ૮૯) મંગળવાર, તા. ૭-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તેઓ નિમેષના માતુશ્રી. મીનળના સાસુ. રૂચીત-કીર્તનાના દાદી. તેઓ સાવરકુંડલાવાળા સ્વ. રતિલાલ નાગરદાસ સંઘવીના દીકરી. સ્વ. વસંતરાય, સ્વ. જયાબેન, સ્વ. મુકતાબેન અને સ્વ. શાંતાબેનના નાનાભાઈના પત્ની. પ્રાર્થનાસભા તા. ૯-૧-૨૫ના ગુરુવારના ૫થી ૬.૩૦ અમુલખ અમીચંદ ભીમજી વિવિધલક્ષ્મી વિદ્યાલય, રફી અહમદ કીડવાઈ રોડ, માટુંગા (કિંગસર્કલ).

**પરજિયા સોની**

મૂળગામ જામકા, હાલ રાજકોટ સ્વ. ઘુસાભાઈ સામંતભાઈ ધકાણના પુત્ર રમેશભાઈ (ઉં.વ ૮૪) તે રંજનબેનના પતિ. અર્ચનાબેન રાજેશકુમાર સાગરના પિતાશ્રી. સ્વ. દિનકરભાઈ, સ્વ. બાબુભાઈ, જમનાદાસ, જયંતીભાઈ, પ્રવીણભાઈ, નીમુબેન સલ્લા, હંસાબેન વાયા, ચંદ્રિકાબેન જગડાના ભાઈ. બગસરાવાળા સ્વ. નાનજીભાઈ પાતાભાઈ ઘોરડાના જમાઈ. શુક્રવાર, તા. ૩-૧-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. (પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.)

**વણકર**

વેગડાગામ સાવરકુંડલા હાલ મુંબઈ સ્વ. સોનાબેન તા. ૩૧-૧૨-૨૪ મંગળવારના દેવલોક પામ્યા છે. તે આલજીભાઈ વેગડાના ધર્મપત્ની સ્વ. જસુબેન અને સ્વ. પ્રેમજીભાઈ બગડાના દિકરી. સ્વ. રુડીબેન અને સ્વ. દેસાભાઈના પુત્રવધૂ. હંસાબેન, ગીતાબેન, ભાનુબેન, ગીરીશભાઈના માતુશ્રી. અરુણભાઈ, જયંતીભાઈ, સ્વ. ભૂપેનભાઈ, સવિતાબેનના સાસુ. ગર્વ, ક્રિશીના દાદી તેમનું કારજ (બારમુ) તા. ૧૦-૧-૨૦૨૫ શુક્રવારે ૫.૦૦ કલાકે, ચાલ નં. ૪/૫ પાસે ભાણજી રાઠોડ માર્ગ તુલશીવાડીમાં.

## જૈન મરણ

રાણપુર નિવાસી, હાલ વિલેપારલા સ્વ. ભાવનાબેન દિલીપભાઈ તુરખિયાના સુપુત્ર પારસભાઈ (ઉં.વ. ૪૪) તા. ૭-૧-૨૫, મંગળવારના અરિહંતશરણ પામેલ છે. તે રિદ્ધિબેનના પતિ. રીવા તથા વિઆનના પિતા. શ્વેતાબેન આનંદભાઈ શાહના ભાઈ. સ્વ. જિતેન્દ્રભાઈ શાંતિલાલના ભત્રીજા. તે સાસરા પક્ષે ખંભલાવ નિવાસી હાલ ઘાટકોપર દર્શનાબેન હરેશકુમાર શાહના જમાઈ. લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી જૈન**

જેતપુર નિવાસી હાલ મુંબઈ શ્રી જયવંતલાલ ટોલિયા (ઉં.વ. ૮૪) તા. ૬-૧-૨૫ના અરિહંતશરણ પામ્યા છે, જેઓ સ્વ. શ્રીમતી ઉજમબેન ગાંડાલાલ ટોલિયાના સુપુત્ર. સ્વ. શ્રીમતી મીનાબેનના પતિ. સ્વ. જયંતીલાલ જગન્નાથ શાહના જમાઈ (ધોરાજી). શ્રીપાલ તથા શિવાનીના પિતાશ્રી. જાગુતિ તથા સુચિતના સસરા. સ્વ. ધ્રુવલત્તાબેન ઈન્દુકુમાર દેસાઈના ભાઈ. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૦-૧-૨૫ના ૧૦.૩૦થી ૧૨. સ્થળ: ક્રિસ્ટલ બેન્કવેટ, માનવ સેવાસંઘ, બીજે માળે, સાયન મેન રોડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ફાચરિયા નિવાસી, હાલ દહિસર, જયાબેન (ઉં.વ. ૮૫) તે સ્વ. જયંતીલાલ વ્રજલાલ બીલખિયાના પત્ની. તે સ્વ. બિપિન, હરેશ, પરેશ, મહેશ, હર્ષા યોગેશકુમાર દોશીના માતુશ્રી. સ્વ. મનસુખભાઈ, શાંતિભાઈ, સ્વ. વિમળાબેન, નિર્મળાબેન, ઈન્દુબેન, ભાનુબેન, સ્વ. લતાબેન અને સ્વ. હંસાબેનના ભાભી. સ્વ. મોહનલાલ ભગવાનજી જાગાણીના દીકરી. હિનાબેન, સિલકબેન, સાધનાબેનના સાસુ. કુનાલ, હેનીલ, નમન, દિશાંક, હિરલ, પૂજા, જિલ, હિલેરી, રાજવીના દાદી. તા. ૭-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા શુક્રવાર, તા. ૧૦-૧-૨૫ના ફ્રેંડસ બેન્કવેટ હોલ, રૂસ્તમજી બિઝનેસ સ્કૂલની બાજુમાં, જયવંત સાવંત રોડ, દહિસર (વેસ્ટ). સવારે ૧૦થી ૧૨.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી જૈન**

સવલાણા નિવાસી (લખતર), હાલ મુંબઈ વાલકેશ્વર તે કમળાબેન શાહ (ઉં.વ. ૯૩) તા. ૮-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. પ્રેમચંદ ચુનીલાલ શાહના પત્ની. દિલીપ, કિરણ, તુષારના માતુશ્રી. ઉષા, ચેતના, ભાવનાના સાસુ. રીયા, નિધી, મિત્તલ, નિશી, નૈતિક, રોહનના દાદી. સ્વ. જયંતીભાઈ, સ્વ. રશ્મીકાંતભાઈ, સ્વ. સકરચંદભાઈ, પ્રભાબેન, પ્રવિણાબેનના ભાભી. પિયરપક્ષે સ્વ. ભુરીબેન વાડીલાલ જસરાજ કોઠારીની પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વહેવાર બંધ રાખેલ છે.

**દશા સોરઠીયા વણિક**

મુંબઈ નિવાસી સ્વ. પૂર્ણિમા કોઠારી (ઉં.વ. ૬૫) રવિવાર, ૫/૧/૨૫ના શ્રીજીચરણ પામેલ છે, સ્વ. દિપક વનમાળીદાસ કોઠારીના પત્ની. સમીર અને કરિશ્માના મમ્મી. સ્વ. મહેન્દ્ર, દિપક ઠાકરશી ટોપરાની, પન્ના ગેજરીયા, મીના ઉદેશી, પારુલ શેઠના બેન. જીજ્ઞાશાના સાસુ. ગ્રાન્ડ ડૉટર - ધ્વની, કનિષા, ક્રિષ્ના. પ્રાર્થનાસભા ગુરુવાર, ૯/૧/૨૫ના ૪ થી ૬. અક્ષર એપાર્ટમેન્ટ ૨, ઈરાનીવાડી રોડ નો ૩, કાંદિવલી વેસ્ટ.

**કંઠા સત્તાવીસ દશા શ્રીમાળી**

મહુડી નિવાસી હાલ કાંદીવલી ફાલ્ગુની ભરત રતિલાલ મહેતાના સુપુત્ર મંથન મહેતા (ઉં.વ. ૩૯) તા. ૭/૧/૨૦૨૫ મંગળવારના અરિહંતશરણ થયેલ છે. સિદ્ધાર્થ અલકા, અશોક પારુલ, જનક શ્વેતાનો ભત્રીજો. મેઘના રીષીકુમાર શાહના ભાઈ. ક્રિષાના મામા. મોસાળપક્ષે હિંમતનગર નિવાસી રસિકલાલ નગીનદાસ શાહના ભાણેજ. અતુલભાઇનો ભાણિયો. લૌકિક વ્યવહાર બંધ છે.

**લુહાર સુથાર**

ગામ ગોંડલ હાલ કાંદિવલી સ્વ. પ્રવિણચંદ્ર મનજીભાઈ રાઠોડના બેન મંજુલાબેન મનજીભાઈ રાઠોડ (ઉં.વ. ૮૨) સોમવાર, ૬-૧-૨૦૨૫ના શ્રીજીચરણ પામેલા છે. તે નિર્મલાબેન ભટ્ટ, ચંપાબેન વાડકરના મોટાબેન. ગં.સ્વ. સુધાબેન પ્રવિણચંદ્ર રાઠોડના નણંદ. અમિત, નિમેષ, દીપેનના ફઈ. પ્રાર્થનાસભા તા. ૧૦-૧-૨૦૨૫ના શુક્રવારે ૫ થી ૭. શ્રી લુહાર સુથાર વેલફર સેન્ટર, દત્તપાડા રોડ, બોરીવલી પૂર્વ.

**સિહોર સંપ્રદાય ઔદીચ્ય અગ્યારસે બ્રાહ્મણ**

કામરોલ નિવાસી હાલ દહિસર ગં.સ્વ. માણેકબેન હરિલાલ ભટ્ટ (ઉં.વ. ૯૪) તે સ્વ. કમળાબેન જયંતીલાલ ભટ્ટના બેન. સ્વ. કાળુભાઇ, રસિકભાઈ, પ્રકાશભાઈ, જીવુબેન રસિકલાલ વ્યાસ તથા જ્યોતિબેન કિશોરભાઈ રાવળના માતુશ્રી. અરુણાબેન તથા મીનાબેનના સાસુ. દયાલ નિવાસી સ્વ. અંબાશંકર નરભેરામ મહેતાના દીકરી. સ્વ. મોહનભાઈ છોટુભાઈ, સ્વ. કનૈયાલાલ અંબાશંકર મહેતાના બેન. તા. ૪-૧-૨૦૨૫ને શનિવાર સ્વર્ગવાસ પામેલા છે. સાદડી તા. ૯-૧-૨૦૨૫ના ગુરુવારે ૩:૩૦ થી ૫. ૩૦. જગાસ્વામી સ્વામિનારાયણ મંદિર સી.એસ. લિંક રોડ, આનંદ નગર, દહિસર ઈસ્ટ.

**દશા સોરઠીયા વણિક**

ચમારડી નિવાસી હાલ બોરીવલી સતીષભાઈ નાગરદાસ ડુંગરાણી (ઉં.વ. ૭૩) તે નલીનીબેનના પતિ. નાથાલાલ એ. લોટીયાના જમાઇ. પારુલ ચીરાગ ઠાકર અને રાજના પિતાશ્રી. કીરીટભાઇ, કૌશીકભાઇ, સ્વ. પ્રદિપભાઈ, અતુલભાઈ અને સ્વ. રસીલાબેન મહેન્દ્રકુમાર વખારીયાના ભાઇ. અ.સૌ. અમીતાના સસરા. મુકેશભાઈ ગગલાણી અને પ્રદીપભાઈ ઠાકરના વેવાઇ, શુક્રવાર, તા. ૩-૧-૨૦૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. સર્વોદય હોલ, ટી.રોડ. ડાયમંડ ટોકીઝ સામે, બોરીવલી વેસ્ટ.

**કપોળ**

મહુવા વાળા હાલ ઈન્દોર સ્વ. બલવંતરાય વૃજલાલ પારેખના પત્ની મંજૂલાબેન પારેખ (ઉં.વ. ૮૦) તા. ૮/૧/૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. તે શૈલેષ પારેખ, વર્ષા ગોરડિયા, પારુલ મહેતા, મનીષા સંઘવી, કાજલ મહેતા, મેઘલ અસરાનીના માતુશ્રી. માયા પારેખ, કીર્તિ ગોરડિયા, દીપક મહેતા, મનીષ સંઘવી, મયંક મહેતા, પરાગ અસરાનીના સાસુ. દર્શન, કૃતિ, સાક્ષી, માનવ, શુભમ, દશ્યાના નાનીજી. વિનીત અને શ્રેયાના દાદીમા. જાફરાબાદવાળા સ્વ. કુંવરબેન હરજીવનદાસ મહેતાના પુત્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

**કચ્છી લોહાણા**

પ્રકાશ લક્ષ્મીદાસ ઘેરાઈ (ઠક્કર) (ઉં.વ. ૫૪) હાલે ડોમ્બિવલી તે ગં.સ્વ. લક્ષ્મીબેન લક્ષ્મીદાસ ઘેરાઈના પુત્ર. લતાબેનના પતિ. વિક્રમના પિતાશ્રી. આશા જગદીશકુમાર દૈયા અને રાજેશના ભાઈ. અનિતા રાજેશના જેઠ. યક્ષા મિતના મોટાપપ્પા, તા. ૮-૧-૨૦૨૫ બુધવાર રામશરણ પામેલા છે. પ્રાર્થનાસભા રાખેલ નથી. લૌકીક વ્યવહાર બંધ રાખેલ છે.

## પારસી મરણ

મરઝબાન હોરમસજી જમુલા તે પરવીન એમ જમુલાના ખાવિંદ. તે મરહૂમો ધનમાય તથા હોરમસજીના દીકરા. તે બુરઝીન તથા જહાંગીરના પપ્પા. તે મરહૂમ ફરહાદ અસ્પનદીયાર બહેરામીના જમાઈ. (ઉં.વ. ૭૯) રે.ઠે: ૪૪/ એફ ધન બિલ્ડિંગ, ભોયતળિયે, બાટલીવાલા વિલા, સ્લેટર રોડ, ગ્રાન્ટ રોડ સ્ટેશનની સામે, મુંબઈ-૪૦૦૦૦૭. ઉઠમણાંની ક્રિયા: તા. ૯-૧-૨૦૨૫ને બપોરે ૩.૪૦ વાગે ગ્રાન્ટ રોડ, મધે મીઠાઈવાલા અગ્યારીમાં.

**માંગરોલ જૈન**

અ. સૌ. પ્રવિણા દિલીપ શાહ (ઉં.વ. ૭૦) તા. ૬-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પ્રમીલાબેન જગમોહનદાસ શાહના પુત્રવધૂ. વીણાબેન મોહનલાલ કંપાણીના પુત્રી. મીતલ, રિષભના માતા. અવની, રિદ્ધીના સાસુજી. રેયાશ, ચાર્વીના દાદી. પ્રજ્ઞા વિરેશ શાહ, ભાવના ધીમંત શાહના જેઠાણી. પ્રાર્થનાસભા અને લૌકિક વ્યવહાર બંધ છે.

**વિજાપુર વિશા ઓશવાલ જૈન**

વિજાપુર નિવાસી, હાલ ભાઈંદર શ્રીમતી રૂપાબેન રશ્મિભાઈ દોશી તે કિરીટકુમાર રમણલાલ શાહની પુત્રી (ઉં.વ. ૫૮) બુધવાર, તા. ૮-૧-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે પંકજભાઈ, ઉરેશભાઈ, પીનાબેનના ભાભી. મિહીરભાઈના સાસુ. ચાર્મી, કેજલના માતુશ્રી. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

સાડાઉ હાલે નવી મુંબઈ ઉલવે ગં. સ્વ. કેસરબેન છબીલદાસ (સુકેતું) શાહ/ખુથીયા (ઉં.વ. ૮૯) તા. ૭-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી નાનબાઈ પદમશી ઉકેડાના પુત્રવધૂ. સ્વ. છબીલદાસ (સુકેતુ)ના ધર્મપત્ની. સ્વ. વસંતના માતા. વડાલાના જેઠીબાઈ રવજી દેસરના પુત્રી. નાનજીભાઈ, કુંવરજીભાઈ, દામજીભાઈ,વડાલાના સુંદરબેન દામજી ગાલા, બગડાના સોનબાઈ લાલજી દેઢિયા, સાડાઉના મણીબેન જગશી ગાલાના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. કવલ વસંત શાહ, ૧૧૦૩, ઇશ્વર ઓરા ઠાકુર રોડ, સે. નં. ૮, ઉલવે, નવી મુંબઈ-૪૧૦૨૦૬.

વિંઝાણના મુકેશ કલ્યાણજી ગડા (ઉં.વ. ૬૪) તા. ૬-૧-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી જવેરબાઇ કલ્યાણજી દેવજીના સુપુત્ર. દેવજી ઉકેડા ગડાના પૌત્ર. કોટડી મહાદેવપુરીના ખેતબાઇ દેવરાજ ખીમજી ગાલાના દોહિત્ર. મહેન્દ્ર, મુલચંદ, વિંઢના નાનબાઇ ચુનીલાલ દેરાજ, દેવપુરના માલતી નેમચંદ ઉગમ, સણોસરાના કુસુમ દિનેશ દામજી, નાગ્રેચાના ઉષા ગાંગજી રવજીના ભાઇ. પ્રાર્થના રાખેલ નથી. એડ્રેસ: મુલચંદ કલ્યાણજી ગડા, ડી-૪ શાંતીનગર, આર્થર રોડ, કસ્તુરબા હૉસ્પિટલની સામે, મુંબઇ-૪૦૦૦૧૧.

ગુંદાલાના જેઠાલાલ સતરા (ઉં.વ. ૬૩) ૭-૧ના અવસાન પામેલ છે. મણીબાઇ (વેલબાઇ) ખેતશીના પુત્ર. મંજુલાના પતિ. ચિરાગ, ચાર્મીના પિતા. લક્ષ્મીચંદ, હેમલતા, આશા, શાંતાના ભાઇ. સાડાઉ રૂક્ષ્મણીબેન જખુ લધુ ગાલાના જમાઇ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. જેઠાલાલ સતરા, ૧૩, સંગમ નિવાસ, અંબિકાનગર, ડોંબીવલી (ઇ.).

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ વામકા હાલે ભચાઉના સ્વ. લક્ષ્મીબેન વેરશીભાઈ ગડા (ઉં.વ. ૭૯) તા. ૫-૧-૨૦૨૫, રવિવારે અવસાન પામેલ છે. માતુશ્રી સ્વ. ગોમાબેન ભચુ અખાના પુત્રવધૂ. સ્વ. વેરશીભાઈના ધર્મપત્ની. સ્વ. પ્રવિણ, મંજુલા, ગીતાના માતુશ્રી. સ્વ. અરવિંદ, રાહુલના સાસુ. માતુશ્રી સ્વ. ધનીબેન ખાંખણ (ભોપાશ્રી) વીરા નંદુના દીકરી. પ્રાર્થના સભા રાખેલ નથી. ઠે. ૧૧૦૪/એ, માતૃછાયા, શીવજી ચોક, સેન્ટર પ્લાઝાની બાજુમાં, દફતરી રોડ, મલાડ-ઈસ્ટ.

**વાગડ વિ.ઓ. જૈન**

ગામ ભચાઉના વેલજી કરશન નિસર (ઉં.વ. ૮૦) શનિવાર, તા. ૪-૧-૨૦૨૫ના અવસાન પામેલ છે. દેમાબેન કેશવજી વિરમના સુપૌત્ર. સ્વ. મુરઈબેન કરશનના સુપુત્ર. ગં.સ્વ. અમૃતબેનના પતિ. પ્રફુલ્લ, શૈલેષ, શિલ્પાના પિતાશ્રી. શ્રુતી, પૂર્વી, મહેશના સસરા. ઈશિતા, ભાવિક, હેત્વીના દાદા. ભુમી અને નિહાલના નાના. સ્વ. કુંવરજી, પ્રેમજી, સ્વ. ભાનુબેનના ભાઈ. સ્વ. દિવાળીબેનના દેર. લક્ષ્મીબેનના જેઠ. માતુશ્રી જમણાબેન નારણ વાલજી ખુથીયાના જમાઈ. પ્રાર્થન સભા ગુરુવાર, તા. ૯-૧-૨૦૨૫ના રોજ ટાઈમ ૩ થી ૪.૩૦ સ્થળ: યોગી સભાગૃહ, દાદર-ઈસ્ટ, ઠે. પારીજાત એપાર્ટમેન્ટ, મહાનગર પાલિકા રોડ, પનવેલ.

**વિશા ઓસવાલ શ્વે. મુ. પૂ. જૈન**

સુરત નિવાસી હાલ બોરીવલીના ગીરીશભાઈ ઉત્તમચંદ માસ્તર (ઉં.વ. ૭૩) તા. ૭/૧/૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે શૈલાબેનના પતિ. પુનિત તથા પ્રણયના પિતા. ધ્રુતિ તથા દિવ્યાના સસરા. રાજવંતિબેન નલીનભાઇ ઝવેરી, કિર્તીકુમાર (કાકુભાઈ) તથા માણેકચંદભાઈના ભાઈ. સાસરાપક્ષે સ્વ. મધુરીબેન સેનાભાઈ ઝવેરીના જમાઈ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

પાલીતાણા નિવાસી હાલ વિરાર સ્વ. રંભાબેન મુળજીભાઈ જીવનલાલ શેઠના પુત્રવધૂ તથા જયસુખભાઇના ધર્મપત્ની અ.સૌ. ભાનુબેન (ઉં.વ. ૭૬) તે ૩/૧/૨૫ના અવસાન પામેલ છે. મનીષ બિંદુના માતુશ્રી. રિટા તથા અજયકુમાર સંઘવીના સાસુ. પિયરપક્ષે વરતેજવાળા હાલ વિરાર હકમચંદ જીવરાજભાઈ લાખાણીના સુપુત્રી. લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

દ્રામનગર નિવાસી હાલ બોરીવલી સ્વ. રેખાબેન સુમતિવિલાસ અજમેરાના પુત્રવધૂ ભારતી યોગેશ અજમેરા (ઉં.વ. ૭૩) તે સ્વ. યોગેશભાઈના પત્ની. વિવેકના માતાશ્રી. પીનલના સાસુ. મનોજભાઈ, ગીતાબેન, નીતાબેન, સ્મિતાબેનના ભાભી. સ્વ. કુસુમલતા અમૃતલાલ શાહના પુત્રી. મંગળવાર, ૭-૧-૨૦૨૫ના અરિહંતશરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર, ૯-૧-૨૦૨૫ના ૧૦:૦૦ થી ૧૨:૦૦. પાવન ધામ, સત્ય નગર, કાંદિવલી વેસ્ટ.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

ઘેટી નિવાસી હાલ મુલુંડ સ્વ. પ્રભુદાસ ભવાનભાઇ મેહતાના ધર્મપત્ની ગજરાબેન (ઉં.વ. ૧૦૩) તે સ્વ. અમૃતલાલભાઈ, સ્વ. મનહરભાઈ, સ્વ. ગુણવંતભાઈના ભાભી. મહેશભાઈ, પદમાબેન કુમારભાઈ, નિલમબેન પ્રફુલકુમાર, પારસ, સ્વ. શિરીષકુમાર, રીના પરાગકુમારના માતોશ્રી. પ્રિતીબેનના સાસુ. પૂજા જય કુમારના દાદી. તા. ૮/૧/૨૫ના અવસાન પામેલ છે. પિયરપક્ષે નવાગામ, મુલુંડ (વેસ્ટ). ગાંડાલાલ ડાહ્યાલાલના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

# ફાયર સેફ્ટીના નિયમોનો ભંગ કર્યો તો દંડની રકમ પ્રોપર્ટી ટેક્સ સાથે વસૂલાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બહુમાળી ઈમારત સહિત મોટા એસ્ટાબ્લિશમેન્ટમાં ફાયર સેફ્ટી સિસ્ટમ બેસાડવાનું અને તે કામ કરતી હોવાનું આવશ્યક છે. આમ છતાં મોટાભાગની આગની દુર્ઘટના દરમિયાન આ સિસ્ટમ કામ કરતી ન હોવાનું જણાઈ આવ્યા બાદ હવે મુંબઈ મહાનરપાલિકાએ ફાયરસેફ્ટી સિસ્ટમના નિયમોનું ઉલ્લંઘન કરનારા પાસેથી દંડની રકમ વસૂલ કરવાનો વિચાર કર્યો છે આ રકમ પ્રોપર્ટી ટેક્સમાં જ વસૂલ કરવા બાબતે વિચાર કર્યો છે અને તે માટેનો પ્રસ્તાવ તેમણે મહારાષ્ટ્ર ફાયર પ્રિવેન્શનને મોકલ્યો હોવાનું જાણવા મળ્યું છે.

તાજેતરમાં મુંબઈમાં અનેક જગ્યાએ બહુમાળી ઈમારતોમાં લાગેલી આગ દરમિયાન ઈમારતમાં ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરતી ન હોવાનું જણાઈ આવ્યું છે અને તેને કારણે આગની દુર્ઘટના બાદ બચાવ કામગીરીમાં અડચણો આવવાની સાથે જ જાનમાલનું નુકસાન વધવાની શક્યતા હોય છે. મહારાષ્ટ્ર ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મૅઝર ઍક્ટ, ૨૦૦૬ હેઠળ બિલ્ડિંગના માલિકોએ ફાયર સેફ્ટીના લગતા નિયમોનું તમામ પાલન કરવામાં આવી રહ્યું હોવાનું જણાવતાનું 'ફોર્મ બી' સર્ટિફિકેટ વર્ષમાં બે વખત સબમિટ કરવાનું આવશ્યક છે.

સોમવારે અંધેરી (પશ્ચિમ)માં બહુમાળી ઈમારતમાં લાગેલી આગમાં ૭૫ વર્ષના વૃદ્ધનો જીવ ગયો હતો. આ બિલ્ડિંગમાં ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરતી ન હોવાનું જણાઈ આવ્યુ હતું. શહેરમાં હાલ મોટા પ્રમાણમાં ૬૦થી ૭૦ માળની ઈમારતોનું બાંધકામ ઝડપથી થઈ રહ્યું છે. તેથી આવી હાઈરાઈઝ ઈમારતોમાં અસરકારક ફાયર સેફ્ટી સિસ્ટમ હોવી આવશ્યક છે. જો બિલ્ડિંગમાં ફાયર સેફ્ટી સિસ્ટમ કામ કરતી ન હોય તો ફાયરબ્રિગેડે બહારની સિસ્ટમ એટલે કે પોતાના સાધનોનો ઉપયોગ કરવો પડે છે, જે અમુક વખતે ભીષણ આગ દરમિયાન આગનો સામનો કરવા નિષ્ફળ પણ જતી હોય છે.

મહારાષ્ટ્ર ફાયર પ્રિવેન્શન એન્ડ લાઈફ સેફ્ટી મેઝર્સન એક્ટ, ૨૦૦૬ની કલમ ૩(૧) મુજબ દરેક માકિલ અથવા કબજેદારે જેમ બને તેમ બિલ્ડિંગ અથવા બિલ્ડિંગના ભાગમાં ફાયર સેફ્ટી સિસ્ટમ બેસાડવી આવશ્યક છે. ઉપરાંત કલમ ૩(૩) મુજબ માલિક અથવા કબજેદરા માટે ફાયર સેફ્ટી સિસ્ટમ બરોબર કામ કરે છે કે નહીં તેનું ઓડિટ કરાવીને વર્ષમાં બે વખત લાઈસન્સ પ્રાપ્ત એજન્સી દ્વારા મેળવવાનું હોય છે. ■

# પૂનમ ઢિલ્લોંની તિજોરી પેઈન્ટર સાફ કરી ગયો

મુંબઈઃ બોલીવૂડની અભિનેત્રી પૂનમ ઢિલ્લોંના ફ્લૅટમાં કલકામ કરવા આવેલો પેઈન્ટર તિજોરી સાફ કરી ગયો હોવાની ઘટના પ્રકાશમાં આવી હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાતાં જ પોલીસે આરોપીની ધરપકડ કરી ચોરેલી મતા હસ્તગત કરી હતી. ખાર પોલીસે સોમવારે ધરપકડ કરેલા આરોપીની ઓળખ સમીર અન્સારી (૩૭) તરીકે થઈ હતી. અન્સારીને ૨૮ ડિસેમ્બરથી પાંચ જાન્યુઆરી દરમિયાન અભિનેત્રીના ખાર પરિસરમાં આવેલા ફ્લૅટમાં કલર કરવાનું કામ સોંપાયું હતું.

'નૂરી' ફિલ્મની અભિનેત્રી પૂનમ ઢિલ્લોં મોટા ભાગે તેના જૂહુસ્થિત નિવાસસ્થાને રહે છે. ખારના ફ્લૅટમાં તેનો પુત્ર ક્યારેક રહેવા જતો હોવાનું કહેવાય છે. ખારના ફ્લૅટમાં કલર કરતી વખતે તક ઝડપી આરોપીએ તિજોરીનું લૉક તોડ્યું હતું. તિજોરીમાંથી એક લાખની કિંમતના ડાયમંડ ઈયરિંગ, ૩૫ હજારની રોકડ અને ૫૦૦ યુએસ ડૉલર્સ ચોરાયા હતા. અભિનેત્રીનો પુત્ર અનમોલ પાંચમી જાન્યુઆરીએ દુબઈથી પાછો ફર્યો ત્યારે ઘટનાની જાણ થઈ હતી. પોલીસે ભારતીય ન્યાય સંહિતાની સુસંગત કલમો હેઠળ ગુનો નોંધી આરોપીની ધરપકડ કરી હતી. અન્સારીએ તેની સાથે ફ્લૅટમાં પેઈન્ટ કરવા આવેલા સાથીઓને પાર્ટી કરવા નવ હજાર રૂપિયા આપ્યા હતા. તેની પાસેથી પચીસ હજારની રોકડ, ૫૦૦ યુએસ ડૉલર્સ અને ડાયમંડ ઈયરિંગ જપ્ત કરવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# દાંતની નવી અદ્યતન સારવાર-બાયોમિમેટિક ડેન્ટિસ્ટ્રીનું વિજ્ઞાન

## તમારા કુદરતી દાંતને પુનઃ સ્થાપિત કરવા સિવાય બીજું શું શ્રેષ્ઠ હોઈ શકે?- ડૉ. રિન્કુ જૈન

### બાયોમિમેટિક ડેન્ટિસ્ટ્રી એટલે શું?

બાયોમિમેટિક ડેન્ટિસ્ટ્રી ડેન્ટલ ટ્રીટમેન્ટની અદ્યતન પદ્ધતિ છે. આ પદ્ધતિમાં કુદરતી દાંતને કટ કરવામાં આવતા નથી કે ન તો રૂટ કનૅલનો ડર રહે છે કે ન તો કૅપ પહેરવાની જરૂરિયાત રહે છે. જે દાંતમાં સમસ્યા એને ફરી કુદરતી સ્વરૂપે ઢાળી દેવામાં આવે છે. એને કારણે ઇમ્પ્લાન્ટ અને સર્જરીની આવશ્યકતા રહેતી નથી.

બાયોમિમેટિક ડેન્ટિસ્ટ્રી એક અદ્યતન વિજ્ઞાન છે. ડૉ. રિન્કુ જૈન પ્રથમ નિપુણ બાયોમિમેટિક ડેન્ટિસ્ટ છે જેમણે અમેરિકાથી આ તકનીક શીખી છે. તેમણે આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગાઇડલાઇન વિકસાવવા માટે કામ કર્યું છે. માત્ર સુંદર હાસ્ય રેલાવવા માટે નહીં, પરંતુ વધતી ઉંમર સાથે સંપૂર્ણ સ્વાસ્થ્યને સુધારવા માટેની દિશામાં તેઓ કામ કરી રહ્યાં છે.

બાયોમિમેટિક ડેન્ટિસ્ટ્રી અને પરંપરાગત પદ્ધતિમાં શું તફાવત છે?



### બાયોમિમેટિક ડેન્ટિસ્ટ્રી વિશે જાણોઃ

- ★ આ પ્રક્રિયામાં દુખાવો થતો નથી. ઍનેસ્થેસિયા અથવા ઇન્જેકશનની જરૂર રહેતી નથી.
- ★ ઍન્ટિબાયોટિક અથવા પેઇનક્લિર જેવી દવાઓની જરૂરિયાત રહેતી નથી.
- ★ ૮૦થી ૯૦ ટકા કૅવિટીના કેસમાં રૂટ કનૅલની જરૂર રહેતી નથી.
- ★ કૅપ-ક્રાઉનની આવશ્યકતા રહેતી નથી.
- ★ વારંવાર ડૉક્ટરની મુલાકાત કરવી પડતી નથી.
- ★ તમામ સારવાર માઇક્રોસ્કોપથી થાય છે.
- ★ કુદરતી દાંત બચાવી શકાય છે અને એને એના વાસ્તવિક સ્વરૂપની જેમ જ પુનઃસ્થાપિત કરી શકાય છે.

*શા માટે બાયોમિમેટિક ડેન્ટલ સારવાર અને સ્પર્શ ધ એસ્થેટિક ક્લિનિકને પસંદ કરવાં જોઇએ.*

નીચે મુજબની સમસ્યા હોય તેમણે બાયોમિમેટિક સારવાર અપનાવવી જોઇએ

- ★ ટૂથ સેન્સિટિવિટી
- ★ ટૂથ કૅવિટી
- ★ તૂટી ગયેલા અથવા તિરાડો પડેલાં દાંત
- ★ ખોરાક ચાવવામાં તકલીફ પડતી હોય
- ★ ઍસિડિટીની સમસ્યા, જે દાંતને પણ અસર કરતી હોય

### શા માટે આ ટ્રીટમેન્ટ કરાવવી જોઇએ ?

- ★ જો તમે પીડામુક્ત સારવાર પસંદ કરો છો
- ★ માથાનો દુઃખાવાથી રાહત મેળવવા માગતા હોય અથવા
- ★ પરંપરાગત ડેન્ટલ ટ્રીટમેન્ટથી નાખુશ હોય તેવા લોકો માટે આ સારવાર ઉત્તમ છે.
- ★ સ્મિત ફેલાવતી આ પદ્ધતિની અસર જોઇ લો.

સરનામું: સ્પર્શ ધ એસ્થેટિક ક્લિનિક ૧૯૪, પ્રેમજીવન બિલ્ડિંગ, ૭ રોડ, ખાર વેસ્ટ, મુંબઇ-૪૦૦ ૦૫૨.

વધુ માહિતી માટે સંપર્ક કરો

91 99209 00448
91 2265092068

વેબસાઇટ :

www.biomdental.com

# મુંબઈ એરપોર્ટ ટોચનાં ત્રણ એરપોર્ટ્સમાં સામેલ

મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ આંતરરાષ્ટ્રીય એરપોર્ટને એક મોટી સિદ્ધિ હાંસલ થઇ છે. હવાઈ મુસાફરોને અદ્યતન સેવાઓ પ્રદાન કરવા માટે, એરપોર્ટ કાઉન્સિલ ઈન્ટરનેશનલે મુંબઈ એરપોર્ટને લેવલ-૫ માન્યતા આપી છે. આ માન્યતા પ્રાપ્ત કરનાર મુંબઈ દેશનું પ્રથમ એરપોર્ટ છે. જ્યારે સમગ્ર વિશ્વમાં માત્ર બે એરપોર્ટ પાસે આ માન્યતા છે. કાઉન્સિલના જણાવ્યા અનુસાર, મુંબઈ એરપોર્ટે મુસાફરોને શ્રેષ્ઠ સુવિધાઓ આપીને ઉચ્ચ સ્થાન મેળવ્યું છે. આ સન્માન સાથે, એરપોર્ટને વિશ્વના શ્રેષ્ઠ એરપોર્ટની યાદીમાં સામેલ કરવામાં આવ્યું છે. એરપોર્ટ્સ કાઉન્સિલ ઇન્ટરનેશનલ વિશ્વભરની એકમાત્ર એજન્સી છે, જે એરપોર્ટ પર ઉપલબ્ધ પેસેન્જર સુવિધાઓના આધારે માન્યતા આપે છે. જેમાં મુસાફરોના અનુભવો તપાસવામાં આવે છે. છત્રપતિ શિવાજી મહારાજ એરપોર્ટે ભૂતકાળમાં વિવિધ ડિજિટલ ફર્સ્ટ પહેલ પછી આ સિદ્ધિ હાંસલ કરી છે. અદાણી ગ્રુપના વડા ગૌતમ અદાણીએ પણ મુંબઈ એરપોર્ટની આ સિદ્ધિ પર ખુશી વ્યક્ત કરી છે. ■

# વર્ષનો સૌથી મોટો વેડીંગ શો



મુંબઈઃ ૪૦૦૦ હેન્ડપિક ઉત્પાદનો દર્શાવતી પ્રથમ આવૃત્તિ રજૂ થઈ રહી છે. લક્ઝ ફેશન વેડિંગ & લાઇફસ્ટાઈલનો ક્યુરેટેડ શોપિંગ અનુભવ એક વિશિષ્ટ અને સાવચેતીપૂર્વક ક્યુરેટેડ વેડિંગ પ્રદર્શન જેમાં ભારતના અગ્રગણ્ય કોચરીઝ, જ્વેલર્સ, બીસ્પોક ગિફ્ટિંગ નિષ્ણાતો અને ઘણું બધું હશે. ૧૧મી અને ૧૨મી જાન્યુ. (શનિ & રવિ). ઠે. ફોર સીઝન્સ હોટલ વરલી, મુંબઈમાં. ■



**ઘાટકોપરમાં ઝાડથી કારનો કચ્ચરઘાણ**

ઘાટકોપર (પૂર્વ)માં તિલક રોડ પર ગુરુકુલ સ્કૂલ પાસે બુધવારે બપોરના લગભગ બાર વાગ્યાની આસપાસ એક તોતિંગ ઝાડ રસ્તા પર પાર્ક કરેલા વાહન પર તૂટી પડ્યું હતું, જેમાં વાહનને ભારે નુકસાન થયું હતું. સદ્નસીબે કોઈ જખમી થયું નહોતું. ભારે જહેમત બાદ ઝાડને કાપીને હટાવવામાં આવ્યું હતું.

# અરુણ ગવળીને ૨૮ દિવસ જેલમુક્તિ

નાગપુરઃ મુંબઈ હાઈકોર્ટની નાગપુર ખંડપીઠે ગેંગસ્ટરમાંથી રાજકારણી બનેલા અરુણ ગવળીને ૨૮ દિવસનો ફર્લો (જેલમાંથી બહાર રહેવાની પરવાનગી) મંજૂર કર્યો છે. ગવળી હાલમાં મુંબઇ શિવસેનાના નગરસેવકની ૨૦૦૭માં થયેલી હત્યાના ગુનામાં નાગપુર જેલમાં આજીવન કેદની સજા ભોગવી રહ્યો છે.

ન્યાયમૂર્તિ નીતિન સાંબ્રે અને વૃષાલી જોશીની ખંડપીઠે ગવળી દ્વારા દાખલ કરવામાં આવેલી અરજીને મંગળવારે મંજૂરી આપી હતી. અરજીમાં ફર્લો પર મુક્તિની માંગ કરવામાં આવી હતી. અરુણ ગવળીના વકીલ મીર નગમન અલીએ જણાવ્યું હતું કે ગવળીએ હાઈકોર્ટની નાગપુર ખંડપીઠનો સંપર્ક સાધી મુક્તિ માટે પ્રાર્થના કરી હતી કારણ કે અગાઉ અરજી ડેપ્યુટી ઇન્સ્પેક્ટર જનરલ (ડીઆઈજી) જેલ (પૂર્વ વિભાગ) નાગપુર દ્વારા નકારવામાં આવી હતી. (પીટીઆઈ) ■

# તમામ શાળામાં મરાઠી વિષય ફરજિયાત

મુંબઈઃ નવા રાજ્ય અભ્યાસક્રમ પ્લાનમાં મરાઠી વિષય વૈકલ્પિ કરવામાં આવ્યો હોવાની ચાલતી ચર્ચા વચ્ચે હવે સ્કૂલ એજ્યુકેશન પ્રધાન દાદા ભુસેએ 'મરાઠી અનિવાર્ય' એવી ભૂમિકા હાથ ધરી છે. રાજ્યમાં તમામ માધ્યમના અને દરેક મેનેજમેન્ટના તેમ જ બોર્ડની સ્કૂલોમાં મરાઠી શીખવવું ફરજિયાત કરવામાં આવ્યું હોઇ સ્કૂલો કોઇ પણ બહાનું કાઢી નહીં શકે, એવું ભુસેએ કહ્યું હતું. અન્ય બોર્ડના અને ખાનગી મેનેજમેન્ટની સ્કૂલોમાં મરાઠી ભાષા મરાઠી ભાષા શીખવતા શિક્ષકોની એ ભાષાની ગુણવત્તા તપાસવા માટે પરીક્ષા પણ લેવામાં આવશે, એવું પણ તેમણે જણાવ્યું હતું.

ભુસેએ મંગળવારે પત્રકારો સાથે વાતચીત કરતાં જણાવ્યું હતું કે સ્કૂલના શિક્ષણ અંગે અનેક સૂચના અને સમસ્યા સાંભળી હતી. શિક્ષણ વિભાગની આગળની હિલચાલ શી હશે અને એ માટે શું કરવું પડશે, એ અંગે ભુસે અન્ય ઘટકો સાથે વાતચીત કરી રહ્યા છે. આમાંથી જ સ્કૂલ શિક્ષણ વિભાગનો રેડમેપ નજીકમાં જ તૈયાર કરવામાં આવશે, એવું તેમણે જણાવ્યું હતું. ■

એલ્ગાર પરિષદ કેસઃ

# હાઈ કોર્ટે રોના વિલ્સન, સુધીર ધવલેને જામીન આપ્યા

મુંબઈઃ બોમ્બે હાઈ કોર્ટે બુધવારે સંશોધક રોના વિલ્સન અને કાર્યકર્તા સુધીર ધવલેના જામીન મંજૂર કર્યા છે, બંનેની એલ્ગાર પરિષદ-માઓવાદી લિંક્સ કેસમાં ૨૦૧૮માં ધરપકડ કરવામાં આવી હતી.

જસ્ટિસ એ. એસ. ગડકરી અને કમલ ખાટાની ડિવિઝન બેન્ચે નોંધ્યું હતું કે તેઓ લાંબા સમયથી જેલમાં છે અને આ કેસમાં ૩૦૦ થી વધુ સાક્ષીઓ છે તેથી નજીકના ભવિષ્યમાં ટ્રાયલ પૂર્ણ થાય તે શક્ય નથી. કોર્ટે વિલ્સન અને ધવલેને એક-એક લાખ રૂપિયાની જામીન જમા કરાવવા અને ટ્રાયલ સુનાવણી માટે સ્પેશિયલ એનઆઈએ કોર્ટમાં હાજર થવાનો નિર્દેશ આપ્યો હતો.

બચાવ પક્ષના વકીલ મિહિર દેસાઈ અને સુદીપ પાસબોલાએ દલીલ કરી હતી કે આરોપીઓ ૨૦૧૮થી જેલમાં બંધ છે અને વિશેષ અદાલત દ્વારા આરોપો પણ ઘડવાના બાકી છે. આ મામલો ૩૧ ડિસેમ્બર, ૨૦૧૭ ના રોજ પુણેમાં આયોજિત એલ્ગાર પરિષદ કોન્ક્લેવમાં કથિત રીતે આપવામાં આવેલા ઉશ્કેરણીજનક ભાષણો બાદ બીજા દિવસે પુણે જિલ્લાના કોરેગાંવ-ભીમામાં ભડકેલી હિંસા સંબંધિત છે. પુણે પોલીસે દાવો કર્યો હતો કે કોન્ક્લેવને માઓવાદીઓનું સમર્થન હતું. (પીટીઆઈ) ■

# બૌદ્ધિક સમસ્યા ધરાવતી સ્ત્રી માતા ન બની શકે?: હાઈ કોર્ટ

મુંબઈઃ શું બૌદ્ધિક સમસ્યા ધરાવતી મહિલાને માતા બનવાનો કોઈ અધિકાર નથી એવો વેધક સવાલ બોમ્બે હાઈકોર્ટે બુધવારે કર્યો હતો.


ન્યાયમૂર્તિ આર. વી. ઘુગે અને ન્યાયમૂર્તિ રાજેશ પાટીલની ખંડપીઠ ૨૭ વર્ષની મહિલાના પિતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર સુનાવણી કરી રહી હતી. આ અરજીમાં મહિલા માનસિક રીતે અસ્વસ્થ અને અપરિણીત હોવાથી પિતાશ્રીએ ૨૧ અઠવાડિયાની ગર્ભાવસ્થા તબીબી રીતે સમાપ્ત કરવાની મંજૂરી માંગી હતી.પિતાએ અરજીમાં રજૂઆત કરી હતી કે તેની પુત્રી ગર્ભાવસ્થા ચાલુ રાખવા માંગે છે. મુંબઈની રાજ્ય સંચાલિત જેજે હોસ્પિટલમાં મેડિકલ બોર્ડ દ્વારા મહિલાની તપાસ કરવામાં આવે એવો નિર્દેશ ખંડપીઠે ગયા અઠવાડિયે આપ્યો હતો. મેડિકલ બોર્ડ દ્વારા બુધવારે રજૂ કરવામાં આવેલા રિપોર્ટ અનુસાર મહિલા માનસિક રીતે અસ્વસ્થ કે બીમાર નથી પરંતુ ૭૫ ટકા આઈક્યુ સાથે બોર્ડર લાઇન બૌદ્ધિક સમસ્યા હોવાનું નિદાન થયું હતું. મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટની જોગવાઈઓ અનુસાર જે કિસ્સામાં મહિલા માનસિક રીતે બીમાર હોય તેવા કિસ્સામાં ૨૦ સપ્તાહના ગર્ભના સમયગાળાથી વધુ સમયના ગર્ભાવસ્થાની મંજૂરી આપવામાં આવે છે. (પીટીઆઈ) ■

# સાયનની ઈમારતમાં આગ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ સાયન હૉસ્પિટલ નજીક આવેલી ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની બિલ્ડિંગના પહેલા માળે બુધવારે સવારના આગ ફાટી નીકળી હતી. સદ્નસીબે આગમાં કોઈ જાનહાનિ થઈ નહોતી. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સાયન હૉસિપટલ નજીક સુલોચના શેટ્ટી માર્ગ પર ગ્રાઉન્ડ પ્લસ ત્રણ માળની પંચશીલ બિલ્ડિંગ આવેલી છે. બુધવારે સવારના લગભગ નવ વાગ્યાની આસપાસ પહેલ માળા પર આવેલા ફ્લેટમાંથી ભારે માત્રામાં ધુમાડો નીકળી રહ્યો હોવાનું જણાઈ આવ્યું હતું. ■


કચ્છી લોહાણા



સ્વ. સુરેશભાઈ કાંતીલાલ કેસરીયા

ગામ કચ્છ નરેડીના સ્વ. કાંતાબેન કાંતીલાલ કેસરીયાના સુપુત્ર ઉ.વ. ૬૨ મંગળવાર, તા. ૦૭.૦૧.૨૦૨૫ના રોજ શ્રીજી ચરણ પામેલ છે.

તે પ્રીતીબહેન કેસરીયા ના પતિ,
યશના પિતાશ્રી, હેમાલી ના સસરા, આહના ના દાદા,
લતા નીતીન મજીઠીયા, ગીતા પ્રકાશ ઠક્કર, મમતા દિપક નથવાની ના ભાઈ,
નિર્મળા મુલજી કેસરીયાના પૌત્ર,
મણીબેન સુંદરદાસ કોટક (સંઘાણી પરિવાર) ના દોહિત્ર,
જયાબેન મોહનલાલ વેલજી ઠક્કરના જમાઈ, દિપક, ભાવેસ ના બનેવી,
સપના, જુલીના નણદોયા,પન્નાબેન દિપક કોઠારી ના વેવાઈ,
સ્વ. રામજી મુલજી અને સ્વ. હરીશમુલજી ના ભત્રીજા,
મંગલદાસ, કાકુભાઈ, ચંદુભાઈ દેવેન્દ્ર તથા વીરમતીબેન ના ભાણેજ,
ચિરાગ, જેસલ, પુરવના મામા, અતિશ, મોનીલ, કરન, દ્રષ્ટી ના ફુઆ
ભુપેન્દ્રભાઈ શાહ, હીરેનભાઈ આશર, અતુલભાઈ ગોગરી ના ભાઈતુલ્ય

પ્રાર્થના સભા

ગુરૂવાર, તા. ૦૯.૦૧.૨૦૨૫ ના રોજ, સાંજે ૪:૦૦ થી ૬.૦૦ કલાકે
સ્થળઃ શ્રી બાલાજી બૅન્કવેટ, એસ. વી. રોડ, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭.
લૌકિક વહેવાર બંધ છે
નિવાસ સ્થાનઃ બી-૬૦૪, કૈલાશ ટાવર, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૬૭.
પ્રિતીઃ 9664040406 યશઃ 9967476388

પ્રિતી ડેકોરેટ્સ • શ્રી બાલાજી બૅન્કવેટ


# નાંદેડ બ્લાસ્ટના આરોપીઓની જમણેરી કડી સિદ્ધ કરવામાં નિષ્ફળતાઃ અદાલત

મુંબઈઃ કેટલાક જમણેરી જૂથો સાથે સંબંધિત સાહિત્ય અને સંદેશાવ્યવહારની માત્ર આપલેને આતંકવાદી કૃત્ય આચરવાનું કાવતરું ગણી શકાય નહીં, મહારાષ્ટ્રની એક અદાલતે નાંદેડ બ્લાસ્ટ કેસમાં આરએસએસ અને વીએચપી સાથે જોડાયેલા હોવાના આરોપમાં નવ વ્યક્તિઓને નિર્દોષ મુક્ત કરતી વખતે નોંધ્યું હતું.

નાંદેડ જિલ્લા અને વધારાના સેશન્સ જજ સી.વી. મરાઠેએ પણ અવલોકન કર્યું હતું કે વિસ્ફોટના સ્થળેથી જીવંત બોમ્બ મળ્યાનો ફરિયાદી પક્ષનો દાવો આરોપીઓને ફસાવવા માટે 'વાર્તા' હતી જે ગુનો સાબિત કરવામાં નિષ્ફળ ગયો હતો. બચાવ પક્ષે દલીલ કરી હતી કે આ મામલો 'હિંદુ આતંકવાદને દર્શાવવા માટે ખોટા સૂચિતાર્થનો ઉત્તમ નમૂનો છે.' (પીટીઆઈ) ■

# કાલાઘોડાના રસ્તાને મળશે હેરિટેજ લૂક

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ કાલાઘોડા દક્ષિણ મુંબઈમાં ઐતિહાસિક અને હેરિટેજ પરિસર ગણાય છે, જેની મુંબઈ સહિત વિદેશના પર્યટકો મોટી સંખ્યામાં મુલાકાત લેતા હોય છે. દર વર્ષે અહીં કાલાઘોડા ફેસ્ટિવલનું પણ આયોજન થતું હોય છે ત્યારે આ પરિસરના હેરિટેજ લૂકને ધ્યાનમાં રાખીને અહીં સુશોભિકરણનું કામ હાથ ધરવામાં આવવાનું છે. કાલાઘોડા પરિસરના પાંચ રસ્તાને હેરિટેજ લૂક આપીને તેનું સુશોભિકરણ કરવાનો નિર્ણય પાલિકાએ લીધો છે.

પાલિકાના 'એ' વોર્ડ દ્વારા કાલાઘોડા પરિસરમાં રુધરફિલ્ડ સ્ટ્રીટ અને વી.બી.ગાંધી માર્ગમાં જુદાં જુદાં કામ કરવામાં આવવાનાં છે. કાલાઘોડા ફેસ્ટિવલની પાર્શ્વભૂમિ પર આ કામ ૨૧ જાન્યુઆરી સુધી પૂરા કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે, જેમાં કોબેસ્ટોન નામનો પથ્થર બેસાડવાની સાથે હરિયાળો વિસ્તાર ઊભો કરાશે. ■


Your Love and Blessings Guides us.

**Smt. Sushilaben Vora**

Age : 89 Years



In grief : Minal - Nimesh
Grand Children : Kirtana - Ruchit
Prayer Meet : Thursday 9th January 2025
5.00 - 6.30 pm
Amulakh Amichand School Hall
Rafi Ahmed Kidwai Road, Matunga - Kings Circle
Mumbai

Srinivas Papers
Gives Life to Prints

# પાકિસ્તાન પાસેથી ચૅમ્પિયન્સ ટ્રોફીનું યજમાનપદ આંચકી લેવાશે?

## સ્ટેડિયમોમાં હજી બાંધકામ ચાલુ છેઃ આખી સ્પર્ધા કદાચ યુએઈને સોંપી દેવાશે

દુબઈઃ ૧૯મી ફેબ્રુઆરીથી વન-ડે ક્રિકેટની આઇસીસી ચૅમ્પિયન્સ ટ્રોફી પાકિસ્તાનમાં રમાવાની છે, પરંતુ ત્યાં જે ત્રણ સ્થળે આ સ્પર્ધાની મૅચો રમાવાની છે ત્યાંના સ્ટેડિયમમાં બાંધકામ હજી ઘણું બાકી હોવાથી આખી સ્પર્ધા પાકિસ્તાન પાસેથી લઈને કદાચ યુએઇને સોંપી દેવામાં આવશે એવી ચર્ચા છે.

આ ટૂર્નામેન્ટમાં ભારતની મૅચો દુબઈમાં રમાવાની છે, પણ લાહોર, કરાચી અને રાવલપિંડી ખાતેના સ્ટેડિયમ હજી પૂરા બનવાના બાકી હોવાથી આઇસીસી આખી સ્પર્ધા યુએઇમાં રાખવા પર વિચાર કરી રહી છે.

સ્પર્ધાને હજી દોઢ મહિનો બાકી છે, પરંતુ જેટલું કામ બાકી છે એ જોતાં આઇસીસી પોતાના કડક કાયદાના પાલનને ધ્યાનમાં લઈને આ ટૂર્નામેન્ટ પાકિસ્તાન પાસેથી લઈ લે તો નવાઈ નહીં લાગે.

એક સૂત્રના જણાવ્યા મુજબ 'ત્રણેય સ્ટેડિયમમાં નાનું-સૂનું કામ બાકી નથી. મોટા બાંધકામ બાકી છે. હજારો પ્રેક્ષકોને બેસવા માટેની સગવડ પણ હજી પૂરી તૈયાર નથી થઈ. ફ્લડલાઇટસ અને પિચ પણ પૂરેપૂરી તૈયાર થવાની બાકી છે. લાહોરનું ગદ્દાફી સ્ટેડિયમ જેની નજીકના એક વિસ્તારમાં ૨૦૦૯માં શ્રીલંકાની ટીમ પર આતંકવાદીઓએ હુમલો કર્યો હતો એ સ્ટેડિયમમાં પ્લાસ્ટર વર્ક હજી પૂરું નથી થયું. ખેલાડીઓ માટેના ડ્રેસિંગ-રૂમમાં પણ ઘણું કામ બાકી છે.'

બુધવાર, ૧૯મી ફેબ્રુઆરીએ કરાચીમાં પ્રથમ મૅચ પાકિસ્તાન અને ન્યૂ ઝીલૅન્ડ વચ્ચે રમાશે. રવિવાર, ૨૩મી ફેબ્રુઆરીએ ભારત-પાકિસ્તાન વચ્ચે દુબઈમાં (બપોરે ૨.૩૦ વાગ્યાથી) ટક્કર થશે. ■

# યશસ્વીને વન-ડેના ડેબ્યૂનો મોકોઃ રાહુલ, જાડેજા, શમી ડાઉટફુલ

## ચૅમ્પિયન્સ ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટ માટે ટીમ જાહેર કરવા રવિવાર સુધીની મહેતલઃ ૧૯મી ફેબ્રુઆરીએ સ્પર્ધાનો આરંભ




નવી દિલ્હીઃ આવતા મહિને પાકિસ્તાનમાં યોજાનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી માટેની ટીમ જાહેર કરી દેવા વિશે ૧૨મી જાન્યુઆરી છેલ્લી તારીખ છે અને એ દિવસે અથવા એ પહેલાં જાહેર થનારી ટીમમાં કૅપ્ટન રોહિત શર્મા તથા વિરાટ કોહલી (ન્યૂ ઝીલૅન્ડ તથા ઑસ્ટ્રેલિયા સામેની ટેસ્ટ-સિરીઝમાં કંગાળ રમવા છતાં) સ્થાન જાળવી રાખશે, એવી ધારણા એક અહેવાલમાં વ્યક્ત કરવામાં આવી છે. યશસ્વી જયસ્વાલ આ ટીમમાં હશે, પરંતુ કેએલ રાહુલ તેમ જ રવીન્દ્ર જાડેજા અને મોહમ્મદ શમી ટીમમાં નહીં હોય એવું પણ રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારતની મૅચો દુબઈમાં રમાશે.

પ્રેસ ટ્રસ્ટ ઑફ ઇન્ડિયા (પીટીઆઇ)ના અહેવાલ મુજબ યશસ્વીએ વન-ડેમાં હજી ડેબ્યૂ નથી કર્યું, પણ ચૅમ્પિયન્સ ટ્રોફી માટે તેને સિલેક્ટ કરીને વન-ડેની કારકિર્દી પણ શરૂ કરવાનો મોકો અપાશે એવું માનવામાં આવે છે. તેના સમાવેશ સાથે ઓપનિંગમાં લેફ્ટ-હૅન્ડનો વિકલ્પ ઉપલબ્ધ થશે જેનાથી ટીમ ઇન્ડિયાને ઘણો ફાયદો થશે અને હરીફ ટીમના બોલર્સે વ્યૂહરચના બદલવી પડશે.

અહેવાલમાં બતાવવામાં આવેલી ધારણા અનુસાર રિષભ પંત વિકેટકીપર-બૅટર તરીકે પ્રથમ પસંદગી હશે. એ જોતાં, કેએલ રાહુલ વિશેની ચર્ચા પર કદાચ પૂર્ણવિરામ મૂકી દેવામાં આવશે. ૨૦૨૩ના વન-ડે વર્લ્ડ કપ વખતે રિષભ પંત કાર-અકસ્માતને લીધે ન રમી શક્યો હોવાથી રાહુલને ટીમમાં સમાવાયો હતો. જોકે શ્રીલંકા સામેની સિરીઝમાં અધવચ્ચે તેને પડતો મૂકવામાં આવ્યો હતો. એ સિરીઝમાં પંત એક મૅચ રમ્યો હતો અને અકસ્માત બાદ પાછા આવ્યા પછી પંત તે એકમાત્ર વન-ડે રમ્યો છે.

જો અજિત આગરકરના અધ્યક્ષસ્થાનમાં સિલેક્શન કમિટી વધારાના વિકેટકીપરને લેવાનું નક્કી કરશે તો રાહુલ અથવા ધ્રુવ જુરેલ અથવા સંજુ સૅમસનનો સમાવેશ થઈ શકે. કહેવાય છે કે હેડ-કોચ ગૌતમ ગંભીરનો સિલેક્શનની બાબતમાં મત માગવામાં આવશે તો તે સૅમસનને લેવાનું વધુ પસંદ કરશે.

વાઇટ-બૉલ ક્રિકેટમાં રવીન્દ્ર જાડેજા કરતાં અક્ષર પટેલ વધુ અસરદાર હોવાથી અક્ષરને ઑલરાઉન્ડર તરીકે અને વૉશિંગ્ટન સુંદરને મુખ્ય ઑફ-સ્પિનર તરીકે પસંદ કરવામાં આવે એવી સંભાવના છે.

કુલદીપ યાદવ દેશના મુખ્ય વિકેટ-ટેકિંગ બોલર્સમાં ગણાય છે, પરંતુ તેણે તાજેતરમાં સર્જરી કરાવી હોવાથી વિજય હઝારે ટ્રોફીમાં નથી રમ્યો અને હવે ચૅમ્પિયન્સ ટ્રોફી માટે તેના રમવા વિશે શંકા છે.

મોહમ્મદ શમીની ફિટનેસ વિશે સિલેક્શન કમિટીને હજી સુધી સ્પષ્ટ જાણકારી ન મળી હોવાથી તેનું સિલેક્શન કરાશે કે કેમ એમાં શંકા છે.

### ચૅમ્પિયન્સ ટ્રોફી માટેના સંભવિત ભારતીય ખેલાડીઓ

રોહિત શર્મા (કૅપ્ટન), શુભમન ગિલ, યશસ્વી જયસ્વાલ, વિરાટ કોહલી, રિષભ પંત (વિકેટકીપર), કેએલ રાહુલ (વિકેટકીપર), હાર્દિક પંડ્યા, સૂર્યકુમાર યાદવ, અક્ષર પટેલ, વરુણ ચક્રવર્તી/રવિ બિશ્નોઈ, વૉશિંગ્ટન સુંદર, જસપ્રીત બુમરાહ, મોહમ્મદ સિરાજ, અર્શદીપ સિંહ, આવેશ ખાન/મોહમ્મદ શમી, રિન્કુ સિંહ/તિલક વર્મા. ■

# મેં સમય બગાડવા માટે જ બુમરાહને અટકાવેલોઃ કૉન્સ્ટૅસ

## વર્લ્ડ નંબર-વન બોલર સામેની ભૂલ વિવાદાસ્પદ ઑસ્ટ્રેલિયન ટીનેજરે સ્વીકારી અને કોહલીના ભરપેટ વખાણ કર્યા




સિડનીઃ તાજેતરમાં ભારત સામેની બોર્ડર-ગાવસકર ટ્રોફીમાં ચારમાંથી માત્ર એક ઇનિંગ્સમાં હાફ સેન્ચુરી ફટકારનાર અને ઓપનિંગમાં સાવ સાધારણ રમનાર ૧૯ વર્ષનો સૅમ કૉન્સ્ટૅસ પર્ફોર્મન્સને બદલે બે મોટા વિવાદ બદલ ચર્ચામાં રહ્યો છે. વિરાટ કોહલી સાથે તેમ જ જસપ્રીત બુમરાહ સાથે તેનો વિવાદ થયો હતો. બુમરાહ સાથેના વિવાદ સંબંધમાં કૉન્સ્ટૅસે એક ચૅનલ સાથેની મુલાકાતમાં ભૂલ સ્વીકારી હતી અને વિરાટ કોહલીના ખૂબ વખાણ કરીને તેની સાથેના વિવાદને ઠંડો પાડી દેવાનો પ્રયત્ન કર્યો હતો.

કૉન્સ્ટૅસના બુમરાહ અને કોહલી સાથેના વિવાદ આ મુજબ હતાઃ (૧) સિડનીની છેલ્લી ટેસ્ટના પહેલા દાવમાં દિવસની રમતની અંતિમ પળોમાં બુમરાહ રન-અપ શરૂ કરી રહ્યો હતો ત્યારે બૅટર ઉસમાન ખ્વાજાએ સમય બગાડવાના હેતુથી બુમરાહને અટકી જવા કહ્યું હતું. કૉન્સ્ટૅસે પણ હાથ બતાવીને બુમરાહને રોક્યો હતો એટલે બુમરાહ ઉશ્કેરાયો હતો અને કૉન્સ્ટૅસને ઠપકો આપવા આગળ આવ્યો ત્યારે કૉન્સ્ટૅસ પણ ભારતીય ટીમના આ વર્લ્ડ નંબર-વન અને સિનિયર બોલર સામે દલીલ પર ઊતરી પડ્યો હતો. અમ્પાયરે બન્નેને છોડાવ્યા હતા. થોડી વારમાં જ બુમરાહે ખ્વાજાને આઉટ કરીને પોતાની તાકાત બતાવી દીધી હતી અને કૉન્સ્ટૅસની નજીક આવીને ખુન્નસથી તેની સામે જોઈને તેને નવા નિશાળિયા તરીકેની તેની મર્યાદા બતાવી દીધી હતી. (૨) વિરાટ કોહલી સાથે પણ કૉન્સ્ટૅસનો વિવાદ થયો હતો. બૅટર કૉન્સ્ટૅસ એક ઓવર બાદ ગ્લવ્ઝ બદલતા-બદલતા પિચ નજીક ચાલી રહ્યો હતો ત્યારે સામેથી કોહલી આવ્યો અને તેની સાથે ખભો ટકરાવ્યો હતો. ત્યાર બાદ બન્ને વચ્ચે દલીલ થઈ હતી.

કૉન્સ્ટૅસે એક ચૅનલને ગઈ કાલે મુલાકાતમાં બુમરાહ સાથેના ઘર્ષણ બાબતમાં ખેદ વ્યક્ત કરતા અને પોતાની ભૂલ કબૂલ કરતા કહ્યું, 'મને આ ઘટના પરથી શીખવા મળ્યું. હું તો સમય બગાડવા માટે જ બુમરાહને રોકી રહ્યો હતો કે જેથી તેમને રમતના એ અંત ભાગમાં વધુ એક ઓવર બોલિંગ કરવા ન મળે. જોકે છેલ્લું અટ્ટહાસ્ય તો બુમરાહનું જ હતું. તે જેવો તેવો બોલર નથી. વર્લ્ડ ક્લાસ બોલર છે અને સિરીઝમાં તેની ૩૨ વિકેટ હાઈએસ્ટ હતી. હવે જો ફરી વાર એવી ઘટના બનશે તો હું બુમરાહ સામે કંઈ જ દલીલ નહીં કરું.'

કોહલી સાથેની ખભાની ટક્કરના બનાવ બાબતમાં કૉન્સ્ટૅસે ચૅનલને કહ્યું, 'એ ઘટના બાદ પછીથી હું મારા બાળપણના હીરો કોહલી પાસે પહોંચી ગયો હતો. મેં તેની સાથે થોડી વાતચીત કરી હતી અને તેને કહ્યું કે તું મારો આદર્શ છે અને તારી સામે રમવામાં હું ગર્વ અનુભવી રહ્યો છું.'

કૉન્સ્ટૅસે કોહલી વિશે એવું પણ કહ્યું કે 'મૅચ દરમ્યાન મને સુખદ આશ્ચર્ય થતું કે વાહ, વિરાટ કોહલી જે મૅચમાં બૅટિંગ કરી રહ્યો છે એ મૅચમાં હું પણ રમી રહ્યો છું અને ક્રાઉડ તેને જોરદાર ચિયર-અપ કરી રહ્યા છે. કોહલી ખૂબ જ વિનમ્ર સ્વભાવનો છે. ખેલાડી ઉપરાંત માણસ તરીકે પણ ખૂબ સારો છે. મને તેણે ભવિષ્ય વિશે શુભેચ્છા આપી હતી અને કહ્યું કે શ્રીલંકાના પ્રવાસ માટે જો તને સિલેક્ટ કરાશે તો એમાં તું સારું રમીશ એવી મને આશા છે. મારા આખા પરિવારને કોહલી પ્રિય છે. હું નાનપણથી તેને ફૉલો કરું છું, તે મારો આદર્શ છે અને ક્રિકેટનો તે લેજન્ડ છે.'

સ્વાભાવિક છે કે ઑસ્ટ્રેલિયા આ સિરીઝ જીતી ગયું એટલે આનંદના વાતાવરણમાં કૉન્સ્ટૅસને બુમરાહ અને કોહલી, બન્ને પર પ્રેમ ઊભરાઈ આવ્યો છે અને ભૂલ સ્વીકારી લીધી છે. ■

# ઇંગ્લૅન્ડ સામેની સિરીઝ પહેલાં સાઇબાબાના આશીર્વાદ લેવા શીર્ડી પહોંચી ગયો સૂર્યકુમાર



મુંબઈઃ ભારતની ટી-૨૦ ટીમનો કૅપ્ટન સૂર્યકુમાર યાદવ ઇંગ્લૅન્ડ સામે આગામી બાવીસમી જાન્યુઆરીએ ઘરઆંગણે શરૂ થનારી પાંચ મૅચની ટી-૨૦ સિરીઝ પહેલાં પત્ની દેવિશા સાથે બુધવારે શીર્ડી ગયો હતો. તેણે આશીર્વાદ મેળવવા સાઇબાબાની મૂર્તિ નજીક પૂજા-અર્ચના કરી હતી. ભારતના ટી-૨૦ કૅપ્ટન તરીકે સૂર્યાનો પર્ફોર્મન્સ સારો રહ્યો છે, પરંતુ તાજેતરમાં વિજય હઝારે ટ્રોફીમાં તે સારું નથી રમી શક્યો. ચાર ઇનિંગ્સમાં તે ફક્ત ૩૮ રન બનાવી શક્યો હતો. ઇંગ્લૅન્ડ સામેની ૨૨મીની પ્રથમ ટી-૨૦ કોલકાતામાં અને ત્યાર પછીની મૅચો ૨૫, ૨૮, ૩૧ જાન્યુઆરી તથા બીજી ફેબ્રુઆરીએ રમાશે.

નવેમ્બર, ૨૦૨૪માં સાઉથ આફ્રિકા સામેની ટી-૨૦ શ્રેણીમાં ભારતનો સૂર્યકુમારના નેતૃત્વમાં ૩-૧થી વિજય થયો હતો.

હાલમાં ટી-૨૦ના રૅન્કિંગમાં ભારતીય ટીમ મોખરે છે. ભારતના ૨૬૮ પૉઇન્ટ છે, જ્યારે ઑસ્ટ્રેલિયા તથા ઇંગ્લૅન્ડ અનુક્રમે ૨૫૯ અને ૨૫૫ પૉઇન્ટ સાથે બીજા-ત્રીજા ક્રમાંકે છે. ■

# રાહુલે બ્રેક લીધોઃ ઑસ્ટ્રેલિયાના પ્રવાસના ત્રણ ખેલાડીઓ વિજય હઝારે ટ્રોફીમાં રમશે



નવી દિલ્હીઃ વડોદરામાં આજથી વિજય હઝારે ટ્રોફી વન-ડે ટૂર્નામેન્ટનો નૉકઆઉટ રાઉન્ડ (સવારે ૯.૦૦ વાગ્યાથી) શરૂ થઈ રહ્યો છે અને એમાં ઑસ્ટ્રેલિયા ખાતેના પ્રવાસેથી પાછા આવી રહેલા કેટલાક ખેલાડીઓ પોતાની કાબેલિયત બતાવવા તૈયાર થઈ ગયા છે. ઓપનર કે. એલ. રાહુલ થોડા દિવસનો બ્રેક લઈ રહ્યો છે અને તેણે ક્રિકેટ સત્તાધીશોને એ વિશે વિનંતી કરી છે. ઑલરાઉન્ડર વૉશિંગ્ટન સુંદર પણ મોટા ભાગે એકાદ-બે મૅચ નહીં રમે. જો તામિલનાડુ સેમિ ફાઇનલમાં પહોંચશે તો વૉશિંગ્ટન ઉપલબ્ધ રહેશે.

ઑસ્ટ્રેલિયા ખાતેના નિષ્ફળ પ્રવાસેથી મોટા ભાગના ખેલાડીઓ ભારત પાછા આવી રહ્યા હોવાના અહેવાલ વચ્ચે એક રિપોર્ટમાં એવું જણાવાયું હતું કે તેમની સાથે બૅટર દેવદત્ત પડિક્કલ અને પેસ બોલર પ્રસિદ્ધ ક્રિષ્ના પાછા આવી રહ્યા છે. ઓપનર અભિમન્યુ ઈશ્વરનને બંગાળ ક્રિકેટ અસોસિયેશને એક દિવસ વહેલા ભારત પાછા આવવાની વ્યવસ્થા કરી આપી છે કે જેથી તે બેંગાલ વતી વિજય હઝારે ટ્રોફીમાંની આજની મૅચમાં રમી શકે. બેંગાલની પ્રી-ક્વૉર્ટર ફાઇનલ હરિયાણા સામે છે. પેસ બોલર આકાશ દીપ પીઠના દુખાવાને લીધે સિડનીની છેલ્લી ટેસ્ટમાં નહોતો રમ્યો અને હવે વિજય હઝારે ટ્રોફીની આજની મૅચમાં નહીં રમે અને બેન્ગલૂરુ જઈને બીસીસીઆઇની ઍકેડેમીમાં સારવાર લેશે.

શનિવાર, ૧૧મી જાન્યુઆરીએ કર્ણાટકની બરોડા સામે ક્વૉર્ટર ફાઇનલ છે અને એમાં કર્ણાટક વતી રમવા માટે પડિક્કલ તથા પ્રસિદ્ધ ક્રિષ્ના વહેલાસર ભારત પાછા આવી રહ્યા છે. પડિક્કલને બે મહિના પહેલાં ઑસ્ટ્રેલિયામાં ઇન્ડિયા 'એ' ટીમ વતી રમવા માટે મોકલવામાં આવ્યો હતો. બોર્ડર-ગાવસકર ટ્રોફી પહેલાંની એ 'શૅડો ટૂર' બાદ પડિક્કલને ઑસ્ટ્રેલિયામાં જ રહેવાનું કહેવામાં આવ્યું હતું અને રોહિત શર્મા પર્થની પ્રથમ ટેસ્ટમાં ન રમ્યો હોવાથી પડિક્કલને તેના સ્થાને રમાડવામાં આવ્યો હતો. જોકે સિરીઝમાં ત્યાર પછી પડિક્કલને નહોતું રમવા મળ્યું.

પ્રસિદ્ધ ક્રિષ્નાને ઑસ્ટ્રેલિયામાં માત્ર સિડનીની આખરી ટેસ્ટમાં રમવા મળ્યું હતું. છેલ્લાં એક વર્ષમાં તેની એ એકમાત્ર ટેસ્ટ હતી જેમાં તેણે કુલ છ વિકેટ લીધી હતી. સ્ટીવ સ્મિથને બન્ને દાવમાં તેણે આઉટ કર્યો હતો. વિજય હઝારે ટ્રોફીમાં આજની બીજી પ્રી-ક્વૉર્ટર ફાઇનલ રાજસ્થાન-તામિલનાડુ વચ્ચે રમાશે. શનિવારે ક્વૉર્ટર ફાઇનલ મુકાબલા મહારાષ્ટ્ર-પંજાબ તથા કર્ણાટક-બરોડા વચ્ચે થશે. ગુજરાત તથા વિદર્ભની હરીફ ટીમ હવે પછી નક્કી થશે. ■

# અફઘાનિસ્તાને અજય જાડેજા અને ટ્રૉટને હડસેલીને યુનીસ ખાનને બનાવી દીધો મેન્ટર

## ચૅમ્પિયન્સ ટ્રોફી માટે કરી નિયુક્તિઃ જાડેજા-ટ્રૉટના સુકાનમાં અફઘાની ટીમમાં જોરદાર પરિવર્તન આવ્યું હતું




કાબુલઃ ફેબ્રુઆરીમાં પાકિસ્તાનમાં રમાનારી વન-ડેની ચૅમ્પિયન્સ ટ્રોફી વિશે અફઘાનિસ્તાન ક્રિકેટ બૉર્ડે એક વિચિત્ર નિર્ણય લીધો છે. ૨૦૨૩માં ભારતમાં રમાયેલા વન-ડેના વર્લ્ડ કપ દરમ્યાન અફઘાનિસ્તાને પોતાની ટીમ માટે ભારતના ભૂતપૂર્વ બૅટર અજય જાડેજાને મેન્ટર તરીકે નિયુક્ત કર્યો હતો તેમ જ ૨૦૨૪ના ટી-૨૦ વિશ્વ કપ માટે ઇંગ્લૅન્ડના જોનથન ટ્રૉટને મેન્ટરશિપની જવાબદારી સોંપી હતી અને એ બન્ને મેન્ટરના માર્ગદર્શનમાં અફઘાનિસ્તાને ખૂબ સારું પર્ફોર્મ કર્યું હતું, પરંતુ આગામી ચૅમ્પિયન્સ ટ્રોફી માટે પાકિસ્તાનના ભૂતપૂર્વ બૅટર યુનીસ ખાનને મેન્ટર બનાવવામાં આવ્યો છે.


ચૅમ્પિયન્સ ટ્રોફીમાં ભારત પોતાની મૅચો દુબઈમાં રમશે.

આઇસીસીની મોટી ઇવેન્ટમાં અફઘાનિસ્તાનની ટીમ હવે ખૂબ પડકારરૂપ થઈ ગઈ છે. ભારતમાં આયોજિત વન-ડે વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાને અજય જાડેજાના માર્ગદર્શનમાં ઇંગ્લૅન્ડ, પાકિસ્તાન અને શ્રીલંકાને હરાવ્યું હતું તેમ જ ગ્લેન મૅક્સવેલ જો ઑસ્ટ્રેલિયાની વહારે ન આવ્યો હોત તો અફઘાની ટીમે ઑસ્ટ્રેલિયન ટીમને પણ હરાવી દીધી હોત. ૨૦૨૪ના ટી-૨૦ વર્લ્ડ કપમાં અફઘાનિસ્તાને જોનથન ટ્રૉટની મેન્ટરશિપમાં ન્યૂ ઝીલૅન્ડ, ઑસ્ટ્રેલિયા અને બાંગ્લાદેશને હરાવ્યું હતું અને પહેલી વાર આ ટૂર્નામેન્ટની સેમિ ફાઇનલમાં પ્રવેશ કર્યો હતો.

જોકે ચૅમ્પિયન્સ ટ્રોફીને લગભગ એક મહિનો બાકી છે ત્યારે અફઘાનિસ્તાન ક્રિકેટ બૉર્ડે યુનીસ ખાનમાં વિશ્વાસ મૂક્યો છે. યુનીસે અફઘાન ટીમના મેન્ટર તરીકે કરાર કર્યા છે. ૨૦૨૨માં યુનીસ ખાન અફઘાનિસ્તાનનો બૅટિંગ-કોચ હતો.

ચૅમ્પિયન્સ ટ્રોફીમાં અફઘાનિસ્તાનવાળા ગ્રૂપ-બીમાં ઑસ્ટ્રેલિયા, ઇંગ્લૅન્ડ અને સાઉથ આફ્રિકા છે. ■

# આ સ્ટાર છે ધનશ્રીના ચહલ સાથેના ડિવૉર્સનું કારણ?



નવી દિલ્હીઃ હાલમાં જ્યાં જુઓ ત્યાં બસ ભારતીય ક્રિકેટર યુઝવેન્દ્ર ચહલ અને ધનશ્રી વર્માના ડિવોર્સ વિશે અટકળો ચાલી રહી છે. બંનેએ એકબીજાને સોશિયલ મીડિયા પરથી અનફૉલો કરી દીધા છેઅને ચહલે તો પોતાના અકાઉન્ટ પરથી લગ્નના ફોટા પણ ડિલીટ કરી નાખ્યા હતા. એટલું જ નહીં આ પહેલાં ધનશ્રીએ સોશિયલ મીડિયા પર પોતાના નામમાંથી ચહલ સરનેમ હટાવી હતી. હવે આ કપલના ડિવોર્સ માટે કોણ કારણરૂપ છે એ વિશે પણ મીડિયા પર જાત જાતની અટકળો લગાવવામાં આવી રહી છે. આ પહેલાં ધનશ્રીનું નામ ટીમ ઈન્ડિયાના જ ખેલાડી શ્રેયસ અય્યર સાથે જોડાઈ રહ્યું હતું. પરંતુ હકીકતમાં એવું કશું જ નથી. ચહલ અને ધનશ્રીના ડિવોર્સ માટે કોઈ ત્રીજી જ વ્યક્તિ જવાબદાર હોવાનું કહેવાઈ રહ્યું છે.

એક રિપોર્ટમાં કરવામાં આવેલા દાવા અનુસાર ધનશ્રીનું નામ 'નચ બલિયે-૭'ના વિજેતા પ્રતીક ઉત્તેકર સાથે જોડાઈ રહ્યું છે. ૨૦૨૩માં ધનશ્રીએ પોતાના ઈન્સ્ટા બાયો પરથી ચહલ સરનેમ હટાવી હતી અને એ જ સમયે ધનશ્રી અને પ્રતીકનો એક ફોટો સોશિયલ મીડિયા પર વાઈરલ થયો હતો અને ત્યાર બાદથી જ બંનેના અફેરની વાતો જોરશોરથી શરૂ થઈ ગઈ હતી.

જોકે, જોવા જેવી વાત એ છે કે પ્રતીકે માત્ર ધનશ્રી સાથે આવા ફોટો શૅર નથી કર્યા. બીજી અમુક એક્ટ્રેસ સાથે પણ તેના આવા ફોટો વાઈરલ થઈ રહ્યા છે. જેમાં મલાઈકા અરોરા, મૌની રોયનો સમાવેશ થાય છે. જોકે પ્રતીકે મીડિયામાં ધનશ્રી સાથે પોતાનું નામ જોડવા વિશેની અટકળ કરનારાઓને વખોડ્યા હતા. ■

# થીકશાનાની હૅટ-ટ્રિક છતાં ન્યૂ ઝીલૅન્ડ સામે શ્રીલંકા હાર્યું

## ન્યૂ ઝીલૅન્ડે નિર્ધારિત ૩૭ ઓવરમાં નવ વિકેટે ૨૫૫ રન બનાવ્યાઃ શ્રીલંકાના ૩૦.૨ ઓવરમાં ૧૪૨ રન

હૅમિલ્ટનઃ ન્યૂ ઝીલૅન્ડે અહીં બુધવારે શ્રીલંકાને બીજી વન-ડેમાં પણ હરાવીને સિરીઝની ટ્રોફી પર ૨-૦થી કબજો કરી લીધો હતો.

ન્યૂ ઝીલૅન્ડે રાચિન રવીન્દ્રના ૭૯ રન તથા માર્ક ચૅપમૅનના ૬૨ રનની મદદથી નિર્ધારિત ૩૭ ઓવરમાં નવ વિકેટે ૨૫૫ રન બનાવ્યા હતા.

શ્રીલંકાના બોલર માહીશ થીકશાનાએ હૅટ-ટ્રિક સહિત ૪૪ રનમાં કુલ ચાર વિકેટ લીધી હતી અને વનિન્દુ હસરંગાએ બે વિકેટ લીધી હતી.

શ્રીલંકાની ટીમ એકમાત્ર કામિન્દુ મેન્ડિસ (૬૪ રન)ની હાફ સેન્ચુરીની મદદથી ૩૦.૨ ઓવરમાં ૧૪૨ રનના સ્કોર પર ઑલઆઉટ થઈ ગયું હતું. કિવી બોલર વિલ ઑરુર્કેએ ત્રણ તેમ જ જેકબ ડફીએ બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ નૅથન સ્મિથ, મૅટ હેન્રી, મિચલ સૅન્ટનરને મળી હતી.

રાચિન રવીન્દ્રને મૅન ઑફ ધ મૅચનો પુરસ્કાર અપાયો હતો.

પ્રથમ વન-ડેમાં કિવીઓનો નવ વિકેટે વિજય થયો હતો જેમાં ચાર વિકેટ લેનાર મૅટ હેન્રી મૅન ઑફ ધ મૅચ બન્યો હતો. આ સિરીઝ પહેલાંની શ્રીલંકા સામેની ટી-૨૦ સિરીઝ ન્યૂ ઝીલૅન્ડે ૨-૧થી જીતી લીધી હતી. ■

# ટેનિસ પ્લેયરથી રૅકેટ હાથમાંથી છૂટ્યું અને મહિલા પ્રેક્ષકને વાગ્યું!

## 'એ મહિલા હસી હતી અને મેં પણ સોરી કહ્યું'




ઑકલૅન્ડઃ બ્રિટિશ ટેનિસ પ્લેયર કૅમેરન નૉરીથી અહીં મંગળવારે ઑકલૅન્ડ ઓપન ટૂર્નામેન્ટની મૅચ દરમ્યાન હાથમાંથી ભૂલમાં રૅકેટ છૂટીને સીધું નજીકમાં બેઠેલી યુવાન મહિલા પ્રેક્ષકને વાગ્યું હતું. જોકે નૉરીએ તરત જ રૅકેટ લેવા જતી વખતે મહિલાની માફી માગી લીધી હોવાથી નૉરીને આ મૅચમાંથી ગેરલાયક ઠરાવવા જેવું ગંભીર પગલું નહોતું ભરવામાં આવ્યું.

મહિલા ગંભીર ઈજાથી બચી ગઈ હતી. નૉરીને ચૅર-અમ્પાયરે હવે પછી આવું ફરી ન થાય એનું તેણે ખાસ ધ્યાન રાખવું પડશે એવી ચેતવણી આપી હતી.

નૉરી છે ઇંગ્લૅન્ડનો, પણ તેનો જન્મ ઑકલૅન્ડમાં થયો હતો. તેની આ મૅચ આર્જેન્ટિનાના ડિયાઝ ઍકોસ્ટા સામે હતી જેમાં નૉરીનો ૨-૬, ૩-૬થી પરાજય થયો હતો.

મૅચ પછી નૉરીએ પત્રકારોને કહ્યું, 'મારાથી ભૂલથી રૅકેટ હાથમાંથી છૂટી ગયું હતું. હું સંમત થાઉં છું કે આ નહોતું જ બનવું જોઈતું. અગાઉ મારાથી આવી ભૂલ ક્યારેય નહોતી થઈ.

મારાથી ભૂલમાં રૅકેટ વાગ્યું ત્યાર બાદ એ મહિલા મોટેથી હસી પડી હતી અને મેં પણ તેને સૉરી કહી દીધું હતું. મહિલાએ મને કહ્યું કે મને કોઈ જ ઈજા નથી થઈ. આય ઍમ ઑકે.'

નૉરીનું રૅકેટ યુવાન મહિલાને વાગ્યું હોવાથી કોઈકને એવું લાગ્યું હશે કે નૉરીએ જાણી જોઈને આવું કર્યું હશે. નૉરીએ ફ્લર્ટ કર્યું હોવાનું પણ કેટલાકને લાગ્યું હશે.


જોકે નૉરીએ પત્રકારોને કહ્યું કે 'મહિલાને જાણી જોઈને રૅકેટ મારવાનો મારો કોઈ જ ઇરાદો નહોતો. હું એવું ક્યારેય વિચારી પણ ન શકું. મેં તેની તો માફી માગી જ હતી, જાહેરમાં પણ માફી માગી લઉં છું. મને ખુદને આ ભૂલ બદલ અફસોસ થઈ રહ્યો છે.'

કોઈ ખેલાડીથી ભૂલથી પ્રેક્ષકને કે લાઇન-અમ્પાયરને ઈજા થઈ હોય તો અને એ ખેલાડી મૅચમાંથી ગેરલાયક ઠરાવાયો હોય એવા કિસ્સા ભૂતકાળમાં બની ગયા છે.

૨૦૨૦ની યુએસ ઓપન દરમ્યાન નોવાક જૉકોવિચથી ભૂલમાં લાઇન-જજને બૉલ વાગી ગયો હતો ત્યારે જૉકોવિચ સામે કડક પગલું ભરવામાં આવ્યું હતું. ૨૦૧૨ની ક્વીન્સ ટૂર્નામેન્ટમાં ડેવિડ નાલબૅન્ડિયને ગુસ્સામાં ઍડવર્ટાઇઝિંગ બોર્ડને લાત મારી હતી જેમાં એ બોર્ડ નજીકના લાઇન-જજને વાગ્યું હતું. આ હરકત બદલ નાલબૅન્ડિયનને ફાઇનલમાંથી ગેરલાયક ઠરાવવામાં આવ્યો હતો. ■

# લાડકી

કથા કોલાજ
કાજલ ઓઝા-વૈદ્ય
feedback.ladki@bombaysamachar.com





# અંગ્રેજ સરકારનો વિરોધઃ ઈંગ્લેન્ડ છોડવાનો આદેશ

(ભાગઃ ૨)

**નામઃ ડો. એની બેસેન્ટ**
**સમયઃ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૩૩**
**સ્થળઃ વારાણસી**
**ઉંમરઃ ૮૬ વર્ષ**

**૧૮૭૨માં** એક સ્ત્રીનાં લગ્ન તૂટે એ રૂઢિચુસ્ત અંગ્રેજ સમાજ માટે આઘાતજનક ઘટના હતી. શિક્ષણ અને ટેકનોલોજી ક્ષેત્રે વિકાસ કરી રહેલા અંગ્રેજો માનસિક રીતે પછાત, રૂઢિચુસ્ત, સત્તાલોલુપ અને સ્વાર્થી હતા. એમણે એ સમયના મજૂરો અને સ્ત્રીઓ સાથે દુર્વ્યવહાર કરતા. ક્રિશ્ચિયાનિટીના મારા વિચારોથી મારા પતિ ખૂબ નારાજ થયા, એમણે મને છૂટાછેડા આપ્યા એટલું જ નહીં, અંગ્રેજોની કોર્ટમાં એમણે એવો આક્ષેપ કર્યો કે, હું મારા બાળકોને ધર્મથી ગુમરાહ કરી રહી છું, ખોટું શિક્ષણ આપું છું માટે એમને મારી સાથે ન રહેવા દેવા જોઈએ... કોર્ટે મારા બંને બાળકોની કસ્ટડી મારી પાસેથી છીનવી લીધી. મારી માતા પણ મારાથી નારાજ હતી. એના શ્રદ્ધાળુ માનસમાં પણ ધર્મ વિરુદ્ધના મારા વિચારોથી આઘાત લાગ્યો હતો. એણે પણ મારો સાથ આપવાની ના પાડી દીધી... બાળકો વગરની હું, મારી માતાથી પણ દૂર થઈને ક્યાં જવું એ વિચારતી હતી ત્યારે મેં પૈતૃક સત્તા અને ચર્ચને પડકાર આપ્યો. પહેલી વખત સંતતિનિયમન અંગેના વિચારોને અંગ્રેજ સમાજ સામે મૂકીને એમને સમજાવ્યું કે, જો એક સારું જીવન નિર્મિત કરવું હોયતો જનસંખ્યા નિયંત્રણ એ પહેલું પગલું હોવું જોઈએ. દંપતી પોતાનાં લગ્નજીવનમાં પોતાની ઈચ્છાથી અને સાચા સમયે સંતાનોને જન્મ આપે એ ઈચ્છનીય છે. બે સંતાનો વચ્ચેના સમયગાળો પતિ-પત્ની નિયંત્રિત કરે એવી મારી વિચારસરણીનો પ્રખર વિરોધ થયો. એ પછી મેં એક પુસ્તક પ્રકાશિત કર્યું જેમાં જનસંખ્યા નિયંત્રણ વિશે ઉપાયો અને મારા વિચારો રજૂ કર્યા. ઈંગ્લેન્ડના એક પ્રકાશકે એમાં આપત્તિજનક, અંગત તસવીરો ઉમેરીને એ પુસ્તકને પ્રચલિત કર્યું-જેને કારણે એ પુસ્તકની બૌદ્ધિક વેલ્યૂ ખતમ થઈ ગઈ અને એ પુસ્તકને લોકોએ એક સસ્તા, ગંદા સાહિત્ય તરીકે ઓળખાવીને મારા ઉપર કોર્ટ કેસ કર્યા. હું સમાજને ગુમરાહ કરું છું, ધર્મ વિરોધી વાતો કરું છું એવા આક્ષેપો સાથે મને ઈંગ્લેન્ડની કોર્ટમાંથી એવો આદેશ કરવામાં આવ્યો કે મારે મારું પુસ્તક પાછું ખેંચી લેવું અને જાહેર માફી માગવી. આ ઘટના પછી મારું મન ઈંગ્લેન્ડના સમાજની માનસિકતા અને રૂઢિચુસ્તતાને કારણે ખૂબ ખિન્ન થઈ ગયું.






એ દરમિયાનમાં મારે રાજનીતિ સાથે ઓળખ થઈ. મારી સામેના આક્ષેપોને ખોટા ઠરાવવા માટે એક માત્ર પત્રકાર વિલિયમ સ્ટીડે અંગ્રેજ સમાજ અને કોર્ટ વિરુદ્ધ કડક આલોચના કરતા લેખ લખ્યા. વિલિયમ સ્ટીડને કારણે કોર્ટનું વલણ બદલાયું. એ પછી વિલિયમ સ્ટીડનો આભાર માનવા માટે જ્યારે હું મળી ત્યારે એમણે મને ઈંગ્લેન્ડનું એક બીજું સ્વરૂપ બતાવ્યું. મજૂરો, દુષ્કાળ પીડિતો, ઝૂંપડીમાં રહેનારા ગરીબ લોકોની સાથે સાથે પીડિત અને શોષિત મહિલાઓનો એક આખો વર્ગ જેને વિશે ઈંગ્લેન્ડના ધનિક સમાજ, ચર્ચ કે કહેવાતા સમાજસેવકોએ ક્યારેય વિચાર નહોતો કર્યો! એ સમાજ સાથે મેં આત્મિયતાનો અનુભવ કર્યો. એમના માટે કામ કરવાનું શરૂ કર્યું, ત્યારે મને સમજાયું કે, દુઃખી અને અભાવગ્રસ્ત લોકોની મદદ કરવામાં કેટલું સુખ છે! થોડાક જ સમયમાં વિલિયમ સ્ટીડે મને મજૂરોના યુનિયન-ટ્રેડ યુનિયનની સેક્રેટરી બનાવી. મહિલાઓને પણ પુરુષ જેટલી જ મજૂરી મળવી જોઈએ, એ વિચાર મેં ટ્રેડ યુનિયન સામે મૂક્યો, ત્યારે સમજાયું કે ઈંગ્લેન્ડમાં પુરુષ કરતાં મહિલા મજૂરોની સખ્યા વધારે હતી. બધી મહિલાઓ મારી સાથે જોડાઈ અને ઈંગ્લેન્ડમાં મહિલાઓને સરખી મજૂરી, પોતાનું બેન્ક ખાતું રાખવાનો વિશેષાધિકાર અને યોગ્ય રજા-માતૃત્વ અને સ્ત્રી સંબંધી સ્વાસ્થ્યના પ્રશ્નો વખતે અલગ રજા મળવી જોઈએ એ વાતનો સ્વીકાર થયો. આ ઘટનાએ મને ઈંગ્લેન્ડના સમાજમાં આદરપાત્ર સ્થાન અપાવ્યું. હવે હું ઈંગ્લેન્ડની રાજનીતિમાં મહત્ત્વની વ્યક્તિ તરીકે મારા વિચારો મૂકી શકતી હતી.

૧૮૭૮માં પહેલીવાર મેં ભારત અને ઈંગ્લેન્ડના સંબંધો વિશે મારા વિચારો પ્રગટ કર્યા. મને લાગતું હતું કે, અંગ્રેજોએ ભારત સાથે અન્યાય કર્યો છે. સ્વતંત્રતાના સંગ્રામની હજી શરૂઆત નહોતી થઈ. ૧૮૫૭ના બળવાની પ્રતિક્રિયા હતી જેનાથી ઈંગ્લેન્ડની પાર્લામેન્ટમાં હાહાકાર થઈ ગયો હતો, પરંતુ અંગ્રેજો પોતાના હાથમાંથી ભારત જેવા જ્ઞાન અને કલાના ઉદગમ સ્થાન જેવા દેશને છોડવા માગતા નહોતા. એ દિવસોમાં મેં એક પુસ્તક લખ્યું, જેનું નામ હતું, 'ઈંગ્લેન્ડ, ઈન્ડિયા એન્ડ અફઘાનિસ્તાન'. આ પુસ્તકમાં એક વ્યાપારી કંપનીએ કંઈ રીતે ભારત પર પોતાની સત્તા પ્રસ્થાપિત કરવા માટે દાવપેચ કર્યા અને વ્યાપાર કરવાની સહમતિમાંથી કઈ રીતે ભારતીયોને ગુલામ બનાવી દીધા એ વાતને અંગ્રેજ લોકો સુધી પહોંચાડવાનો મેં પ્રયાસ કર્યો. મેં યુરોપના લોકોના મનમાં રહેલા ભારત વિશેના વિચારોને બદલવાનો પ્રયાસ કર્યો. ભારત એ સાપ-મદારી અને હાથીઓનો દેશ નથી, ત્યાં કલા અને જ્ઞાનનો સંગમ છે એ વાત મારા પુસ્તક દ્વારા મેં આખા સમાજ સુધી પહોંચાડવાનો પ્રયાસ કર્યો. અંગ્રેજોની સામ્રાજ્યવાદી નીતિઓ અને કુટનીતિની વાતો મેં મુક્ત અવાજે મારા પુસ્તકમાં લખી. રોબર્ટ ક્લાઈવ જે, ઈસ્ટ ઈન્ડિયા કંપનીના પહેલા ગવર્નર તરીકે ભારત આવ્યા, એમના જીવનની સચ્ચાઈને મેં મારા પુસ્તકમાં ઉઘાડે છોગ લખી. રોબર્ટ ક્લાઈવ બાળપણમાં એક ઝઘડાળુ અને ક્રૂર છોકરો હતો. એના ઘરવાળા એનાથી કંટાળી ગયા હતા. પોતાના જેવા બાળકોને ભેગા કરીને એ દુકાનદારોને ડરાવતો, ધમકાવતો અને એમની પાસે પૈસા કે ફળ લઈ લેતો. એને બાળપણમાં ચાર સ્કૂલમાંથી કાઢી મૂકવામાં આવ્યો હતો. એ માણસ જ્યારે ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં નોકરી લઈને મદ્રાસ બંદર પર કારકૂન તરીકે આવ્યો ત્યાંથી ઈસ્ટ ઈન્ડિયા કંપનીમાં તેમનું જીવન શરૂ થાય છે.

સાથે જ મેં મારા પુસ્તકમાં લખ્યું કે, રોબર્ટ ક્લાઈવની આ માનસિકતાને કારણે એણે ગામો સળગાવ્યા, લોકોની હત્યા કરી, સ્ત્રીઓની મર્યાદા લૂંટી, બાળકોને માર્યા, ઊભા પાક બરબાદ કર્યા અને ભારતને એક અધ્યાત્મિક અને કલાના ભવ્ય વારસા ધરાવતા દેશમાંથી ગુલામ બનાવીને અંગ્રેજ સત્તા સમક્ષ ઝૂકાવી દીધું.

આ પુસ્તક પ્રકાશિત થતાં જ અંગ્રેજ સમાજે મારો વિરોધ કર્યો. હવે માત્ર અંગ્રેજ સત્તાધિશો નહીં, પરંતુ ક્વિને પણ મારા પુસ્તક સામે વાંધો લીધો. મોનાર્કી તરફથી મને એક સંદેશ મળ્યો જેમાં મને પુસ્તક પાછું ખેંચવાનો આદેશ કરવામાં આવ્યો. મેં પુસ્તક પાછું ખેંચવાની ના પાડી ત્યારે ઈંગ્લેન્ડના સત્તાધીશો દ્વારા મને કહેવામાં આવ્યું કે, જો મને ભારત માટે એટલો જ પ્રેમ હોય તો મારે ભારત જઈને વસવું જોઈએ. આ વાત મને અનુકૂળ લાગી.

એ દિવસોમાં હું ભારતીય પરંપરા અને દર્શન શાસ્ત્રનો અભ્યાસ કરી રહી હતી. એ વખતે મેં એક બીજું પુસ્તક લખ્યું, જેનું નામ હતું, 'ફ્રી થિન્કર્સ'. આ પુસ્તકમાં મેં મુક્ત વિચારોની પ્રશંસા કરી એટલું જ નહીં, એ જ વખતે 'ડિએસ્ટાબ્લિશ ધ ચર્ચ' અને 'ધ સેંસ ઓફ ધ ચર્ચ ઓફ ઈંગ્લેન્ડ' નામના બે પુસ્તકોનું સંપાદન કર્યું, જેને કારણે સહુને લાગ્યું કે, હું અંગ્રેજ વિરોધી છું. સત્ય તો એ છે કે, હું અંગ્રેજ વિરોધી નહીં, બલ્કે અંગ્રેજ સરકારની અન્ય દેશો પર સત્તા જમાવવાની નીતિ અને સત્તાલોલુપતા, અને ધર્માંધતાનો વિરોધ કરી રહી હતી.

અંગ્રેજ સરકાર વધુ ને વધુ સંસ્થાનો પર સત્તા જમાવવા માટે કુટનીતિ અને દાવપેચનો ઉપયોગ કરી રહી હતી, જ્યારે બીજી તરફ ભારતના લોકો અંગ્રેજોના અત્યાચારથી ત્રાહિમામ પોકારી રહ્યા હતા. આ એ સમયની વાત છે જ્યારે ભારત પાસે ગાંધી કે નહેરુ જેવા નેતાઓ નહોતા... હજી સ્વતંત્રતા સંગ્રામની સાચી શરૂઆતને વાર હતી. (ક્રમશઃ)■

ભારતની વીરાંગનાઓ
ટીના દોશી
feedback.ladki@bombaysamachar.com

# માઉન્ટ એવરેસ્ટનું બે વાર આરોહણ કરનાર પ્રથમ મહિલા સંતોષ યાદવ



માઉન્ટ એવરેસ્ટનું આરોહણ કરનાર પહેલી મહિલા બચેન્દ્રી પાલ છે એ સહુ કોઈ જાણે છે, પરંતુ બબ્બે વાર એવરેસ્ટનું આરોહણ કોણે કરેલું એ જાણો છો ?

એનું નામ સંતોષ યાદવ...માઉન્ટ એવરેસ્ટનું આરોહણ એક વાર નહીં, બબ્બે વાર કરનાર ભારતની જ નહીં, વિશ્વની પણ પ્રથમ મહિલા. પર્વતારોહણની અસાધારણ સિદ્ધિઓ માટે કેટલાયે પુરસ્કારો અને સન્માનો મળેલા એને. અર્જુન પુરસ્કાર, તેનજિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ, દેશના ચોથા સર્વોચ્ચ સન્માન પદ્મશ્રીથી પુરસ્કૃત, કે.કે. બિરલા ફાઉન્ડેશન ખેલ વિશેષ પુરસ્કારથી સન્માનિત,લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ દ્વારા સન્માન અને સર એડમન્ડ હિલેરી માઉન્ટેન લિગેસી મેડલ...

આ સન્માન અને પુરસ્કારો સંતોષને એમનેમ નથી મળ્યાં. એવરેસ્ટ પર્વતનું આરોહણ કર્યું છે એણે. ઇન્ડો-જાપાની અભિયાનના સદસ્ય તરીકે ૧૯૯૨માં સંતોષે એવરેસ્ટ સર કરવાનો પહેલો પ્રયાસ કર્યો. પણ ખરાબ હવામાનને પગલે અભિયાન મોકૂફ રાખવું પડ્યું. એ પછી ૧૦ મે ૧૯૯૨ના ભારત-નેપાળ અભિયાનના સભ્ય તરીકે પહેલી વાર માઉન્ટ એવરેસ્ટ પર આરોહણ કર્યું. એવરેસ્ટ પર ત્રિરંગો ફરકાવનાર એ સૌથી નાની ઉંમરની મહિલા હતી. ૧૯૯૩માં ફરીથી એવરેસ્ટ સર કર્યું.એ પળ સંભારતાં સંતોષે કહેલું, 'ક્ષણની વિશાળતામાં ડૂબવામાં કેટલોક સમય લાગ્યો. પછી મેં ભારતીય ત્રિરંગો ફરકાવ્યો. એ અનુભૂતિ અવર્ણનીય હતી. દુનિયા પર ભારતનો ત્રિરંગો લહેરાતો હતો. વાસ્તવમાં આ એક આધ્યાત્મિક ક્ષણ હતી. મને એક ભારતીય તરીકે અત્યંત ગર્વ થયો...'

કોઈ પણ ભારતીયને ગર્વ થાય એવા સંતોષના પર્વતારોહણના અન્ય ઉદાહરણો :૬૬૦૦ મીટર ઊંચા વ્હાઈટ પર્વત શિખરના આરોહણમાં શિખર પર ત્રિરંગો ફરકાવનારી સંતોષ પહેલી ભારતીય મહિલા હતી. આફ્રિકાના સૌથી ઊંચા પર્વત માઉન્ટ કિલિમાંજરો, આર્જેન્ટિનાના માઉન્ટ એકોનકાગુઆ, રશિયાના માઉન્ટ એલ્બ્રસ અને એન્ટાર્ટિકાના માઉન્ટ વિંસનનું પણ સંતોષે આરોહણ કર્યું છે.

પર્વતારોહી સંતોષનો જન્મ ૧૦ ઓક્ટોબર ૧૯૬૭ના હરિયાણાના રેવાડી ખાતે જોનિયાવાસ ગામમાં થયેલો. માતા ચમેલીદેવી. પિતા સૂબેદાર રામસિંહ યાદવ જમીનદાર હતા. પાંચ દીકરાની માતા ચમેલીદેવીએ કાળક્રમે પુત્રીને જન્મ આપ્યો. પુત્રીરત્નના જન્મથી ઘરમાં સહુ સંતુષ્ટ થયાં, એથી નવજાત બાળકીનું નામ સંતોષ રખાયું.

રામસિંહ યાદવ જમીનદાર હતા અને શ્રીમંત પણ હતા.પણ દીકરીને વધુ ભણાવવાના પક્ષે નહોતા. સંતોષે પ્રાથમિક શિક્ષણ પૂરું થયા પછી દિલ્હીની એક શાળામાં પ્રવેશ લેવાની વાત કરી. પણ માતાપિતાએ એની શાળાની ફી ભરવાનો સ્પષ્ટ ઇનકાર કરી દીધો. ત્યારે સંતોષે પાર્ટટાઈમ નોકરી કરીને પોતે પોતાની ફી ભરશે એવું વિનમ્રતાથી જણાવ્યું. આખરે ચમેલીદેવી અને રામસિંહે નમતું મૂક્યું. સંતોષની ફી ચૂકવવા તૈયારી દર્શાવી. આમ સંતોષ દિલ્હીમાં ભણવા લાગી. રેવાડીમાં કેન્દ્રીય વિદ્યાલય ખૂલ્યું. એથી સંતોષ રેવાડી આવી ગઈ. એણે બારમું પાસ કર્યું. સંતોષે જયપુરની પ્રખ્યાત મહારાણી કોલેજમાં પ્રવેશ મેળવ્યો. કોલેજકાળમાં સંતોષને કસ્તૂરબા છાત્રાવાસમાં રહેવાનું થયું. છાત્રાવાસની બારીમાંથી અરવલ્લીની પર્વતમાળા દેખાતી. નવરાશની પળોમાં સંતોષ બારીએ બેસીને મનોરમ્ય પહાડીઓ નિહાળ્યા કરતી. ક્યારેક કેટલાક લોકોને પહાડીઓ પર ચડતાં જોતી. એ સંદર્ભે સંતોષે કહેલું,

'એક દિવસ મેં એવું નક્કી કર્યું કે પહાડીઓ પર કોણ ચડે છે અને ક્યાં જાય છે એની મારે તપાસ કરવી જોઈએ. બીજે દિવસે સવારે હું છાત્રાવાસથી ઝાલાના ડુંગરી પહાડી તરફ ચાલી નીકળી. ત્યાં કેટલાંક સ્થાનિક લોકો કામ કરી રહેલા. મને એ લોકોને મળવું, વાતો કરવી ને એમના વિશે જાણવું ખૂબ ગમ્યું....'

બીજે દિવસે સંતોષ ફરી એક વાર ત્યાં ગઈ તો ત્યાં કોઈ નહોતું. પણ એને પહાડીઓનું આકર્ષણ થઈ ગયું. એ પહાડીઓ પર ચડવાનો અને ફરવાનો આનંદ લેવા માંડી. એક દિવસ પહાડ ચડતાં ચડતાં એ શિખરે પહોંચી. ટોચ પરથી નીચેનું સુંદર દૃશ્ય જોઈને સંતોષ ભાવવિભોર થઈ ગઈ. એ સમયે સૂર્યોદય થઈ રહેલો અને ઊંચાઈ પરથી એવું લાગતું'તું કે પહાડીમાંથી સૂરજ નીકળી રહ્યો છે ! નીચે ઊતરતી વખતે એને રોક કલાઈમ્બીંગ કરતા કેટલાક છોકરાઓ મળ્યા. એકને સંતોષે પૂછ્યું, 'શું હું પણ આવું કરી શકું ?' ટોળીના આગેવાન છોકરાએ કહ્યું, હા,'કેમ નહીં ?' પછીની વાતચીત દરમિયાન સંતોષને ખબર પડી કે છોકરાઓ જે કરી રહ્યા છે તેને માઉન્ટેનિયરિંગ કહેવાય. તાલીમ લઈને પોતે પણ પર્વતારોહણ કરી શકે છે... એ જ ક્ષણે સંતોષે પર્વતારોહી બનવાનો સંકલ્પ કરી લીધો.

સંતોષની મંઝિલ નક્કી થઈ ગઈ. પછી એ મંઝિલ સુધી પહોંચાડતા રસ્તા પર પહેલું પગલું પાડ્યું. પોતે બચાવેલા નાણાંમાંથી ઉત્તરકાશીના નેહરુ પર્વતારોહણ સંસ્થાનમાં પ્રવેશ મેળવ્યો. આ સંદર્ભે સંતોષે કહેલું, 'જયપુરમાં મારા કોલેજનું સેમેસ્ટર એપ્રિલમાં સમાપ્ત થવાનું હતું પણ એને બદલે ૧૯ મેના પૂરું થયું. ૨૧મેના મારે ઉત્તરકાશીમાં હાજર થવાનું હતું. એથી હું ઘેર પાછી ન ગઈ. હું સીધી જ ઉત્તરકાશી ચાલી ગઈ. મારે મારા પિતાને ક્ષમાયાચનાનો પત્ર લખવો પડ્યો. કારણ કે એમની અનુમતિ વિના મેં ઉત્તરકાશીમાં પ્રવેશ મેળવેલો.'

પ્રશિક્ષણ પૂરું થયા પછી સંતોષે પર્વતારોહણને કારકિર્દી બનાવી. ૧૯૮૯થી કારકિર્દીનો આરંભ કર્યો. અલગ અલગ દેશના આંતરરાષ્ટ્રીય પર્વતારોહણ કેમ્પમાં ભાગ લીધો.એવરેસ્ટ સહિતના પર્વતોનું આરોહણ કર્યું. ત્યાર બાદ ભારત-તિબેટ સરહદી પોલીસની નોકરીમાં અધિકારી તરીકે જોડાઈ ગઈ. સંતોષ એક પ્રેરક વક્તા છે. પોતાનાં વક્તવ્યો દ્વારા લોકોને જીવનમાં આગળ વધવા પ્રેરે છે. સંતોષ કહે છે, 'જીવનમાં ઉદ્દેશ હોવો આવશ્યક છે. જીવનનો આનંદ મેળવવા માટે ઉદ્દેશ અવશ્ય હોવો જોઈએ. એ પ્રાપ્ત કરવા કઠોર પરિશ્રમ કરો. તમારું ધ્યેય ઊંચું હોવું જરૂરી છે. નિશાનચૂક માફ, નહીં માફ નીચું નિશાન...!' ■

ઉડાન મુગ્ધાવસ્થાથી મધ્યાવસ્થા સુધી
શ્વેતા જોષી-અંતાણી
feedback.ladki@bombaysamachar.com

# અનેરી આત્મખોજનો આરંભ....

**સત્તરેક** વર્ષની કિયારા હંમેશાં ખોવાયેલી રહેતી. રોજ સ્કૂલ જતી, ફ્રેન્ડ્સને મળતી, ફેમેલી સાથે સમય પસાર કરતી કિયારા આમ તો એક નોર્મલ ટીનએજર લાગે, પણ, અંદરથી એ સતત ખાલીપણાનો અનુભવ કર્યા રાખતી. પોતાની જિંદગીમાં શું કરવું છે એ ખ્યાલ નહોતો આવતો. એની આસપાસના મિત્રવર્તુળમાં જ્યારે લોકો પોતાના ધ્યેય, લક્ષ્ય કે સપનાઓ પૂરા કરવાની વાતો કરતા ત્યારે એને પોતાની જિંદગી દિશાહીન લાગતી. જાણે, હોકાયંત્ર વગર વિશાળ સમુદ્રમાં હાલકડોલક થતી નાવ. પોતે શું હતી? શું કરવા માગતી હતી આવા વિચારો એને હમણાથી બહુ આવતા, કારણકે તરુણાવસ્થાનો એક આખો શરૂઆતી તબકકો વિતી જવા આવ્યો છે ત્યારે હવે એને ચિંતા જાણે ચોતરફથી ઘેરી વળી છે.

એવામાં એક દિવસ સ્કૂલમાં સહુને પોતાનું પર્સનલ વિઝન બોર્ડ બનાવવાનો પ્રોજેક્ટ સોંપવામાં આવ્યો. સાત દિવસનો સમય હતો, પણ કિયારા પોતાના વિઝન વિશે સાત વાક્ય પણ લખી શકી નહીં. આખા ક્લાસમાં એ એક જ એવી નીકળી કે જેનો પ્રોજેક્ટ અધૂરો રહ્યો. બીજા પણ કંઈ એવા સવિશેષ વિઝનરી સ્કોલર સ્ટુડન્ટ્સ નહોતા, પણ એ બધા ખોટું-સાચું જે સમજાયું ને જે ઈન્ટરનેટ પરથી મળ્યું એ લખીને લઈ આવેલા...સિવાય કે કિયારા. એ પોતાની જાતને કે અન્યોને છેતરવામાં માનતી નહીં એટલે એ બિચારી આખા ક્લાસમાં એકલી રહી ગઈ. ક્લાસમાં એક પછી એક સહુના વિઝન બોર્ડ આવતાં ગયા. અમુક સ્ટુડન્ટ્સે ખરેખર મહેનત કરેલી એમના વખાણ થયાં. કોઈકની મહેનત ટીચરને અપીલ ના કરી શકી તો એ ઉદાસ થયા. તો વળી અમુકની ઉઠાંતરી પકડાય જતાં એમને ઠપકો પણ સાંભળવો પડ્યો. જોકે, કિયારા એ ત્રણમાંથી એકપણ કેટેગરીમાં નહોતી એટલે જ્યારે એનો પ્રોજેક્ટ રિપ્રેઝન્ટેશન માટેનો વારો આવ્યો ત્યારે પહેલા તો આદતવશ એ મૂંઝાય ગઈ. શું કહેવું એ ના સમજાતા નીચી મૂંડી રાખી એ જડવત્ ઊભી રહી.

'કિયારા, Come This side. ટીચરે આજ્ઞા કરી છતાં એ પોતાની જગ્યાથી હલી નહીં. ક્લાસ આખાનું ધ્યાન હવે કિયારા પર કેન્દ્રિત થયું. ટીચરને આવું વર્તન અપમાનજનક લાગ્યું. એટલે એમણે કડક સ્વરે ફરી કહ્યું : 'કિયારા, નથી સંભળાતું? તારો પ્રોજેક્ટ ક્યાં છે? એ લઈને અહીં આવ...', પણ પણ કિયારા સખ્ત ગભરાય ગયેલી એટલે એ સામે કંઈ બોલી નહીં. હવે ટીચરનો પારો છટક્યો એટલે એમણે લગભગ ઘાંટો પાડ્યો :



'કિયારા, છેલ્લી વાર પૂછું છું. હવે જવાબ નહીં મળે તો તારા પેરેન્ટ્સને બોલાવવા પડશે.! ' પેરેન્ટ્સ આમાં વચ્ચે આવશે એ બીકે અંતે કિયારા સાવ ધીમા અવાજે માત્ર એટલું બોલી, 'મેમ, નથી કર્યો.' આ જવાબની સામે ટીચરના અનેક સવાલો આવ્યા, પણ એના જોઈ જવાબ કિયારા પાસે નહોતા ત્યારે એ કોઈને શું કહે? ટીચરને એનું વર્તન ઉધ્ધતાઈ ભર્યું લાગ્યું, પણ ક્લાસ પૂરો થતો હતો એટલે એ કિયારાને સ્ટાફરૂમમાં આવવાનું કહી ત્યાંથી નીકળી ગયાં. એમની પીઠ પાછળ ક્લાસમાં જે કલબલાટ શરૂ થયો એનો મુખ્ય વિષય પોતે જ છે એ જાણતી કિયારા પણ સ્ટાફરૂમ તરફ આગળ વધી. સ્ટાફરૂમમાં અન્ય શિક્ષકોની હાજરીમાં કિયારાને ખખડાવી નાખવામાં આવી. એ હદે કે એ આંખોમાં આંસુ સાથે એ ધ્રુજવા લાગેલી. એ સમયે હ્યુમાનિટી શીખવતા સુરભી મેમની નજર કિયારા પર પડી. સૌથી પહેલું કામ એણે ગુસ્સે ભરાયેલા ટીચરને શાંત પાડવાનું કર્યું.

ત્યારબાદ એ કિયારાને એક ખાલી ક્લાસરૂમમાં લઈ ગયાં. શાંતિથી બેસાડી, પાણીનો ગ્લાસ ધરી એને હળવી કરી. તરુણાવસ્થાની તકલીફો સારી પેઠે જાણતા સુરભી મેમ એ સમયે તો જાણે કિયારાને કંઈપણ કહ્યા વગર ક્લાસરૂમ સુધી પાછી મૂકી આવ્યા, પણ બીજા દિવસથી પ્રિન્સિપલની ખાસ મંજૂરી સાથે હવેથી રોજ સ્કૂલ પૂરી થયે વધારાનો અડધો કલાક કિયારાને રોકાવાની ગોઠવણ કરી. કિયારાની મૂંઝવણ દૂર કરવા એક ઉપાય અજમાવ્યો. એને શેમાં રસ પડે છે એ જાણવા ધીરે-ધીરે વિઝન બોર્ડને કેન્દ્રમાં રાખી કિયારા પાસે અલગ-અલગ વિષયોને અજમાવવાની શરૂઆત કરાવી. શરૂઆતમાં અનહદ કંટાળા, થાક અને કોઈકવાર બધું ફરી છોડી જવાની વૃત્તિ કિયારામાં જન્મી જતી, પરંતુ છએક મહિનાને અંતે સુરભી-કિયારાની સહિયારી મહેનત રંગ લાવી. કિયારાને ખ્યાલ આવતો ગયો કે એની અંદર ફોટોગ્રાફી, નેચરલ એલિમેન્ટ્સ તેમજ પ્રકૃતિ તરફનો ઝુકાવ છે. એણે નેચર કેમ્પ જોઈન કર્યા. ફોટોગ્રાફી ક્લબની મેમ્બરશિપ લીધી. ઓનલાઈન યુથ પ્રોગ્રામ્સમાં ભાગ લેતી થઈ. ધીમે-ધીમે એની નજર સામેનું વિઝન ધૂંધળુ પણ દેખાવાનું શરૂ થયું ખરું. પરિણામે, કિયારા પહેલીવાર અંદરથી ખુશ રહેવા લાગી. પછીના થોડા મહિનાઓમાં તો કિયારા આત્મવિશ્વાસથી કહી શકતી કે એ જિંદગીમાં શું કરવા માગે છે. એને ટ્રાવેલિંગ કરવું હતું.ફોટોગ્રાફીમાં ગ્રેજ્યુએશન કરવા વિદેશ જવું હતું. કુદરતના ખોળે વસવું હતું. આ સફર સહેલી નહોતી, પણ એનું પરિણામ ખૂબસૂરત આવવાનું હતું. પોતાના અંતરાત્માનો અવાજ સાંભળતા એ પહેલી વાર શીખેલી. પોતાની જાત પર ભરોસો કરતા, વિચારોને વાચા આપતા શીખેલી કિયારાના મનનો ખાલીપો ધીમે-ધીમે ભરાય રહ્યો હતો. એવામાં એ દિવસ આવી ગયો જ્યારે વર્ષ આખાના પેન્ડિંગ પ્રોજેક્ટ સબમિટ કરવાના હતા. ક્લાસરૂમમાં ટીચરના આવવાની આજે આતુરતાપૂર્વક રાહ જોઈ રહેલી કિયારાએ પોતે તૈયાર કરેલા વિઝન બોર્ડ પર નજર નાખતાં એનું મન સંતોષના શ્વાસથી ભરાય ગયું. પોતાની જાત પર એને માન થઈ આવ્યું. જોકે, જીવન હજુ ઘણું બાકી છે. લાંબી મજલ કાપવાની છે. પરંતુ એ યાત્રા માટે પોતે સજ્જ છે. એમ વિચારતી પોતાનું નામ સાંભળતા જ પોતાનાં વિઝન બોર્ડ સાથે એ આત્મવિશ્વાસથી ડેશબોર્ડ તરફ આગળ વધી ગઈ... ■


# ફ્લેરી ડેનિમ્સ! વાય્ નોટ?

ફેશન

ખુશ્બુ મુણાલી ઠક્કર
feedback.ladki@bombaysamachar.com



ડેનિમ એ એક ક્લાસિક આઉટફિટ છે કે જે ક્યારેય પણ આઉટ ઑફ ફેશન થતું નથી. સમય અને ફેશન અનુસાર ડેનિમની સ્ટાઈલમાં થોડો ઘણો ફર્ક જોવા મળે છે. જેમ કે, વોર્ન આઉટ ડેનિમ, સ્કિની ડેનિમ કે પછી ફ્લેરી ડેનિમ્સ. ડેનિમનું ફિટ ખૂબ જ મહત્ત્વનું હોય છે. તમારા બોડી ટાઈપ અનુસાર તમે ડેનિમના ફિટની પસંદગી કરી શકો. હાલમાં ફ્લેરી ડેનિમ્સ ફૅશનમાં છે. આ ફ્લેરી ડેનિમ્સ યંગ યુવતીઓમાં તો પ્રચલિત છે જ, પરંતુ ઑફિસ જતી મહિલાઓ પણ ફ્લેરી ડેનિમ્સ પહેરવાનું પ્રિફર કરે છે. ફ્લેરી ડેનિમ્સ એટલે, જે ડેનિમ કમર, હિપ અને ગોઠણ સુધી ટાઈટ ફિટિંગમાં હોય અને ગોઠણ પછી ફ્લેર હોય તેને ફ્લેરી ડેનિમ કેહવાય. ફ્લેરી ડેનિમ મોટે ભાગે બધી જ રીતે પહેરી શકાય જેમ કે, કેઝ્યુઅલી, પાર્ટી વેર કે પછી ફૉર્મલી. શર્ત માત્ર એટલી જ કે, તમને ફૅશનની આગવી સૂઝ હોવી જોઈએ કે તમે તમારા બોડી ટાઈપ પર કઈ ટાઈપના ટૉપ્સ મિક્સ એન્ડ મેચ કરી શકો. ચાલો જાણીએ ફ્લેરી ડેનિમ કઈ કઈ રીતે પહેરી શકાય.



કેઝ્યુઅલી - ફ્લેરી ડેનિમ એ કેઝયુઅલ લુક માટે એક ઉત્તમ ઓપ્શન છે. ફ્લેરી ડેનિમમાં પણ ફ્લેરના વેરિએશન આવે છે જેમ કે, સ્ટ્રેટ ફિટમાં ફ્લેર કે પછી બેલ બોટમ સ્ટાઈલમાં ફ્લેર. તમારી બોડી ટાઈપ મુજબ તમે ડેનિમમાં કેટલો ફ્લેર જોઈએ તે ડિસાઈડ કરી શકો. જે યુવતીઓનું સુડોળ શરીર હોય તેઓ ફ્લેરી ડેનિમ સાથે ક્રોપ ટોપ પહેરી શકે. મોટે ભાગે ફ્લેરી ડેનિમ્સ મિડ વેસ્ટ અને હાઈ વેસ્ટ પર પહેરવામાં આવે છે. ફ્લેરી ડેનિમ સાથે ટ્યુબ ટોપ કે હોલ્ટર ટોપ પહેરી તેની સાથે ડેનિમ જેકેટ પણ પહેરી શકાય.જો તમારું શરીર ભરેલું હોય એટલે કે હિપનો ભાગ વધારે હોય તો તમે ફ્લેરી ડેનિમ સાથે લુઝ અથવા તો ફિટેડ કોટનના હિપ લેન્થના ફૅન્સી ટોપ્સ પહેરી શકો. કેઝ્યુઅલ લુકમાં ડેનિમ સાથે સ્નીકર્સ પહેરી એક સ્માર્ટ લુક આપી શકાય.







પાર્ટી - ફ્લેરી ડેનિમ જો તમારે પાર્ટીમાં પહેરવાનું હોય તો, ડાર્ક કલર સિલેક્ટ કરવો. જેમ કે ડાર્ક બ્લુ ફ્લેરી ડેનિમ સાથે બેક કલરનું શિમર ફેબ્રિકવાળું હોલ્ટર નેજકનું કાઉલ ઇફફેક્ટવાળું તોપને તેની સાથે ગોલ્ડન કે સિલ્વર કલરનો સ્લીક બેલ્ટ અથવા તો, ફ્લેરી ડેનિમ સાથે લેયરવાળું ફ્રીલી ટોપ પણ સારું લાગી શકે. અથવા તો સ્ટ્રેચેબલ શિમર ફેબ્રિકનું ટ્યુબ ટોપ અને તેની સાથે લેધર જેકેટ પણ એક પાર્ટી લુક આપી શકે. પાર્ટી વેર તરીકે જયારે તમે ફ્લેરી ડેનિમ પહેરો ત્યારે હાઈ હિલ્સ પહેરવી જેના લીધે એક ગ્રેસફુલ લુક આવશે. જો તમારું શરીર ભરેલું હોય તો પાર્ટી વેરમાં ફ્લેરી ડેનિમ સાથે હિપ લેન્થ કે કાફ લેન્થનું ફ્લોઈ ફેબ્રિકનું કફ્તાન પહેરી શકાય.

ફૉર્મલ - ફ્લેરી ડેનિમ ફોર્મલ વેર એટલે કે ઑફિસ વેર તરીકે પણ સારા લાગી શકે. ફ્લેરી ડેનિમ સાથે પિન સ્ટ્રાઈપનાં શર્ટ એક ફૉર્મલ લુક આપી શકે. પિન સ્ટ્રાઈપ શર્ટ સાથે તમે બ્લેઝર પણ પહેરી શકો. જો તમારે ટુપિકલ ફૉર્મલ શર્ટ ન પહેરવા હોય તો ફ્લેરી ડેનિમ સાથે તમે કલોઝ નેકના ટૉપ્સ પહેરી શકો કે જેમાં થોડી ઘણી સ્લીવ્ઝના પેટર્નનું વેરિએશન હોય કે જેના લીધે ટૉપ્સ થોડા ફૅન્સી અને ફૉર્મલ લાગે. એક વાતનું ખાસ ધ્યાન રાખવું કે, જ્યારે ફ્લેરી ડેનિમ ફૉર્મલી પહેરવામાં આવે ત્યારે બેલ્ટ જરૂરથી પહેરવો. બેલ્ટ પહેરવાથી એક કમ્પલિટ લુક મળે છે. જો તમારું ભારે શરીર હોય તો ફ્લેરી ડેનિમ સાથે તમે ની લેન્થનો કે કાફ લેન્થનો કોટન કુરતો પહેરી શકો.

ફ્લેરી ડેનિમ પહેરવામાં ખૂબ જ આરામદાયક છે કારણકે, કમર, હિપ અને ની સુધી ટાઈટ ફિટ હોય છે અને પછી ફ્લેર હોય છે જેના હિસાબે ડેનિમ શરીરને ચોંટતું નથી અને ઓવરઓલ હલકું અને ફ્રી ફીલ થાય છે. ફેરી ડેનિમ સાથે પ્લેટફૉર્મ શૂઝ કે અથવા હાઈ હિલ્સ પણ પહેરી શકાય. ફ્લેરી ડેનિમ પહેરવાથી એક સ્ટાઈલિશ લુક આવે છે. ફેશનનું આંધળું અનુકરણ કરવું નહીં. જો તમને કમ્ફર્ટેબલ હોય અને શરીર પર શોભતું હોય તો જ નવી સ્ટાઇલનાં કપડાં પહેરવાં.■

---

લાફ્ટર આફ્ટર

પ્રજ્ઞા વશી
feedback.ladki@bombaysamachar.com

# વર્ષભરનું સરવૈયું... ઓટલા પરિષદમાં!



'બે દિવસથી મહેમાનો હારુ રાંધી રાંધીને થાકી ગઈ છું. જવાનું નામ હો નથી લેતા.'

'તે હારું ને રમલી, તને હો કંપની મલી કે નઈ?'

'હું ધૂળની કંપની? માથાની દવા જેવાં છે એ બેઉ જણાં! ટી.વી.ના રિમોટ હારુ આખો દિવસ લડલડ કરે, ખાવાપીવામાં લડે. એ બેઉ ઝઘડે, ત્યારે મારી તો સૂડી વચ્ચે સોપારી જેવી દશા થાય છે. ભાઈને રાજકારણ અને ક્રિકેટ સિવાય બીજું જોવાનું ગમતું નથી ને એની વાઇફ શાંતાબેનને 'બહુ જબ સાસ બનેગી, તબ?' એ સિરિયલ અને બીજી 'ફડક' તેમ જ 'યે રિશ્તા જન્મો જનમ કા' જોવા માટે રિમોટ જોઈએ. બંનેને વારાફરતી જોવા સમજાવ્યું, પણ મોટી મોટી હુરતી જેટલી મેં નથી બોલતી, તેટલી એ બેઉએ બોલી બોલીને કાનના કીડા ખેરવી નાખ્યા છે. એ બેની લડાઈમાં મારી તો બધી જ સિરિયલ જોવાની રહી ગઈ. બોલો!'

'તે ગભરાવાની જરૂર નથી. ઓટલા પરિષદનું મુખ્ય કામ જ એ છે કે જેની સિરિયલ જોવાની છૂટી ગઈ હોય, તો આપણા ગ્રૂપની કોઈ એક બેન એનો સાર કહી દે. હવે જો, તારી તો ફેવરિટ 'અનુરાધા' સિરિયલ છે. ખરું ને? તો એનું વિશ્લેષણ કમુબેનને કરવા વિનંતી. એમ પણ વરસના અંતે આપણે 'સિરિયલનું જીવનમાં મહત્ત્વ' એ શીર્ષક હેઠળ ચર્ચા રાખીએ જ છીએ. તો બધા વારાફરતી, આખા વરસમાં સિરિયલ પાસેથી શું શું શીખ્યા એ કહો.'

કમુબેન ઊભાં થયાં. સાડીનો છેડો કમરમાં દાબીને ઘોસી દીધો. જાણે કોઈ યુદ્ધ લડવા જવાનાં હોય એવી અદામાં મોટેથી ખોંખારો ખાતાં બોલ્યાંઃ

'સખીઓ, વરસોથી ચાલતી અને અમરત્વ લઈને જન્મેલી 'અનુરાધા' સિરિયલ અને એની એક માત્ર સુપર વુમન નંબર વન હીરોઈન અને એની વહુ લડી લડીને હો એક છત નીચે મ્હોં વાંકાં કરીને પણ રહે છે. એના પરથી એ શીખ મળે છે કે, સાસુ અને વહુનું સગપણ પણ 'તૂટે સે ન તૂટે યે તો સાસ બહુ કી જોડી' જેવું અમરત્વ લઈને આવે છે.... માટે આપણે પણ ભલે રોજ ઝઘડા ઝઘડા રમીએ, પણ અંતે સાંજને છેડે સુલેહ કરી લઈએ.'

એટલામાં રેખલીને થયું કે કમરી જ બધું બોલી કાઢહે, તો મારે ભાગે તો બોલવાનું કંઈ આવહે જ ની. એટલે એણે આંગળી ઊંચી કરીને કમુબેનના ગહન વિચારોની વચ્ચે જ ઊભા થઈને કહેવા માંડ્યુંઃ

'માનો કે ઘરમાં ચાર-પાંચ વહુ હોય અને સાસુને ગાંઠતી ન હોય, તો સાસુને તો ઝેર ખાવાનો જ વારો આવે ને? હજી સુધી સિરિયલોએ એ વાત ઉપર હરખો પરકાસ (પ્રકાશ) પારયો નથી. મારી તો બે જ છે. પન ચાર બરાબર છે. એવી માથાભારે છે કે ની પૂછો વાત! મેં બેઉને 'અનુરાધા' સિરિયલ હો દેખાડી ને હમજાવ્યું કે જુઓ, આમાં અનુરાધાએ પહેલા પતિ હારે છૂટાછેડા લીધા ને બીજા કનૈયાને પકરીને બેઠી. પન હજી હો પહેલી વારની હાહુને જ એક મા જેટલો પ્યાર કરે છે. હાથમાં ને હાથમાં ખાવા-પીવાનું આપે છે. ને તમે બે તો મને જોઈને, જાણે કોઈ ડાકણ ના જોઈ હોય, એવું કરો છો!'

તે એક ચતરી કહેઃ 'એ બધું સિરિયલમાં લખવાના પેલાને પૈહા મળે ને પેલી હાહુ-વહુને હો પૈહા મળે. બધા જેમ લખેલું હોય તેમ કર્યા કરે. લોકોને હો આવું લરવાવાલું જ બો (બહુ) ગમે. ને પેલી ટી.વી. જોતી વહુઓ વિચારે કે ક્યારે બીજો હપ્તો મુકાય ને હાહુ વહુની કચકચ જોઈએ! હાહુ પણ હારે બેઠીને જોતી હોય. એને એમ કે હાહુને જીતાડહે અને વહુને એમ કે વહુને જીતાડહે. ને ટીવી પર આંખ ફોડી ફોડીને હાહુઓ અને વહુઓ જોયા કરે. ને છેલ્લે એવું તો ભોજલું કાઢે, કે ટી.વી. ફોડી કાઢવાનું મન થાય હાહુ અને વહુ બન્નેને!'

એટલામાં જમનીને એમ કે એ હું કામ રેઈ જાય. તે એ તો લાગલી જ ઊભી થઈને બોલવા માંડીઃ

'આવું ને આવું બતાવે, તે મારી તો ચારે ચાર વહુઓ વંઠી ગઈ છે. એક કહે કે સિરિયલમાં કેઈ છે કે પાંખ મલે તો ઊડવું એ તમારો હક્ક છે. એટલે પેલી નાનકી વહુ પાકીટ લઈને રોજ નોકરી હોધવા જાય અને બજારમાં જઈ મારા પોયરાના પૈહા પૂરા કરી આવે છે. બીજી કહે, 'બા, સિરિયલમાં જુઓ, કેવાં ઘર સજાવેલાં છે! મેં હો નવા ફર્નિચરનો ઑર્ડર આપેલો છે. બધા ભાઈઓએ અને બાએ ૫૦,૦૦૦ પરમાણે આપી દેવા પડહે. બિલના પાંચ હરખા ભાગ થાહે.' ને ત્રીજી તો 'અનુરાધા' જોઈ જોઈને રોજ એક પોયરાને અનાથાશ્રમમાંથી લાવીને એના ઉદ્ધારમાં પડી છે. મને કહે, 'અનુરાધાની જેમ મહાન બનવું છે!' જાતનું પોયરું મને હોંપીને અનાથાશ્રમના પોયરાનો ઉદ્ધાર કરે છે...! ને ચોથી તો કહે, 'મારો તો હવે આ ઘરમાં જીવ ઘૂંટાય છે. મે તો બૉમ્બે જવાની ને સિરિયલમાં કામ કરવાની.' મૂઈ આ સિરિયલે તો મારા ઘરને યુદ્ધનો અખાડો બનાવી દીધો છે. ચારે ચારને પાંખો ફફડાવીને ઊડવું છે. બોલો હવે, છે આનો કોઈ ઉપાય?'

ત્યાં તો ગંગા ડોહી ખોંખારો ખાતી ઊભી થઈને બોલીઃ

'હું હજી જીવતી છું. જમની, હાંભળ. તારી ચારે વહુને ઘરમાં હખણી રાખવી હોય, તો તું બધા પોયરા ને વહુને ભેગાં કરીને એલાન કર કે આ વરસના અંતમાં જે વહુ ઘરમાં મા બનશે, તેને મારી મિલકતનો અડધો ભાગ આપીશ. એ મિલકત, કે જે ફક્ત ને ફક્ત મારા નામે છે. પછી જો, બધીઓ ઘરમાં કેવી ડાહી થઈને રહે છે તે!'

બધી બહેનો બોલી ઊઠીઃ

'ગંગાબા, તમે આવો સરસ આઇડિયા ક્યાંથી લાવ્યાં?'

'નામ તો નથી યાદ, પણ મેં ટી.વી.માં જ કોઈ સિરિયલમાં જોયું. બધી વહુ બે-ત્રણ મહિનામાં તો ઊલટીઓ કરવા લાગેલી, એવું બતાવેલું. મને તો આ પ્રયોગ કારગત નીવડહે એવું લાગે છે. પ્રયોગ હમજીને કરી તો જો. 'લાગે તો તીર, નહીં તો તુક્કો.' એમાં ક્યાં આપણે કંઈ સ્ટેમ્પ પેપર પર લખી આપવાનું છે... પડહે તેવા દેવાહે. હમજી? સભા પૂરી. હવે પછી નવા પ્રશ્નો પર ચર્ચા કરવા ફરી મળીશું.' ■

---

ફેશન પ્લસ

નીલોફર
feedback.ladki@bombaysamachar.com


# શિયાળામાં કેવો કરશો મેકઅપ?

*દેશભરમાં ઠંડીનો ચમકારો વધી રહ્યો છે. ઠંડીની રાહ તો આપણે સૌ કોઈ આતુરતાથી જોતા હોઈએ. સતત ગરમી અને બફારાથી છૂટકારો મળે એવી સૌની ઇચ્છા હોય છે. ઋતુ ગમે એ હોય, પરંતુ મહિલાઓ પોતાનો શણગાર અચુક કરી લે છે. મેકઅપ તો દરેક મહિલાની લાઇફસ્ટાઇલ બની ગઈ છે. શિયાળામાં ઠંડા અને શૂષ્ક પવનોને કારણે ચહેરા પર પરિવર્તન જોવા મળે છે.*



## મોશ્ચરાઈઝર

શિયાળામાં ચહેરાને સ્વચ્છ રાખવો જરૂરી છે. મેકઅપ કરતાં પહેલા ચહેરાની ડિપ ક્લિંઝીંગ કરવી જોઈએ. સારાં ફેસવૉશનો ઉપયોગ કરવો અને મોશ્ચરાઇઝર લગાવવો. એનાથી ચહેરામાં નવી રંગત જોવા મળે છે. મેકઅપનો પણ સારો બેઝ બને છે. સાથે જ મેકઅપ પણ લાંબા સમય સુધી ટકી રહે છે.





## પ્રાઈમરનો ઉપયોગ

વધુ પડતી ઠંડી હોય તો ચહેરા પર ક્રેક્સ પડે છે. પ્રાઇમર વગર મેકઅપ કરીએ તો ચહેરા પર ક્રેક્સ વધુ દેખાઈ આવે છે. એથી પ્રાઇમરનો ઉપયોગ અચુક કરવો જોઈએ. એને ચહેરા પર લગાવીને હાથ વડે થપથપાવવું. એનાથી ચહેરાનો ટોન એક સમાન રહે છે.

## ફાઉન્ડેશન

ફાઉન્ડેશન તો મેકઅપનો આધાર છે. હેવી ફાઉન્ડેશનનો વધુ ઉપયોગ ન કરવો જોઈએ. ઓઇલી સ્કિન હોય તો એનાથી સ્કિન મુલાયમ લાગે છે. ફાઉન્ડેશન એવો હોવો જોઈએ જેમાં એસપીએફનો ગુણ હોય.

## મસાજ

ઠંડીને કારણે સ્કિન નિસ્તેજ અને ડ્રાય બની જાય છે. વધુ ઠંડી હોય તો હોઠ પણ સફેદ થઈ જાય છે. એવામાં ચહેરા પર મસાજ કરવાથી બ્લડ સર્કુલેશન વધે છે અને ત્વચા સામાન્ય બને છે.



## લિપબામ

ઠંડીને કારણે હોઠ ફાટે છે અને એથી સારી ક્વૉલિટીનો લિપબામ લગાવવો જોઈએ. ત્યારબાદ લિપ્સિટીક લગાવવી. એથી હોઠ ડ્રાય નથી દેખાતાં. તમે ગ્લોસી લિપ્સિટીક લગાવી શકો છો. ડાર્ક કલરની હોય તો ચહેરા પર એક અલગ જ નીખાર આવે છે. સાથે જ પિન્ક, મરુન અને બ્રાઉન કલર પણ સારો લાગે છે.



## આંખોનો મેકઅપ

આંખો પર હલકા મસ્કરા અને આઇલાઇનરનો ઉપયોગ કરવો. વૉટરપ્રૂફ મસ્કરા અને આઇલાઇનર જ વાપરવો. એનાથી આંખો પણ ચમકી ઉઠશે.


શિયાળામાં ત્વચાને વધુ માવજતની જરૂર હોય છે. એથી ઓઇલ-બેઝ્ડ અથવા વૉટર-બેઝ્ડ પ્રોડક્ટસનો ઉપયોગ કરવો જોઈએ. પાવડર-મેડ અને ઓઇલ-ફ્રી પ્રોડક્ટ્સનો ઉપયોગ ન કરવો. એના કારણે ત્વચા ડ્રાય દેખાય છે. ■



પ્રકરણઃ ૮

# ચહેરા મોહરા

**સર, એ સિંગલ બોડીનો છોકરો જેટલો દેખાય છે તેટલો સીધો નથી લાગતો... શેઠે જોખમવાળું કામ સોંપ્યું અને તરત બદમાશી કરીને તેના સાગરીતોને બાતમી આપી દીધી હોય તેમ લાગે છે....**





## પ્રફુલ્લ કાનાબાર

'સાલ્લે માલ નિકાલ.' બોલીને એ પડછંદ માણસે મનોહરનો કોલર એટલી હદે મચડ્યો કે મનોહરનું શર્ટ તેની છાતી સુધી ઊંચે આવી ગયું. મનોહર પ્રતિકાર કરવા ગયો કે તરત બીજા સાગરીતે સાયલેન્સરવાળી રિવોલ્વર કાઢીને મનોહરના લમણે મૂકી દીધી.સોહમ ગભરાઈ ગયો હતો. તેણે પેલાને ધક્કો મારવાની કોશિશ કરી. પેલાએ સોહમને સામો એવો ધક્કો માર્યો કે એકવડિયા બાંધાનો સોહમ નીચે પટકાઈ ગયો. પેલા પડછંદ માણસે ફરીથી મનોહરના લમણે રિવોલ્વર મૂકીને સોહમ સામે જોઇને તેને ધમકાવતા કહ્યું: 'કમીને... સામના કરતા હૈ? તુઝે પતા હૈ ? ઇસમેં છે ગોલીયા હૈ ..લાશો કે ઢેર લગા દુંગા' એ દરમિયાનમાં મનોહર ત્વરિત ગતિએ નીચે વળીને એ પડછંદના પગ પકડીને તેને પછાડવા ગયો પણ એ ઝપાઝપીમાં પેલાએ ટ્રિગર દબાવી દીધું. મનોહરના પગમાં ગોળી વાગી. ઓબાપ રે.. ચીસ પાડતો મનોહર પગ પકડીને નીચે બેસી ગયો. તેના પગમાંથી લોહી વહી રહ્યું હતું. સોહમે તરત પેન્ટના ખિસ્સામાંથી દાગીનાનું પેકેટ કાઢીને પેલા પડછંદને આપી દીધું.

પેલા બંને ગુંડા આંખના પલકારામાં અલોપ થઈ ગયા.વેઈટિંગ રૂમમાં ભીડ જમા થઇ ગઈ. સોહમને ધીમે ધીમે સમજાઈ રહ્યું હતું કે એ લોકો રીતસર ધાડ પાડીને પચાસ લાખનો દાગીનો લૂંટીને પલાયન થઇ ગયા હતા. ગણતરીની મિનિટમાં જ રેલવે પોલીસ દોડતી આવી. મનોહરને એમ્બ્યુલન્સમાં સિવિલ હોસ્પિટલ લઇ જવામાં આવ્યો. રેલવે પોલીસના સ્ટાફે અંદર અંદર જરૂરી ચર્ચા કરીને સોહમને નજીકમાં જ આવેલા પોલીસ સ્ટેશને લઇ જવાનું નક્કી કર્યું. ગુનો રેલવેની હદમાં બન્યો હતો તેથી રેલવે પોલીસે જરૂરી વિધિ પહેલાં પૂરી કરી. સોહમ રેલવે પોલીસ સ્ટાફ સાથે પોલીસ સ્ટેશને પહોંચ્યો. થોડી વાર બાદ શેઠજી પણ હાંફળા ફાફળા પોલીસ સ્ટેશને દોડી આવ્યા. પોલીસે સોહમનું નિવેદન લીધું. સિવિલ હોસ્પિટલમાં મનોહરના પગમાંથી ગોળી કાઢીને તેની સારવાર શરુ કરી. મોડી રાત્રે સિવિલ હોસ્પિટલે જઈને પોલીસે મનોહરનું પણ નિવેદન લીધું. આવા કિસ્સામાં પોલીસ ગુનાના મૂળ સુધી પહોંચવાની કોશિશ કરતી જ હોય છે, જેમાં પહેલો સવાલ એ જ આવતો હોય છે કે ગુનેગારોને બાતમી આપી કોણે? સામાન્ય રીતે શંકાની સોય હંમેશાં ફરિયાદી તરફ જ તકાયેલી રહેતી હોય છે. મનોહર પર શેઠજીને કોઈ શક નહોતો, કારણકે એ વર્ષો જૂનો વફાદાર નોકર હતો. અગાઉ પણ મનોહરે નડિયાદ પ્લેટફોર્મ પર જીવના જોખમે માલ બચાવ્યો હતો. વફાદાર તો સોહમ પણ હતો, પરંતુ તેણે આ જોખમી કામનો ચાર્જ સંભાળ્યો કે તરત જ આ ઘટના બની હતી. જ્વેલરી શો રૂમના શેઠે પણ નિવેદન આપ્યું કે સોહમ અને મનોહર શો રૂમ પર દાગીનો લેવા આવ્યા ત્યારે મનોહર તો દાગીનો હાથમાં લેવા પણ તૈયાર નહોતો. મનોહરે જ કહ્યું હતું કે આજથી જવાબદાર માણસ સોહમ જ છે.. વળી એ વાત શો રૂમના સી સી ટીવી કેમેરામાં પણ કેદ થયેલી હતી, જે પોલીસે તરત જ કન્ફર્મ પણ કર્યું હતું. પોલીસે તપાસ દરમ્યાન રેલવે સ્ટેશનના વેઇટિંગ રૂમના સીસી ટીવી કેમેરામાં કેદ થયેલાં તમામ દૃશ્યો પણ ચેક કર્યા. પેલા બંને ગુનેગારોએ આખો ચહેરો ઢંકાય તેવી હેલ્મેટ પહેરી હતી તેથી તેમનો સ્કેચ બનાવવો કે ઓળખવાનું કામ અત્યંત કપરું હતું.

બીજા દિવસના અખબારમાં સમગ્ર ઘટનાનો વિસ્તૃત અહેવાલ છપાયો હતો. પોલીસ ઇન્સ્પેક્ટર જાડેજા પોલીસ સ્ટેશનમાં બેઠા બેઠા એ જ સમાચાર ધ્યાનપૂર્વક વાંચી રહ્યા હતા ત્યાં જ સબ ઇન્સ્પેક્ટર ગઢવી આવી પહોંચ્યા. 'શું લાગે છે, સર?' ગઢવી ગઈકાલની લૂંટના સંદર્ભમાં જ પૂછી રહ્યા છે એ વાત જાડેજા સાહેબ સમજી ગયા. તેમણે અખબાર બાજુ પર મૂકીને ઝીણી આંખ કરીને પ્રતિપ્રશ્ન કર્યો. 'ગઢવી, તને શું લાગે છે?' 'સર, એ સિંગલ બોડીનો વીસ વર્ષનો છોકરો જેટલો દેખાય છે તેટલો સીધો નથી લાગતો. પહેલી જ વાર શેઠે જોખમવાળું કામ સોંપ્યું અને તરત બદમાશી કરીને તેના સાગરીતોને બાતમી આપી દીધી હોય તેમ લાગે છે.' ગઢવીએ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો. જાડેજા સાહેબે સિગારેટ સળગાવી. એક ઊંડો કશ લઈને તેમણે બંને આંખ બંધ કરી દીધી. સિગારેટના ધૂમ્રસેરના વલયો છત તરફ જઈ રહ્યા હતા. જાડેજા સાહેબના વિચારોની વણથંભી વણઝાર સમગ્ર ઘટનાને મૂલવવાની કોશિશ કરી રહી હતી. થોડીવાર બાદ આંખો ખોલીને જાડેજા સાહેબે પૂછ્યું :

'એ છોકરા વિશે એના શેઠનું નિવેદન શું કહે છે?'

'સર, શેઠને તો બેમાંથી એક પણ નોકર પર શક નથી. બત્રીસ વર્ષનો મનોહર તો શેઠનો બાર વર્ષ જૂનો વફાદાર માણસ છે. આગાઉ પણ નડિયાદ સ્ટેશને તેણે જીવના જોખમે દસ લાખ બચાવ્યા હતા એવું સ્ટેટમેન્ટ ખુદ શેઠે કર્યું છે. વળી ગઈકાલે પણ એ જ ઘાયલ થયો છે.' 'એટલા માટે જ ગઢવી એટલા માટે જ..' જાડેજા સાહેબે બંધ આંખો ખોલીને અચાનક ટેબલ પર હાથ પછાડ્યો..

'મને એ મનોહર પર જ શક છે. તેં એ વિચાર્યું કે એને પગમાં જ ગોળી કેમ વાગી ? બીજું કે આ કામમાં નવો સવો છોકરો આટલી જલ્દી કોઈને બાતમી આપવાની ભૂલ ના કરે. આવા કિસ્સામાં હંમેશાં અતિશય જૂના તથા માલિકનો વિશ્વાસ જીતી ચૂકેલા કહેવાતા વફાદાર માણસો જ બેઈમાની કરતા હોય છે. આજે જ કોર્ટમાં એ મનોહર સામે ચાર્જ મૂકીને રિમાન્ડ માગી લો.' પણ પણ સર..એના શેઠને શક નથી તેનું શું ? ગઢવીથી બોલાઈ ગયું. શેઠને શક ન હોય તેથી શું થઇ ગયું? પોલીસને શક ન હોઈ શકે ?

***

સોહમે રાત્રે બે વાગે ઘરે આવીને બહાર ઓટલા પર જ ખાટલો પાથરીને તેના પર લંબાવ્યુ હતું. તેની આંખમાં થાક હતો પણ ઊંઘનું નામનિશાન નહોતું. તે મનમાં જ વિચારી રહ્યો..એ ગુંડાઓને કોણે માહિતી આપી હશે કે આ બે યુવાનો પાસે આટલું મોટું જોખમ છે..આજે તો શેઠજીએ બંને માણસો મારા અત્યંત વિશ્વાસુ છે તેવું નિવેદન આપીને તેને પોલીસના ત્રાસથી બચાવી લીધો હતો, પણ કાલે શું થશે? એ ગુનેગારો નહીં પકડાય તો શું? પોલીસ સ્ટેશનનો આજે નજરે જોયેલો માહોલ યાદ આવતાં જ સોહમના શરીરમાં ભયનું લખલખું પસાર થઇ ગયું. તેના આખા શરીરે પરસેવો વળી ગયો. પોલીસ ઇન્સ્પેક્ટર ગઢવી તો આજે ફરિયાદ લખતી વખતે પણ તેને શકની નજરે જ જોતા હતા ને? રેલવે પોલીસના સ્ટાફની સાથે સોહમ જયારે પોલીસ સ્ટેશનમાં પ્રવેશ્યો ત્યારે તે ગભરાયેલો હતો પણ પોતે નિર્દોષ હોવાથી તેની ચાલમાં આત્મવિશ્વાસ પણ હતો. પોલીસ વર્દીમાં સામે બેઠેલા ગઢવી સાહેબ લેન્ડલાઈન ફોનમાં કોઈની સાથે વાત કરવામાં મશગૂલ હતા. થોડી વાર પહેલાં બનેલી ઘટના બાબતે જ રેલ્વેપોલીસના કોઈ અધિકારી સાથે ગઢવીને વાત થઇ રહી હતી તેનો ખ્યાલ સોહમને તરત આવી ગયો હતો.સોહમે ત્રાંસી આંખે ટેબલ પર રાખવામાં આવેલી સબ ઇન્સ્પેક્ટર ગઢવીના નામ વાળી નેઈમ પ્લેટ પર નજર કરી હતી. વાત પૂરી થયા બાદ રિસીવર ક્રેડલ પર મૂકીને ગઢવીએ સોહમ સામે જોયું હતું. તેની ધારદાર નજર એક્સ - રે ની જેમ સોહમના પગથી માથા સુધી ફરી વળી હતી. ગઢવીએ તરત રાયટરને બાજુમાં બોલાવી લીધો અને ફરિયાદ નોંધવાની કાર્યવાહી શરૂ કરી દીધી હતી.

સોહમની સામે જોઇને તેમણે મોટા અવાજે પૂછ્યું હતું. : 'નામ?'

'જી.. સોહમ.'

'બાપનું નામ?'

સોહમ અટક્યો હતો.તેને આજે બપોરે જ તો ખબર પડી હતી કે જેને તે આજ સુધી બાપ

માનતો હતો એ બાપુ તેનો અસલી બાપ નથી.

'શું વિચારે છે ? બાપનું નામ કેમ યાદ કરવું પડે છે?' ગઢવીએ કરડાકીથી પૂછ્યું હતું.

(ક્રમશઃ)■



# ફન વર્લ્ડ

'મુંબઈ સમાચાર'ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી શુક્રવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ભાષા વૈભવ...

મરાઠી - ગુજરાતી સમાનાર્થી શબ્દોની જોડી બનાવો

| A | B |
|---|---|
| चाक | કપ, ટ્રોફી |
| चविष्ट | ચતુર |
| चर्मकार | પૈડું |
| चषक | સ્વાદિષ્ટ |
| चाणाक्ष | મોચી |

## ઓળખાણ પડી?



સ્થિર રહી શિકાર પર તરાપ મારતા આ જંતુની ઓળખાણ પડી? સંવનન પછી કેટલીક માદા નરનો શિકાર કરી એનું ભક્ષણ કરે છે.

અ) Locust બ) Leafhopper ક) Ladybug ડ) Mentis

## ગયા વખતનો ઉકેલ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ પ | ર | ૨ મા | ણું | | ૩ પ્ર | ક | ૪ ર | ણ | |
| રી | | છી | | ૫ સુ | | | ણ | | ૬ જ |
| ૭ ક્ષ | ત | | ૮ ન | વ | ર | ૯ સ | | ૧૦ દા | બ |
| ણ | | ૧૧ સ | વ | ર્ણ | | ૧૨ વા | ૧૩ વ | | ર |
| | ૧૪ દા | દા | | | ૧૫ કા | સ | દ | | દ |
| ૧૬ મ | દ | | ૧૭ શિ | ૧૮ ખા | મ | ણ | | ૧૯ અ | સ્ત |
| ૨૦ હ | ર | | ૨૧ કા | ન | | | ૨૨ ના | મ | |
| ત્વા | | ૨૩ ખ | રી | દા | ૨૪ ર | | ૨૫ ત | લ | ૨૬ પ |
| ૨૭ કાં | ક | રી | | ૨૮ ન | કા | ૨૯ ર | | | ર |
| ક્ષા | | ૩૦ દી | વા | | ૩૧ સ | દ | ન | સી | બ |

## શબ્દલાલિત્ય — સતીશ વ્યાસ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | | | ૪ | | ૫ | ૬ |
| ૭ | | | | | ૮ | | | ૯ | |
| ૧૦ | | ૧૧ | | | ૧૨ | | ૧૩ | | |
| ૧૪ | | | | ૧૫ | | | | | |
| | | | ૧૬ | | | | ૧૭ | | |
| | ૧૮ | ૧૯ | | ૨૦ | | ૨૧ | | | ૨૨ |
| ૨૩ | | ૨૪ | | | | | | ૨૫ | |
| ૨૬ | | | | | ૨૭ | | ૨૮ | | |
| | | ૨૯ | | | ૩૦ | | | | |
| ૩૧ | | | | ૩૨ | | | ૩૩ | | |

### આડી ચાવી

૧. સલામતી બક્ષવી તે (૫)
૪. સ્થાવર જંગમ મિલ્કત (૪)
૭. એક દિવસનો રાજા --- રાજા (૨)
૮. અમે (૨)
૯. ભલો, બધો (૨)
૧૦. માથાકૂટ (૪)
૧૨ આપણા ----નાં માયાળુ માનવી (૩)
૧૪. ----માં જવું કોઈને ના ગમે (૩)
૧૫. દ્વેષ, ઈર્ષ્યા (૨)
૧૬. બોલ, શબ્દ, અક્ષર (૩)
૧૭. તિરાડ (૨)
૧૮. કાબૂ, નિયમન, મુગ્ધ (૨)
૨૦. કપાત, બદલામાં મળે તે (૪)
૨૪. તૃપ્તિ, પાણીની અંજલિ (૩)
૨૫. શંકા, સંદેહ (૨)
૨૬. ---- ખાવી એટલે ઠપકો મળવો (૨)
૨૮. જેનામાં બળ ઓછું છે તે (૩)
૨૯. નુકસાન (૨)
૩૦. એકદમ ઝીણા ટુકડા (૩)
૩૧. નિર્બળ (૩)
૩૨. થોડું (૨)
૩૩. વહેંચવું, લાભ, નફો (૩)

### ઊભી ચાવી

૧. અપમાન, અવગણના (૫)
૨. પતિ, ધણી, સ્વામી (૪)
૩. દઝાડનાર (૩)
૪. વહીવટ, સત્તા, અફીણ (૩)
૫. હરસનું દરદ (૨)
૬. એકદમ તાજું (૪)
૮. આ ફળ ખાવાથી મૃત્ય ના આવે (૫)
૧૧. ઝીંકવું તે, પછાડ (૨)
૧૩. ધર્મવિધિ બંધ હોય ત્યારનો નવરાશનો સમય (૪)
૧૫. ખારવાની સ્ત્રી (૪)
૧૯. સો (૨)
૨૧. એક નાનકડું માપ (૨)
૨૨. અકળાઈ જવું તે (૫)
૨૩. મૃત્યુ (૪)
૨૫. મૃતદેહ (૨)
૨૭. નિશ્ચય, તર્ક, મનસૂબો (૩)
૨૮. જે ચલિત ન થાય તે (૩)
૨૯. માનો --- બાળકને હૂંફ આપે (૨)

## ગુજરાત મોરી મોરી રે

અટપટી રીતે સમજાવતા સંબંધને ઓળખી કાઢો. કોઈ સ્ત્રીના એકમાત્ર મામાના દીકરાની પત્ની એ સ્ત્રીને સગપણમાં શું થાય એ દિમાગ દોડાવી જણાવો જોઉં.

અ) કાકી બ) માસી ક) ભાભી ડ) બહેન

## જાણવા જેવું

આત્મકથામાં ગાંધીજીના પત્ની વિશેના વિચારો જાણવા જેવા અને જીવનમાં અનુસરવા જેવા છે. તેમણે લખ્યું છે કે 'પત્ની પતિની દાસી નથી, પણ તેની સહચારિણી છે, સહધર્મચારિણી છે. બંને એકબીજાના સુખ દુઃખના સરખા ભાગીદાર છે અને જેટલી સ્વતંત્રતા સારું - નઠારું કરવાની પતિને છે તેટલી જ સ્વતંત્રતા સ્ત્રીને પણ છે.'

## સુડોકુ-૭૦૮૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૫ | | | ૯ | | ૨ | | |
| | | ૪ | | ૬ | | ૭ | | ૫ |
| | ૩ | | ૫ | | | | | |
| | ૪ | | | | ૬ | | | ૮ |
| ૮ | | ૯ | | | | ૬ | | ૧ |
| ૭ | | | ૧ | | | | ૯ | |
| | | | | | ૫ | | ૬ | |
| ૬ | | ૮ | | ૩ | | ૫ | | |
| | | ૫ | | ૧ | | | ૨ | ૯ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોક્સ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

## સુડોકુ-૭૦૮૧

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૪ | ૨ | ૯ | ૬ | ૭ | ૧ | ૩ | ૮ | ૫ |
| ૩ | ૫ | ૭ | ૯ | ૪ | ૮ | ૧ | ૬ | ૨ |
| ૧ | ૮ | ૬ | ૫ | ૩ | ૨ | ૪ | ૭ | ૯ |
| ૮ | ૭ | ૫ | ૨ | ૧ | ૪ | ૬ | ૯ | ૩ |
| ૬ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ | ૫ | ૪ | ૮ |
| ૯ | ૪ | ૩ | ૮ | ૫ | ૬ | ૭ | ૨ | ૧ |
| ૫ | ૬ | ૮ | ૧ | ૨ | ૭ | ૯ | ૩ | ૪ |
| ૭ | ૯ | ૪ | ૩ | ૮ | ૫ | ૨ | ૧ | ૬ |
| ૨ | ૩ | ૧ | ૪ | ૬ | ૯ | ૮ | ૫ | ૭ |

## ચતુર આપો જવાબ — માથું ખંજવાળો

આપેલા વાક્યમાં એક પ્રાણીનો અવાજ સંતાયો છે એ શોધી કાઢો તમે વહેલા પહોંચી ગયા હો તો મારી રાહ જોજો.

## નોંધી રાખો

પ્રેમ ધોધમાર વરસાદ પછીના ઉઘાડ જેવો હોય છે, ઉજ્જવળ, મેઘધનુષી અને ભીની માટીની મહેક જેવો. એવી મહેક જે તમને તાજગી અને ઠંડક આપ્યા કરે.

## માઈન્ડ ગેમ

માનવ શરીરની કિડની સંબંધિત તકલીફ, સમસ્યા કે બીમારીની સારવાર કરનાર ડોક્ટર કયા નામથી ઓળખાય છે એ કહી શકશો?

અ) ન્યુરોલોજિસ્ટ ક) રેડિયોલોજિસ્ટ
બ) કાર્ડિયોલોજિસ્ટ ડ) નેફ્રોલોજિસ્ટ

## ગયા ગુરુવારના જવાબ

ભાષા વૈભવ

| A | B |
|---|---|
| लाट | ભરતી |
| लस | રસી |
| लक्ख | સ્પષ્ટ |
| लेक | દીકરી |
| लकाकी | ઝગમગાટ |

ઓળખાણ પડી?
સ્ટેફી ગ્રાફ

માઈન્ડ ગેમ
૮૮૮ + ૮૮ + ૮ + ૮ + ૮

ગુજરાત મોરી મોરી રે
પતિ

ચતુર આપો જવાબ
માથું ખંજવાળો
જરા

## ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) સુભાષ મોમાયા (૨) સુરેખા દેસાઈ (૩) ધીરેન્દ્ર ઉદેશી (૪) ગીતા ઉદેશી (૫) પ્રતિમા પમાણી (૬) ડૉ. પ્રકાશ કટકિયા (૭) ભારતી પ્રકાશ કટકિયા (૮) વિભા મહેશ્વરી (૯) શ્રદ્ધા આશર (૧૦) પુષ્પા પટેલ (૧૧) લજિતા ખોના (૧૨) મુલરાજ કપૂર (૧૩) જ્યોતિ ખાંડવાલા (૧૪) નીતા મુલરાજ કપૂર (૧૫) તાહેર ઔરંગાબાદવાલા (૧૬) શીરીન ઔરંગાબાદવાલા (૧૭) મહેન્દ્ર લોઢાવિયા (૧૮) નુતન વિપીન (૧૯) મીનળ કાપડિયા (૨૦) મનીષા શેઠ (૨૧) ફાલ્ગુની શેઠ (૨૨) ભાવના કર્વે (૨૩) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨૫) કલ્પના આશર (૨૬) અરવિંદ કામદાર (૨૭) મહેશ દોશી (૨૮) પ્રવીણ વોરા (૨૯) અંજુ ટોલિયા (૩૦) વિણા સંપટ (૩૧) દેવેન્દ્ર સંપટ (૩૨) ભારતી બુચ (૩૩) જ્યોત્સના ગાંધી (૩૪) રમેશ દલાલ (૩૫) ઈનાક્ષી દલાલ (૩૬) હિના દલાલ (૩૭) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૩૮) નયના ગિરીશ મિસ્ત્રી

# પુરુષ

# તમને ક્રોધ પર કાબૂ મેળવતાં આવડે છે?



મેલ મેટર્સ
અંકિત દેસાઈ
feedback@bombaysamachar.com

હમણાં 'ઈન્સ્ટાગ્રામ' પર એક સરસ મજાનું ક્વોટ વાંચવા મળ્યું, હિન્દીમાં લખ્યું હતું :

'ગુસ્સે મેં વો મત ગવા દેના, જો તુમને શાંત રહ કર પાયા હૈ.'

પહેલી નજરે અત્યંત સાદું લાગતું આ ક્વોટ આમ પણ મીડિયોકર જ છે. જોકે કેટલીકવાર મીડિયોકર સાહિત્ય પણ અત્યંત ગહન અર્થ લઈને આવતું હોય છે. એવું જ કંઈક આ ક્વોટનું પણ છે .

ક્રોધ એ આપણા સૌનું સામાન્ય લક્ષણ છે. આપણે સૌ સ્વીકારીએ કે ન સ્વીકારીએ, પરંતુ આપણે દિવસમાં અનેકવાર પ્રત્યક્ષ અથવા પરોક્ષ રીતે ક્રોધનો સામનો કરતા જ હોઈએ છીએ. કેટલાક વળી ક્રોધના રિએક્શન્સ આપે તો કેટલાક લોકો મનમાં ને મનમાં બળ્યા કરે, પરંતુ ક્રોધથી આપણે કોઈ બચી શકતા નથી. અહીં સૌએ યાદ રાખવું પડશે એટલે કે આપણે જોરજોરથી બૂમરાણ નથી મચાવતા, કોઈની સાથે બાખડતા નથી અથવા તો ગાળાગાળી નથી કરતા એટલે આપણને ક્રોધ નથી આવતો એવું નથી.

ખેર, ક્રોધ જો આપણું મૂળભૂત લક્ષણ હોય તો આપણે ક્રોધથી બચવું જ રહ્યું, પરંતુ હમણાં જ કહ્યું એમ આપણે બાખડતા નથી એટલે આપણે એમ જ માનતા રહીએ કે આપણને તો ક્રોધ આવતો જ નથી ... હવે જેને સમસ્યા વિશે જ નથી ખબર એ સમસ્યાનું સમાધાન કઈ રીતે મેળવી શકે?

માની લો કે આપણે ભલે રિએક્ટ નહીં કરીએ, પરંતુ જો આપણે કોઈની હાજરી સાંખી શકતા ન હોઈએ તો એ આપણે ક્રોધ છે. આપણે કોઈને બતાવી દેવા માટે કે બીજાઓ સામે કશુંક સાબિત કરી દેવા માટે કરતા હોઈએ તો એ ક્રોધ છે. આપણે સીધી રીતે નહીં, પરંતુ મનમાં ને મનમાં અમુક દૃશ્યો સર્જીને તેમને-સામેવાળાને સંભળાવી દેતા હોઈએ તો એ આપણો ક્રોધ જ છે. કે પછી અમુક લોકોની હાજરીનો તાગ મેળવીને આપણે કોઈ પ્રસંગમાં નથી જતાં કે આપણો રસ્તો બદલી કાઢીએ છીએ તો એ પણ આપણો ક્રોધ છે !

ઈનશોર્ટ, ક્રોધને અને લાઉડ રિએક્શન્સને સીધી રીતે કોઈ લેવાદેવા નથી. ભલે આપણે ચોખ્ખા શબ્દોમાં કહેતા નથી હોતા તો પણ આપણે ક્રોધ તો કરતા જ હોઈએ છીએ અને આ ક્રોધ જ આપણને અનેક પ્રકારનું નુકસાન કરાવતો હોય છે.


એ નુકસાન કયા કયા ? તો કે એક, તો આપણે ક્રોધને પગલે આપણી સામાજિક પ્રેઝન્સ-હાજરી ઓછી કરી દઈએ છીએ. ક્રોધને પગલે જ આપણે આપણા અનેક સ્વજનોને ગુમાવી દઈએ છીએ. આ ઉપરાંત ક્રોધને કારણે આપણે હકારાત્મક દૃષ્ટિકોણ ગુમાવી દઈએ છીએ અને દરેક ઘટના કે સંજોગને નેગેટિવ દૃષ્ટિકોણથી જોતાં થઈ જઈએ છીએ. એ ખોટા દૃષ્ટિકોણને કારણે આપણે આપણી સારી કાર્યદક્ષતા ગુમાવીએ છીએ અને પછી ખાસ તો આપણે આપણા આરોગ્ય પર અત્યંત નકારાત્મક અસર ઊભી કરીએ છીએ.

-પણ તો પછી આ ક્રોધથી બચવું કઈ રીતે ?

લોકો કહે છે કે યોગ-પ્રાણાયમ કરો. અને એ પણ બહુ કરી જોયા, છતાં ય ક્રોધ ઘટતો નથી તો કરવું શું ? તો એ માટે અમારા એક મિત્ર એક જ સલાહ આપે છે. એ કહે છે કે ક્રોધથી બચવાનો એક ઉપાય એ છે કે આપણે સમજી જવાનું છે અમુક લોકો અને અમુક પરિસ્થિતિઓ ક્યારેય આપણા તાબામાં રહેવાના નથી. આપણને ક્રોધ એટલા માટે આવતો હોય છે કે આપણે સંજોગ કે માણસને આપણા તાબામાં રાખવાનો પ્રયત્ન કરીએ છીએ અથવા તો એવું ઈચ્છીએ છીએ કે સામેનો માણસ કે સંજોગ આપણે ઈચ્છીએ તેમ વર્તે! પરંતુ આ ગ્રહ પર અમીબાની ઉત્પત્તિ થયેલી ત્યારથી એવું બન્યું નથી કે એક અમીબા બીજી અમીબાની મરજી મુજબ વર્તી હોય! તો આ તો માણસની જાત! એ કંઈ સામેનાની મરજી મુજબ વર્તે? એટલે આપણે મનને એ રીતે ટ્રેન કરવું કે સામેના માણસનું વર્તન કે ન ગમતો સંજોગ આપણા પર કોઈ જ અસર ન કરે!

એક રીતે આપણે મનને આ રીતે ટ્રેન કરી દઈશું પછી બધુ જ આપોઆપ ગોઠવાતું જશે અને આપણને ગુસ્સો આવતો બંધ થઈ જશે . આખરે આપણને સામેનાની કંઈ પડી હોય તો આપણને ગુસ્સો આવેને ! એવું જ સંજોગોનું પણ થઈ જશે. આપણને સમજાઈ જશે કે આના પર આપણો કોઈ કાબૂ જ નથી તો આપણે એ સંજોગ પર ક્રોધ શું કામ કરવો ? શું કામ આપણી ઊર્જા એ પાછળ બગાડવી ? બાય ધ વે, અમારા પેલા મિત્ર કોણ છે એ ખબર છે ? કદાચ એ તમારા પણ મિત્ર હોઈ શકે છે. નામ કહું . કૃષ્ણ વાસુદેવ યાદવ. એ મિત્રે આ વાત ગીતામાં કહી હતી !

અલબત્ત! આપણા મિત્રે આપેલી સલાહનો અમલ કરવો કંઈ સહેલો નથી. જોકે એ પણ આડવાત છે ! ■



## ડિયર હની... તારો બન્ની

પત્નીને પત્ર

કૌશિક મહેતા
feedback@bombaysamachar.com

# યે તેરા ઘર, યે મેરા ઘર....

ડિયર હની,

આપણા બિલ્ડિંગના ચોકીદાર દાદા શિયાળાની ઠંડીથી બચવા ખુરશી નાખી તડકો ખાતા હતા. હું બહાર જતો હતો ત્યાં એમને શું સૂઝ્યું કે, મને પાસે બોલાવી કહેઃ 'ભાઈ, તમારી હથેળીમાં ચોકડી છે અને તમારે ચાર ઘર થશે!' એમની વાતથી હું હેબતાઈ ગયો અને હસતાં હસતાં કહ્યું કે, 'દાદા, એક ઘર ચલાવવામાં પરસેવો વળી જાય છે ને તમે ચાર ઘરની વાત કરો છો?' દાદા સમજી ગયા. કહેઃ 'એમ ચાર ઘર નહિ, પણ તમારા નસીબમાં ચાર મકાન લખેલાં છે!'

આવું કોઈ કહે તો મન રાજી જ થાય, કારણ કે આજે માણસને એક ઘર કરવું નસીબ નથી હોતું. ભાડાના મકાનમાં માણસ જન્મે છે ને ભાડાના મકાનમાં મરી જાય છે. આવા લોકો બહુમતીમાં છે, પણ એ કોઈ વોટ બૅન્ક નથી એટલે એમને સરકારી સ્કીમમાં પણ મકાન જોતું હોય તો ઘણી બધી રાહ જોવી પડે છે. ગરીબ માણસ ઝૂંપડામાં રહેતો હોય અને સામે મોટું બિલ્ડિંગ હોય તો શું વિચારતો હોય એ સમજી શકાય છે. ઘર બહુ જરૂરી હોય છે. માણસ ઘર બનાવવા શું નથી કરતો? એ તનતોડ મહેનત કરે છે. લોનના હપ્તા ભરવાની ત્રેવડ થાય એટલે એ શોધ શરૂ કરે છે. મને બરાબર યાદ છે અને તને પણ યાદ હશે કે, આપણે જે ફ્લૅટ ખરીદ્યો એ પહેલાં કેટકેટલાં ઘર જોયાં હતાં. નોકરીના કારણે રવિવાર સિવાય ઘરની શોધખોળ શક્ય નહોતી, મને એય યાદ છે કે, તું શનિ રવિનાં અખબારોમાં ટચુકડી જાહેરાત બરાબર વાંચતી અને એમાં આપણા લાયક કોઈ ઘર કે ફ્લૅટ હોય તો એની સામે રાઈટની નિશાની કરતી અથવા તો ગોળ મીંડું કરી રાખતી અને રવિવારે સવારે એમાંથી એક પછી એક સ્થળે જઈ હું જોતો કે, આપણને ફાવે એવું છે કઈ? આપણા બજેટમાં બેસે એવું છે કે કેમ? આ રીતે ઘણા સમય સુધી શોધખોળ કરી હતી અને પછી આજે જેમાં રહીએ છીએ એ ફ્લૅટનો મેળ પડ્યો હતો. લોન તો મળી જાય એમ હતી, પણ સવાલ રોકડાનો હતો. આપણે ત્યાં ત્યારે ૧૦૦ ટકા દસ્તાવેજ તો થતા નહોતા. એટલે રોકડાનો સવાલ હતો. ઉપરનું પેમેન્ટ ક્યાંથી કરવું? કોની પાસે પૈસા માગવા? આ પ્રશ્ન બહુ અણિયાળો બની ગયો હતો. આપણે બંનેએ એક રાતે એક લિસ્ટ બનાવ્યું હતું કે, કોની કોની પાસે પૈસા માગી શકાય અને પછી એ રીતે કેટલાક મિત્રો પાસે મેં વિનંતી કરેલી અને એમાંથી ચારેક મિત્રોએ મદદ કરેલી. પછી ફ્લૅટનો દસ્તાવેજ શક્ય બન્યો હતો, પણ એ પૈસા જ્યાં સુધી ના ચૂક્વાયા ત્યાં સુધી રાતે ઊંઘ આવી નહોતી. મારા માટે આ પહેલો પ્રસંગ હતો કે, કોઈ પાસે પૈસા લીધા હતા.

-અને એ પછી ઘરમાં શું શું હોવું જોઈએ અને એ આપણા બજેટમાં કેમ બેસે એની માથાકૂટ થઈ હતી. ધીરે ધીરે ચીજો વસાવી અને ફ્લૅટ ઘર બની ગયો. ત્યારે આપણે બંનેએ સાથે સાથે જાવેદ અખ્તરે લખેલું પેલું ગીત કેટલીવાર ગયું હતુંઃ

યે તેરા ઘર, યે મેરા ઘર / કિસે હો દેખના અગર તો પહેલે આ કે માંગ લે / તેરી નઝર મેરી નઝર / યે ઘર બહોત હસીન હૈ ...

જ્યારે કોઈને ઘર માટે મહેનત કરતાં જોઈએ ત્યારે આપણને આપણો સંઘર્ષ યાદ આવે છે. કોઈ ઝૂંપડામાં રહેતા કે ફૂટપાથ પર સૂઈ જતા લોકોને જોઈએ ત્યારે નિસાસો નીકળી જાય છે. આપણા એક મિત્રએ તો એક પુલની ફૂટપાથ પર એક રાત વિતાવવાનું નક્કી કર્યું હતું. એ અદ્ભુત પ્રયોગ કરેલો. એ ત્રણ-ચાર લોકોએ એક પુલની ફૂટપાથ પર એક રાત વિતાવવાનું... આ રીતે રહેતા લોકોનો અનુભવ કેવો હોય છે. ઘર ના હોવું એ એકમાત્ર આર્થિક સમસ્યા જ નથી. એની સાથે ઘણી બધી બાબત જોડાયેલી હોય છે અને ઘર હોવા છતાં ઘરથી જે વિખૂટા પડતા હોય છે એમની વેદના તો બહુ ઘેરી હોય છે. આખો દિવસ માણસ કામકાજ માટે ભટકતો રહે, પણ સાંજે એને ઘર યાદ આવી જાય છે. કફીલ આજર અમરોહવીનો એક શેર છે...

उसकी आंखों में उतर जाने को जी चाहता है

शाम होती है तो घर जाने को जी चाहता है

ઘરની વ્યાખ્યા તો કેમ થઈ શકે, પણ કવિ નિરંજન ભગતે જે વ્યાખ્યા કરી છે એ મને બહુ ગમે છે. અંતમાં એ જ લખું, વાંચજે...

ઘર તમે કોને કહો છો?
જ્યાં ટપાલી પત્ર લાવે,
શોધતા વણશોધતા મિત્રો અને મહેમાન જ્યાં આવી ચડે,
ક્યારેક તો આવે પડે,
જેનું બધાને ઠામઠેકાણું તમે આપી શકો
તેને તમે શું ઘર કહો છો?
તો પછી જ્યાં જ્યાં તમે પગથી ઉતારીને પગરખાં,
ભાર-ટોપીનોય-માથેથી ઉતારીને,
અને આ હાથ બે પ્હોળા કરીને 'હાશ' કહો;
જ્યાં સર્વનાં મુખ જોઈ તમને સ્હેજમાં મલકી ઊઠે
ત્યાં ત્યાં બધે કહો તમારું ઘર નથી?
તે ઘર તમે કોને કહો છો?

તારો બન્ની

# સંધ્યા છાયા

# અંતે સગાં તો સૌ સ્વાર્થનાં જ...!

feedback.ladki@bombaysamachar.com
નીલા સંઘવી

એક વૃદ્ધાશ્રમની મુલાકાતે પહોંચી. અહીં મારી બીજી મુલાકાત હતી. પહેલાં પણ મને અહીંથી થોડી વાર્તા મળી હતી. વૃદ્ધાશ્રમના મેનેજરની ઑફિસમાં બેસીને વૃદ્ધજનોની સમસ્યાઓ, અત્યારની પરિસ્થિતિ, સંતાનોની વર્તણૂક વિષે વાતો કરી હતી. એ દરમિયાન વૃદ્ધાશ્રમના સંચાલક - ટ્રસ્ટી પણ આવ્યા. એમણે પણ અમારી વાતોમાં ઝૂકાવ્યું અને થોડીવાર પછી મેનેજરને પૂછ્યુંઃ 'તમે પેલા મનોરમાબહેન વિશે વાત કરી કે નહીં?'

'આ બહેન હમણાં જ આવ્યાં છે. હવે એમને મનોરમાબહેન વિશે કહીશ...' મેનેજરે કહ્યું. એટલે મેં પ્રશ્નાર્થ નજરે મેનેજર સામે જોયું. એ કહે : 'આપણે હમણાં સંતાનોની વર્તણૂક વિષે વાત કરતા હતા એનો બહુ જ ખરાબ અનુભવ મનોરમાબહેનને થયો છે.'

'શું છે એમનો અનુભવ ?'

'જી..લગભગ ત્રણેક મહિના થયા મનોરમાબહેનને અહીં દાખલ થયાને. મનોરમાબહેનના ભાઈ એમને અહીં મૂકવા આવ્યા હતા. મનોરમાબહેનને સંતાનમાં એક જ દીકરો સંદીપ, ખાધેપીધે સુખી પરિવાર. મનોરમાબહેનના પતિ મગનભાઈ એક ખાનગી કંપનીમાં નોકરી કરતા હતા. પ્રામાણિક અને મહેનતુ હોવાને કારણે મગનભાઈ પર એમના શેઠ ખુશ હતા. પગાર સારો આપતા હતા. નાનો પરિવાર અને મનોરમાબહેનની કરકસરથી ઘર ચલાવવાની આવડતને કારણે કદી પૈસાની ખેંચ વર્તાતી નહીં. સામાન્ય મધ્યમ વર્ગના પરિવારની જેવી જિંદગી હોય તેવી એમની પણ જિંદગી હતી. સંદીપને ભણાવ્યો, પરણાવ્યો - વરાવ્યો. ઘરમાં પુત્રવધૂનું આગમન થયું. મગનભાઈ હજી રિટાયર્ડ નહોતા થયા. સંદીપને પણ સારી જોબ હતી. પુત્રવધૂ પણ જોબ કરતી હતી. અને સરસ જીવન વ્યતીત થતું હતું. મનોરમાબહેન પુત્રવધૂને ઘરકામમાં બની શકે તેટલી મદદ કરતાં. દેવદર્શને જતાં. સરસ ચાલી રહ્યું હતું, પણ સુખ ક્યાં કોઈનેયે લાંબું ટકે છે? સુખની પાછળ લાઈનમાં દુઃખ તો ઊભું જ હોય છે. વિશ્વભરમાં કોરોના ત્રાટક્યો. ભારતમાં પણ કોરોનાએ કાળો કેર વર્તાવ્યો. મગનભાઈ કોરોનાની ચપેટમાં આવી ગયા. સખત તાવ, ખાંસી અને તકલીફ વધતી ચાલી. ચાર દિવસ ઘરમાં કવોરેન્ટાઈન થયા, પણ તકલીફ વધવાને કારણે હોસ્પિટલ ખસેડવા પડ્યા. હોસ્પિટલની ગાડી આવીને મગનભાઈને લઈ ગઈ. જતી વખતે દૂરથી ફક્ત 'આવજો' કરીને મગનભાઈ હોસ્પિટલ ગયા. મનોરમાબહેનની રડી રડીને આંખો સૂઝી ગઈ. હોસ્પિટલમાં ન જઈ શક્યાં, ન મગનભાઈને મળી શક્યાં. મગનભાઈની તકલીફ વધતી ચાલી, પણ કાંઈ ઉપાય ન હતો. હતી તો હતી ફક્ત લાચારી અને એક રાતે મગનભાઈના અવસાનના સમાચાર હોસ્પિટલમાંથી આવ્યા. સવારે પરિવાર હોસ્પિટલ ગયો. હોસ્પિટલની બહાર માસ્ક પહેરીને ઊભા. હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં મગનભાઈના મૃતદેહને સ્મશાન લઈ જતા હતા. બહુ જ વિનંતી કરવાને કારણે પ્લાસ્ટિકમાં પૂર્ણપણે લપેટેલા દેહનો ફક્ત ચહેરો જોવા દીધો અને પછી મગનભાઈને સ્મશાન હોસ્પિટલની એમ્બ્યુલન્સમાં જ લઈ જવાયા. પરિવારના બે-ત્રણ જણ પાછળ કારમાં ગયા અને દૂરથી જ જોઈને પાછા આવ્યા. મનોરમાબહેન તો સાવ પડી ભાંગ્યાં. આખો દિવસ રડ્યા કરતાં. પણ કહેવાય છે ને કે 'દુઃખનું ઓસડ દહાડા' તેમ દિવસો વીતતા થોડા સ્વસ્થ થયાં . દીકરો-વહુ ઘરેથી કામ કરતા હતા. એમને ત્યાં પણ નાનકડી પરી જન્મી. પરી સાથે મનોરમાબહેનનો દિવસ સારી રીતે પસાર થઈ જતો.

કોરોના કાળ વિત્યા પછી જનજીવન સામાન્ય થવા લાગ્યું. મગનભાઈ - મનોરમાબહેનનું પોતાનું ઘર હતું. મગનભાઈના મૃત્યુ બાદ કંપની તરફથી સારી એવી રકમ મળી હતી, જે મનોરમાબહેનના નામે એફડી કરી દીધી હતી. કોઈવાર સંદીપને પૈસાની જરૂર પડે તો તે મનોરમાબહેન પાસે સહી કરાવીને બેંકમાંથી પૈસા લઈ આવતો. મનોરમાબહેન કદી બેંકમાં જતાં નહીં. સંદીપ કહે ત્યારે સહી કરી દેતા હતાં .

થોડા સમય પછી મનોરમાબહેનના ભત્રીજાના લગ્ન હતા. એમના ભાઈએ બહેનને એકાદ મહિનો પહેલાં પોતાના ઘેર બોલાવી લીધાં હતાં, જેથી લગ્નના કામમાં બહેન મદદરૂપ થઈ શકે, વળી વ્યવહારિક બાબતોમાં પણ એમની સલાહ કામ આવે. મનોરમાબહેન તો ભત્રીજાના લગ્નમાં મહાલતાં હતાં. બધાં ફોઈબાનું બહુ જ માન જાળવતા હતાં. મનોરમાબહેનને ગમતું હતું. રંગેચંગે લગ્ન સંપન્ન થયા પછી મનોરમાબહેન પોતાને ઘેર પાછાં આવ્યાં.

-પણ આ શું? પુત્રવધૂનું વર્તન સાવ બદલાયેલું લાગ્યું. વાતવાતમાં એ સાસુને ટોકવા લાગી હતી : 'મમ્મી તમે પરી સાથે આમ નહીં કરો, તમે એને બહુ બગાડી છો...' આગળ વધીને કહેતી :

'મમ્મી હમણાં તમારી રસોઈ જરાય સારી થતી નથી. કોઈવાર મીઠું વધારે હોય છે તો કોઈવાર ગળપણ' તો કોઈ વાર કહેતી'તમારે તો ઠીક છે. અમે ઘર કેવી રીતે ચલાવીએ છીએ તેની તમને ક્યાં ખબર છે? વળી તમારી દવાનો ખર્ચ પણ કેટલો બધો છે.'

વહુની આવી રોજની ટકટકથી એમને બહુ જ ગુસ્સો આવ્યો, ગુસ્સામાં બોલ્યાંઃ

'તું મને રોજ આટલું બધું શેની સંભળાવે છે? આ તો તને મદદ કરું છું. આભાર માનવાનો તો દૂર, ઉપરથી ટોકટોક કરે છે. હું કાંઈ તારી નોકરાણી નથી. અને દવાનો ખર્ચ તમે નથી કરતા. સંદીપ દર મહિને મારી પાસેથી સહી લઈ જાય છે અને બેંકમાંથી મારા પૈસા ઉપાડે છે. હું તારી વધારે કચકચ અને જોહુકમી સહન કરવાની નથી. તને ફાવતું હોય તો સાથે રહે નહીં તો તમારી વ્યવસ્થા કરી લો. હું તો મારાં ઘરમાં મારો રોટલો ઘડીને ખાઈશ અને રહીશ. જાવ તમે લોકો.'

'તમારું ઘર ક્યાં છે તમારું ઘર? આ તો અમારું ઘર છે.' વહુએ છણકો કર્યો.

'ક્યાંથી થઈ ગયું તારું ઘર? તારા સસરાએ મારા નામ પર લીધેલું છે આ ઘર.'

'ઊભાં રહો, સંદીપને બોલાવું છું. તમને પેપર બતાવશે' કહીને વહુએ સંદીપને બોલાવ્યો. સંદીપે કહ્યુંઃ 'હા, મમ્મી આ ઘર હવે મારા નામ પર છે. મેં ઘર મારા નામ પર ટ્રાન્સફર કરાવી લીધું છે.'

'પણ ક્યારે? કેવી રીતે? આપણે તો ક્યારેય વાત નથી થઈ. નથી આપણે સહી સિક્કા કર્યા.'

'મમ્મી, તું ભૂલી ગઈ છે. પેપર પર તેં જ તો સહી કરી હતી' સંદીપે નફફટાઈથી કહ્યું.

મનોરમાબહેન સમજી ગયાં. દીકરાએ છેતરપિંડીથી પોતાનું ઘર હડપી લીધું હતું. એ બહુ રડ્યાં , પણ હવે કાંઈ થઈ શકે તેમ ન હતું. દીકરા પર વિશ્વાસ મૂક્યો. સહી કરતા પહેલાં પેપર વાંચ્યા નહીં એ એમની મોટી ભૂલ હતી. પછી તો મનોરમાબહેન સાથે પુત્રવધૂનું વર્તન બગડતું જ ગયું. વાતવાતમાં અપમાન કરતી અને કહેતીઃ

'ન ફાવતું હોય તો નીકળી જાવ અમારા ઘરમાંથી.'

વહુની આ વાત સાંભળીને મનોરમાબહેનના રુંવે રુંવે આગ લાગતી. હવે અહીં રહેવું અસહ્ય હતું. મનોરમાબહેને પોતાના ભાઈને બધી વાત કરી. ભાઈએ કહ્યું, 'બહેન, તું મારે ઘેર આવી જા. મને ભારે નહીં પડે.' પણ મનોરમાબહેન ભાઈ પર બોજ બનવા માગતાં ન હતાં. એમણે ભાઈને કોઈ યોગ્ય વૃદ્ધાશ્રમની તપાસ કરવા કહ્યું અને પછી એમના ભાઈ મનોરમાબહેનને અહીં મૂકી ગયા. મનોરમાબહેન અહીં શાંતિથી રહે છે અને એમનાથી બને તેટલી કિચનમાં મદદ કરે છે.' મેનેજરે વાતની સમાપ્તિ કરી.

પેટના જણ્યાં હોય કે પછી અન્ય સ્વજન... ખરેખર, અંતે સગાં સૌ સ્વાર્થના જ...! ■

# મજબૂત રિબાઉન્ડઃ જીડીપીના નિરસ ડેટા અને અમેરિકાના મજબૂત ડેટાને કારણે સેન્સેક્સ અને નિફ્ટી નેગેટિવ ઝોનમાં લપસ્યા

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ જીડીપી વૃદ્ધિના નિરસ અંદાજ અને અમેરિકાના મજબૂત આર્થિક ડેટા પાછળ સેન્ટિમેન્ટ ખરડાવાથી બજાર નેગેટિવ ઝોનમાં વધુ ઊંડું ઉતર્યું હતું, જોકે એ નોંધવું રહ્યું કે બજારે આ સત્રમાં ૬૦૦ પોઇન્ટથી મોટા ગાબડાં બાદ મજબૂત બાઉન્સ બેક પણ કર્યુ છે. સત્રને અંતે સેન્સેક્સ ૫૦.૬૨ પોઈન્ટ અથવા ૦.૦૬ ટકા ઘટીને ૭૮,૧૪૮.૪૯ પોઇન્ટની સપાટી પર અને નિફ્ટી ૧૮.૯૫ પોઈન્ટ અથવા ૦.૦૮ ટકા ઘટીને ૨૩,૬૮૮.૯૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયો હતો.

વિદેશી ભંડોળના અવિરત આઉટફ્લો અને વિશ્વ બજારના મિશ્ર સંકેતોએ પણ સેન્ટિમેન્ટને ફટકો માર્યો હતો. જોકે, ટીસીએસ અને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના શેરોમાં ખરીદીને કારણે બજારને ભારે ઘટાડા બાદ રિબાઉન્સ થવામાં સફળતા મળી હતી. સત્રના ઉતરાર્ધમાં ઇન્ડેક્સ હેવીવેઇટ્સ અને આઇટી, ઓઇલ એન્ડ ગેસ, એફએમસીજી શેરોમાં ખરીદી વચ્ચે તીવ્ર રિબાઉન્ડ સાથે બજારે આગલું મોટાભાગનું નુકસાન સરભર કરી લીધું હતું.

ઓએનજીસી, આઈટીસી, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ટીસીએસ, એશિયન પેઈન્ટ્સ નિફ્ટીમાં ટોપ ગેઇનર્સમાં હતા, જ્યારે અપોલો હોસ્પિટલ, ટ્રેન્ટ, બજાજ ઓટો, અદાણી પોર્ટ્સ, શ્રીરામ ફાઈનાન્સ ટોપ લુઝર્સ હતા. બીએસઇ મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં એક ટકાનો ઘટાડો થયો છે. સેક્ટોરલ મોરચે એફએમસીજી, ઓઇલ એન્ડ ગેસ, આઇટી ૦.૩-૧.૫ ટકા વધ્યા છે, જ્યારે પીએસયુ બેન્ક, ફાર્મા, મેટલ, મીડિયા, મીડિયા, બેન્ક, ઓટો ૦.૪-૧ ટકા વધ્યા છે. પીટીસી ઇન્ડસ્ટ્રીઝ, અનંત રાજ, ક્રિષ્ના ઇન્સ્ટિટ્યૂટ ઓફ મેડિકલ સાયન્સ, મેક્સ હેલ્થકેર, એજીસ લોજિસ્ટિક્સ, અપાર ઇન્ડસ્ટ્રીઝ સહિતના ૧૪૦થી વધુ શેરોએ તેમની બાવન સપ્તાહની ઊંચી સપાટીને સ્પર્શ્યા હતા.

પ્રાઇમરી માર્કેટમાં લક્ષ્મી ડેન્ટલ આઈપીઓ રૂ. ૬૯૮.૦૬ કરોડના બુક બિલ્ટ ઈશ્યુ સાથે ૧૩ જાન્યુઆરીએ બજારમાં પ્રવેશ કરે છે. પ્રાઇસ બેન્ડ પ્રતિ શેર રૂ. ૪૦૭ થી રૂ. ૪૨૮ છે. સબસ્ક્રિપ્શન ૧૫ જાન્યુઆરીએ બંધ થશે. શેરની ફાળવણી ગુરુવારે, ૧૬ જાન્યુઆરીએ ફાઈનલ થવાની ધારણા છે. એનએસઇ અને બીએસઇ પર શેર લિસ્ટિંગ ૨૦ જાન્યુઆરીએ થશે. એપ્લિકેશન માટે લઘુત્તમ લોટ સાઈઝ ૩૩ છે.

એલએન્ડટીએ અમેરિકાના પ્રોજેકટ સહિત ત્રિમાસિક ગાળામાં રૂ. ૧૦૦૦ કરોડથી વધુના ઓર્ડર મેળવ્યા હોવાનું એક્સચેન્જને ફાઇલિંગમાં જણાવ્યું છે. ફાઇનાન્શિયલ પ્રોડક્ટસ અને સર્વિસ ઓફર કરતી એમરાલ્ડ ફાઇનાન્સ લિમિટેડે ૨૦૨૫ના ત્રીજા ત્રિમાસિક સમયગાળાના અનઓડિટેડ નાણાકીય એકીકૃત પરિણામમાં ૬૭.૭૦ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૫.૭૪ કરોડની કુલ આવક, ૧૦૧.૪૭ ટકાના વધારા સાથે રૂ. ૪.૦૯ કરોડનો એબિટા અને ૧૦૮.૮૯ ટકાની વાર્ષિક વૃદ્ધિ સાથે રૂ. ૨.૪૮ ટકાનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે.

ઓઇલ એન્ડ નેચરલ ગેસ કોર્પોરેશન (ઓએનજીસી)એ સ્ટોક એક્સ્ચેન્જ ફાઇલિંગમાં જણાવ્યું હતું કે તેણે બોમ્બે હાઇ ઓઇલ ફિલ્ડનું ઉત્પાદન વધારવા માટે ટેકનિકલ સર્વિસ પ્રોવાઇડર તરીકે બીપી પીએલસીની સંપૂર્ણ માલિકીની પેટાકંપની બીપી એક્સપ્લોરેશન (આલ્ફા) લિમિટેડની પસંદગી કરી છે. ટાટા જૂથની ટાઇટન કંપનીએ ચેન્નઇમાં વિસ્તરણના ભાગરૂપે નવો સ્ટોર શરૂ કરવા સાથે નાણાકીય વર્ષ ૨૦૨૭ સુધીમાં રૂ. ૧૦૦૦ની રેવન્યૂનું લક્ષ્યાંક જાહેર કર્યું છે. જીએમઆર ગ્રુપને અબુ ધાબી ઇન્વેસ્ટમેન્ટ ઓથોરિટી તરફથી રૂ. ૬,૩૦૦ કરોડનું રોકાણ પ્રાપ્ત થયું છે.

ગ્લોબલ હેલ્થકેર સેકટરમાં જાણીતી અને ભારત અને આફ્રિકામાં હાજરી ધરાવતાં યુએમસી હોસ્પિટલ્સ ગ્રૂપે ભારતમાં, મહારાષ્ટ્રના નવી મુંબઈ ખાતે તેની પ્રથમ મલ્ટિ સ્પેશિયાલિટી હોસ્પિટલ શરૂ કરી રહી છે. આ હોસ્પિટલ, એપ્રિલ ૨૦૨૫ સુધીમાં, હોસ્પિટલ્સ પ્રાઇવેટ લિમિટેડ હેઠળ, એનએસઇ ઇમર્જ લિસ્ટેડ યુનિહેલ્થ હોસ્પિટલ્સ લિમિટેડની પેટાકંપની યુએમસી હોસ્પિટલ્સ પ્રાઇવેટ લિમિટેડ હેઠળ શરૂ થવાની છે.

સેન્સેક્સ સવારના જ સત્રમાં બેન્ચમાર્ક સેન્સેક્સ ૫૦૦ પોઇન્ટ નીચી સપાટીએ ગબડ્યો હતો. અમેરિકાના અર્થતંત્રની મજબૂતીના સંકેત શેરબજારની નબળાઈનું કારણ બની રહ્યા છે. એશિયન બજારોનું સેન્ટિમેન્ટ અમેરિકાના આર્થિક ડેટાની જાહેરાત પછી ડહોળાયું છે, કારણ કે મજબૂત યુએસ આર્થિક ડેટાએ ફેડરલ રિઝર્વ દ્વારા રેટ કટની સંખ્યમાં ઘટાડો થવાની શક્યતામાં વધારો કર્યો છે.

આમ તો ચીની એમએચપીવી વાઇરસને કારણે પણ બજારનું માનસ ખોરવાયું છે, જો કે તાત્કાલિક અસર અમેરિકાના ડેટાની થઈ છે. આ જ કારણે અન્ય એશિયન બજારોના નબળા વલણને પગલે બુધવારે ભારતીય બેન્ચમાર્ક શેરઆંક નીચા મથાળે અથડાઈ રહ્યા હતા.

યુએસ સકારાત્મક આર્થિક ડેટાએ મજબૂત અર્થતંત્રનું સૂચન કર્યું છે અને તેને પરિણામે ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરમાં કાપની સંખ્યાના ઘટાડાની અપેક્ષાઓને વધુ મજબૂત બનાવી દીધી છે. તાજેતરના ડેટા પરથી જાણવા મળ્યું છે કે યુએસ સર્વિસ સેક્ટરની પ્રવૃત્તિ ડિસેમ્બરમાં વધી હતી, જ્યારે નવેમ્બરમાં રોજગાર સર્જનમાં વધારો થયો છે. યુએસ અર્થતંત્રમાં આ મજબૂતાઈ સૂચવે છે કે ફેડરલ રિઝર્વ ૨૦૨૫માં વ્યાજ દરમાં ઘટાડો કરવાની ઝડપ ઘટાડી શકે છે. સીએમઈ ફેડવોચ ટૂલ અનુસાર, ડિસેમ્બરમાં ફેડરલ રિઝર્વ દ્વારા અપેક્ષિત બે વખતના રેટ કટને સ્થાને, ૨૦૨૫માં માત્ર એક જ રેટ કટની સંભાવનાને બજારો રીએક્ટ કરી રહ્યા છે. ફેડરલ રિઝર્વએ અગાઉ આ વર્ષ માટે બે રેટ કટનો સંકેત આપ્યો હતો, જે શરૂઆતમાં અપેક્ષિત સંખ્યા કરતાં કરતાં અડધો છે. હવે જો તેને સ્થાને એક જ વખત વ્યાજદરમાં ઘટાડો કરશે તો ગ્લોબલ ઇકવિટી માર્કેટના માનસ પર વધુ નકારાત્મક અસર જોવા મળશે.

બજારના સાધનો અનુસાર આગામી સમયમાં ટ્રમ્પની આર્થિક નીતિઓ અને ઊંચા મૂલ્યાંકનની આસપાસની અનિશ્ચિતતા શેરબજારને ટૂંકા ગાળામાં અસર કરી શકે છે. આગામી સત્રોમાં, કોર્પોરેટ ક્ષેત્રના ત્રીજા ત્રિમાસિક પરિણામો પર બજારનું ખાસ ધ્યાન રહેશે. વધુમાં, રોકાણકારો અંદાજપત્ર અગાઉની અપેક્ષાઓના આધારે તેમના પોર્ટફોલિયોમાં ફેરફાર કરે તેવી શક્યતા છે. એ જ સાથે ફેડરલ ઓપન માર્કેટ કમિટીની મિનિટ્સ, યુએસ નોન-ફાર્મ પેરોલ અને બેરોજગારી દર જેવા મુખ્ય ડેટા પોઈન્ટ બજારના સેન્ટિમેન્ટને પ્રભાવિત કરશે.

રોકાણકારો માટે હવે કોર્પોરેટ પરિણામા શેરલક્ષી કામકાજ માટે મુખ્ય ટ્રીગર બનશે. એ જ સાથે, ફોરેક્સ માર્કેટની વધઘટ, ક્રૂડ ઓઇલના ભાવ અને અમેરિકાના આર્થિક ડેટા બજારના સેન્ટિમેન્ટને અસર કરશે. ત્રીજી જાન્યુઆરીએ પૂરા થયેલા સતત બીજા સપ્તાહમાં બજારે ઉર્ધ્વગામી સફર જાળવી રાખવામાં સફળતા મેળવી હતી, જોકે તે મજબૂત યુએસ ડોલર, ઊંચા મૂલ્યાંકન, એફઆઇઆઇનો એકધારો આઉટફ્લો, નબળો પડતો ભારતીય રૂપિયો અને વધતા ક્રૂડ ઓઇલના ભાવ ટ્રેક કરતા શેરબજારીયાઓ દ્વારા અપનાવવામાં આવેલી ઉછાળે વેચવાલીની વ્યૂહરચનાને કારણે બજાર તમામ ઉછાળો જાળવી રાખવામાં નિષ્ફળ રહ્યું હતું.

# આઈટી અને ટેકનોલૉજી શૅરોના ધોવાણ સાથે માર્કેટ કેપ ₹ ૨.૧૬ લાખ કરોડ ઘટ્યું

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ બુધવારના સત્રમાં કોમોડિટીઝ અને કન્ઝ્યુમર ડિસ્ક્રેશનરી સૌથી અધિક વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી અને સર્વિસીસ સૌથી અધિક ઘટ્યા, માર્કેટ કેપ રૂ.૨.૧૬ લાખ કરોડ ઘટ્યું હતું. બુધવારે બીએસઈ સેન્સેક્સ ગત મંગળવારના ૭૮,૧૯૯.૧૧ના બંધથી ૫૦.૬૨ પોઈન્ટ્સ (૦.૦૬ ટકા) ઘટ્યો હતો. માર્કેટ કેપ રૂ.૨.૧૬ લાખ કરોડ ઘટીને રૂ.૪૩૯.૫૯ લાખ કરોડ રહ્યું હતું. બીએસઈ સેન્સેક્સની ૧૪ સ્ક્રિપ વધી હતી, જ્યારે ૧૬ સ્ક્રિપ ઘટી હતી.

એક્સચેન્જમાં ૪,૦૬૬ સ્ક્રિપ્સમાં કામકાજ થયું હતું, જેમાં ૧,૩૮૬ સ્ટોક્સ વધ્યા હતા, ૨,૫૮૬ સ્ટોક્સ ઘટ્યા હતા, જ્યારે ૯૪ સ્ટોક્સ સ્થિર રહ્યા હતા. ૧૪૮ સ્ટોક્સ બાવન સપ્તાહની ઊંચી સપાટીએ પહોંચ્યા હતા, જ્યારે ૧૦૧ સ્ટોક બાવન સપ્તાહની નીચી સપાટીએ પહોંચ્યા હતા.

બ્રોડ બેઝ્ડ ઈન્ડાયસીસમાં બીએસઈ મિડકેપ ૧.૦૯ ટકા અને બીએસઈ સ્મોલકેપ ૧.૧૨ ટકા વધ્યા હતા. સ્ટ્રેટેજી ઈન્ડાયસીસમાં બીએસઈ આઈપીઓ ઈન્ડેક્સ ૦.૯૬ ટકા અને બીએસઈ એસએમઈ આઈપીઓ ૦.૭૦ ટકા ઘટ્યા હતા.

સેક્ટરલ ઈન્ડાયસીસમાં કોમોડિટીઝ ૧.૫૮ ટકા, કંઝ્યુમર ડિસ્ક્રેશનરી ૧.૩૩ ટકા, એનર્જી ૦.૫ ટકા, એફએમસીજી ૦.૩૮ ટકા, ફાઈનાન્સિયલ સર્વિસીસ ૦.૩૮ ટકા, હેલ્તકેર ૦.૩૩ ટકા, ઈન્ડસ્ટ્રિયલ્સ ૦.૩૩ ટકા અને ઈન્ફોર્મેશન ટેકનોલોજી ૦.૦૧ ટકા વધ્યા હતા, જ્યારે ફોકસ્ડ આઈટી ૧.૮૬ ટકા, સર્વિસીસ ૧.૪૪ ટકા, ટેક ૧.૩૪ ટકા, રિયલ્ટી ૧.૨૬ ટકા, પાવર ૧.૧૭ ટકા, ઓઈલ એન્ડ ગેસ ૦.૯૫ ટકા, મેટલ ૦.૯૧ ટકા, કંઝ્યુમર ડ્યુરેબલ્સ ૦.૮૮ ટકા, કેપિટલ ગુડ્સ ૦.૮૫ ટકા, બેન્કેક્સ ૦.૭૧ ટકા, ઓટો ૦.૬૯ ટકા, યુટિલિટીઝ ૦.૫૯ ટકા અને ટેલિકોમ્યુનિકેશન ૦.૪૩ ટકા ઘટ્યા હતા.

સેન્સેક્સ સમાવિષ્ટ શેરોમાં મુખ્યત્વે તાતા કન્સલ્ટન્સી ૧.૯૭ ટકા, રિલાયન્સ ૧.૯૨ ટકા, આઈટીસી ૧.૯૦ ટકા, એશિયન પેઈન્ટ્સ ૧.૮૦ ટકા, એચસીએલ ટેકનોલોજી ૦.૮૩ ટકા, મારુતિ ૦.૭૭ ટકા, ભારતી એરટેલ ૦.૭૨ ટકા, એક્સિસ બેન્ક ૦.૬૯ ટકા, બજાજ ફિનસર્વ ૦.૫૭ ટકા અને પાવર ગ્રીડ ૦.૪૩ ટકા વધ્યા હતા, જ્યારે અદાણી પોર્ટ્સ ૧.૮૯ ટકા, અલ્ટ્રાટેક સિમેન્ટ ૧.૭૫ ટકા, લાર્સન ૧.૨૬ ટકા, સન ફાર્મા ૧.૧૯ ટકા, એચડીએફસી બેન્ક ૧.૧૬ ટકા, આઈસીઆઈસીઆઈ બેન્ક ૧.૧૧ ટકા, એનટીપીસી ૧.૦૬ ટકા, સ્ટેટ બેન્ક ૧ ટકા, ઝોમેટો ૦.૯૯ ટકા અને મહિન્દ્ર એન્ડ મહિન્દ્ર ૦.૮૩ ટકા ઘટ્યા હતા. બીએસઈના ડેરિવેટિવ્ઝ સેગમેન્ટમાં બુધવારે ઈન્ડેક્સ ફ્યુચર્સમાં રૂ.૨૩૯.૬૭ કરોડનું ટર્નઓવર થયું હતું, જેમાં કુલ ૧,૦૬૨ સોદામાં ૧,૭૩૯ કોન્ટ્રેક્ટ્સનું કામકાજ થયું હતું. ઈન્ડેક્સ ફ્યુચર્સ અને ઈક્વિટી ફ્યુચર્સ મળીને કુલ ૩,૪૩,૧૭૫ કોન્ટ્રેક્ટના ઓપન ઈન્ટરેસ્ટ રહ્યા હતા. કુલ નોશનલ ટર્નઓવર રૂ.૧૩,૮૪,૫૧૫.૬૮ કરોડનું રહ્યું હતું.

# સ્મોલ ગ્રેડની ખાંડમાં ₹ ૩૬નો ઉછાળો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

નવી મુંબઈઃ મહારાષ્ટ્રની ખાંડ મિલો પર ગઈકાલે સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં વેપાર ક્વિન્ટલે રૂ. ૩૪૬૦થી ૩૫૦૦માં ટકેલા ધોરણે થયાના ઓવરનાઈટ અહેવાલ છતાં સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં સ્ટોકિસ્ટોની લેવાલી ઉપરાંત રિટેલ સ્તરની માગ પ્રબળ રહેતાં તેના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૬નો ઉછાળો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં ટકેલું વલણ રહ્યું હતું. જોકે, આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારોની માગ મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. આજે સ્થાનિકમાં અંદાજે ૨૮થી ૨૯ ટ્રકની આવક સામે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની માગને ટેકે આવક સામે ઉપાડ જળવાઈ રહ્યો હતો. જોકે, આજે ખાસ કરીને સ્મોલ ગ્રેડની ખાંડમાં અમુક માલની ગુણવત્તા સારી આવવાની સાથે સ્ટોકિસ્ટો અને રિટેલ સ્તરની લેવાલી પણ પ્રબળ રહેતાં તેના વેપાર નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૩૬ના ઉછાળા સાથે રૂ. ૩૫૯૬થી ૩૬૮૨માં ગુણવત્તાનુસાર ધોરણે થયા હતા, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં સાર્વત્રિક સ્તરેથી ખપપૂરતી માગ જળવાઈ રહેતાં તેના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૬૮૨થી ૩૮૫૨માં ગુણવત્તાનુસાર ટકેલા ધોરણે થયા હતા.

વધુમાં આજે નાકા ડિલિવરી ધોરણે ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની લેવાલી એકંદરે મર્યાદિત રહેતાં ભાવમાં ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો, જેમાં સ્મોલ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૨૦થી ૩૬૮૦માં અને મિડિયમ ગ્રેડની ખાંડના વેપાર ક્વિન્ટલે રૂ. ૩૫૮૦થી ૩૬૭૦માં થયાના અહેવાલ હતા.

# વિશ્વ બજાર પાછળ સોનામાં ₹ ૨૩૮નો ચમકારો, ચાંદીમાં ₹ ૨૯નો ધીમો સુધારો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ આંતરરાષ્ટ્રીય બજારમાં આજે ડૉલર ઈન્ડેક્સ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ રહ્યું હોવાથી આજે લંડન ખાતે સત્રના આરંભે હાજર અને વાયદામાં સોનાના ભાવમાં નરમાઈનું વલણ રહ્યા બાદ પુનઃ ટ્રમ્પની અપેક્ષિત ટ્રેડ વૉર તરફ દોરે તેવી નીતિની ભીતિ સપાટી પર આવતા સોના અને ચાંદીના ભાવમાં સુધારો આવ્યો હતો. આમ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલ અને સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં આજે ડૉલર સામે રૂપિયામાં ૧૩ પૈસાનો ઘટાડો થવાથી સોનાની આયાત પડતરોમાં વધારો થવાને કારણે સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૭થી ૨૩૮નો ચમકારો આવ્યો હતો, જ્યારે ચાંદીના ભાવમાં કિલોદીઠ રૂ. ૨૯નો સાધારણ સુધારો આવ્યાના અહેવાલ હતા.

બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે વિશ્વ બજારમાં ચાંદીનાં ભાવ બેતરફી વધઘટે અથડાઈને સુધારાતરફી રહ્યાના નિર્દેશોને ધ્યાનમાં લેતાં સ્થાનિકમાં ૯૯૯ ટચ ચાંદીમાં સ્ટોકિસ્ટો નવી ખરીદીથી દૂર રહ્યા હતા. તેમ જ ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પાંખી રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૨૯ના સાધારણ સુધારા સાથે રૂ. ૮૯,૫૦૩ની સપાટીએ રહ્યા હતા. જોકે, આજે સોનામાં ખાસ કરીને રૂપિયો નબળો પડ્યો હોવાથી આયાત પડતરો વધી આવી હતી. તેમ જ વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૩૭ વધીને રૂ. ૭૭,૦૫૪ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૩૮ વધીને રૂ. ૭૭,૩૬૪ના મથાળે રહ્યા હતા. જોકે, આજે સ્ટોકિસ્ટો, રોકાણકારો, જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ છૂટીછવાઈ રહી હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. દરમિયાન વિશ્વ બજારમાં ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ રહેવાની સાથે અમેરિકાની ૧૦ વર્ષીય ટ્રેઝરીની યિલ્ડ વધીને આઠ મહિનાની ઊંચી સપાટીએ પહોંચી હોવાથી લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવમાં ઘટાડાતરફી વલણ રહ્યા બાદ પુનઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પની વેપાર અને વેરાની નીતિ ફુગાવાલક્ષી રહેવાની સાથે વિશ્વ બજારમાં ટ્રેડ વૉરની સ્થિતિ નિર્માણ કરે તેવી ભીતિ સપાટી પર આવતા બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું, જેમાં હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૨ ટકા વધીને ઔંસદીઠ ૨૬૫૩.૩૫ ડૉલર અને વાયદામાં ભાવ ૦.૧ ટકા વધીને ૨૬૬૭.૨૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૪ ટકા વધીને ઔંસદીઠ ૩૦.૧૪ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા.

આ વર્ષે અમેરિકી ફેડરલ રિઝર્વની પૉલિસીમાં બહુ ફેરફાર ન થાય તેવી ધારણા સાથે આજે ડૉલર ઈન્ડેક્સમાં બાઉન્સબૅક અને ટ્રેઝરીની યિલ્ડમાં મજબૂત વલણ જોવા મળતાં સત્રના આરંભે સોનાના ભાવ દબાણ હેઠળ આવ્યા હતા, પરંતુ ત્યાર બાદ ટ્રમ્પની વેપાર નીતિની ચિંતા સપાટી પર આવતાં ભાવમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હોવાનું ઓએએનડીએનાં માર્કેટ એનાલિસ્ટ કેલ્વિન વૉન્ગે જણાવ્યું હતું. ગત નવેમ્બર મહિનામાં અમેરિકા ખાતે નવેમ્બર મહિનાના જોબ ઓપનિંગના ડેટા પ્રોત્સાહક આવ્યા હતા. જોકે, હવે રોકાણકારોની નજર આવતીકાલે જાહેર થનારા અમેરિકાનાં નોન ફાર્મ પૅરોલ ડેટા પર સ્થિર થઈ છે.

હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર ફેડરલ રિઝર્વ વર્ષ ૨૦૨૫માં વ્યાજદરમાં માત્ર એક જ વખત કાપ મૂકે તેવી શક્યતા ટ્રેડરો વ્યક્ત કરી રહ્યા છે, અગાઉ બે વખત વ્યાજદરમાં કપાતની શક્યતા મૂકાઈ રહી હતી. જો અમેરિકાનાં આર્થિક ડેટાઓ નબળા આવે તો વધુ વખત વ્યાજદરમાં કપાતનો આશાવાદ સપાટી પર આવતા સોનામાં સુધારાતરફી વલણ જોવા મળી શકે છે, એમ કેસીએમ ટ્રેડનાં વિશ્લેષકે એક નોટ્સમાં જણાવ્યું હતું.

## સરકારે નવેમ્બરની સોનાની આયાતના આંકડામાં પાંચ અબજ ડૉલરનો ઘટાડો કર્યો

નવી દિલ્હીઃ વાણિજ્ય મંત્રાલયે આજે ડિરેક્ટોરેટ જનરલ ઑફ કોમર્શિયલ ઈન્ટેલિજન્સ ઍન્ડ સ્ટેટેસ્ટિક્સ (ડીજીસીઆઈએસ)ની માહિતીને ધ્યાનમાં લેતા ગત નવેમ્બર મહિનામાં દેશમાં સોનાની આયાત મૂલ્યની આંકડાકીય માહિતીમાં ફેરફાર કરીને સુધારિત માહિતી જાહેર કરી હતી, જેમાં પાંચ અબજ ડૉલરના ઘટાડા સાથે આયાત ૯.૮૪ અબજ ડૉલરની સપાટીએ રહી હોવાનું જણાવ્યું હતું.

અત્રે નોંધનીય બાબત એ છે કે ડીજીસીઆઈએસ એ વાણિજ્ય મંત્રાલયનું એકમ છે. મંત્રાલયે ગયા મહિને જાહેર કરેલી આંકડાકીય માહિતીમાં જણાવ્યું હતું કે નવેમ્બર મહિનામાં સોનાની આયાત ચાર ગણી વધીને ૧૪.૮૬ અબજ ડૉલરની સપાટીએ રહી છે. એકંદરે આયાતમાં જોવા મળેલા અસામાન્ય ઉછાળા અને તેને કારણે વેપાર ખાધમાં પણ તીવ્ર વધારો થવાથી વાણિજ્ય મંત્રાલયે સોનાની આયાતની આંકડાકીય માહિતીની ગણતરીમાં કોઈ ભૂલ થઈ હોવાની શક્યતા તપાસતા પાંચ અબજ ડૉલરની વધુ ગણતરી થઈ હોવાનું ધ્યાનમાં આવ્યું હતું.

# આયાત તેલમાં મિશ્ર વલણ

મુંબઈઃ શિકાગો ખાતે સોયાતેલના જાન્યુઆરી અને માર્ચ વાયદામાં અનુક્રમે ૯૬ સેન્ટનો અને ૯૨ સેન્ટનો સુધારો આવ્યાના ઓવરનાઈટ અહેવાલ હતા, જ્યારે આજે મલયેશિયાના બુર્સા મલયેશિયા ડેરિવેટીવ્સ એક્સચેન્જ ખાતે ક્રૂડ પામતેલના માર્ચ અને એપ્રિલ વાયદામાં અનુક્રમે નવ રિંગિટનો અને ત્રણ રિંગિટનો ઘટાડો આવ્યો હતો. આમ વિશ્વ બજારનાં મિશ્ર અહેવાલ તેમ જ સ્થાનિકમાં જથ્થાબંધ ખાદ્યતેલ બજારમાં હાજર, ડાયરેક્ટ ડિલિવરી અને સેલરિસેલ ધોરણે કામકાજો પાંખાં રહેતાં માત્ર સોયા રિફાઈન્ડના ભાવમાં ૧૦ કિલોદીઠ રૂ. પાંચનો ઘટાડો અને સન રિફાઈન્ડમાં રૂ. પાંચનો સુધારો આવ્યો હતો, જ્યારે અન્ય તમામ તેલના ભાવમાં ટકેલું વલણ રહ્યું હતું. આજે સ્થાનિકમાં ડાયરેક્ટ ડિલિવરી શરતે ૧૦ કિલોદીઠ અલાનાન ખપોલીથી ડિલિવરી શરતે આરબીડી પામોલિન અને સોયા રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૩૩૨ અને રૂ. ૧૨૭૦ તથા સનફ્લાવરના પાતાળગંગાથી ડિલિવરી શરતે રૂ. ૧૩૫૦, ગોકુલના સોયા રિફાઈન્ડ અને સન રિફાઈન્ડના અનુક્રમે રૂ. ૧૨૩૬ અને રૂ. ૧૩૩૫, રૂચીના આરબીડી પામોલિનના રૂ. ૧૩૩૮, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૬૦ અને સન રિફાઈન્ડના રૂ. ૧૩૫૦ તથા ગોલ્ડન એગ્રી અને રિલાયન્સન રિટેલના આરબીડી પામોલિનના અનુક્રમે રૂ. ૧૩૩૫થી ૧૩૪૦ અને રૂ. ૧૩૬૫ ક્વૉટ થઈ રહ્યા હતા. જોકે, આજે વેપારો છૂટાછવાયા રહ્યા હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

હાજરમાં આજે વિવિધ દેશી-આયાતી ખાદ્યતેલના ૧૦ કિલોદીઠ ભાવમાં આરબીડી પામોલિનના રૂ. ૧૩૪૦, સોયા રિફાઈન્ડના રૂ. ૧૨૫૫, સન રિફાઈન્ડના રૂ. ૧૩૬૦, સિંગતેલના રૂ. ૧૪૪૦, કપાસિયા રિફાઈન્ડના રૂ. ૧૨૭૦ અને સરસવના રૂ. ૧૩૮૦ના મથાળે રહ્યા હતા.

# ધાતુમાં માગ અનુસાર મિશ્ર વલણ

મુંબઈઃ લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે સત્રના આરંભમાં કોપરના ભાવમાં ધીમો સુધારો આવ્યાના અહેવાલ સાથે સ્થાનિક ધાતુ બજારમાં પણ ખાસ કરીને નિકલ, બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ, એલ્યુમિનિયમ ઈન્ગોટ્સ અને કોપરની અમુક વેરાઈટીઓમાં સ્ટોકિસ્ટો સહિત સાર્વત્રિક સ્તરેથી માગને ટેકે ભાવમાં કિલોદીઠ રૂ. એકથી ૧૪નો સુધારો આવ્યો હતો, જ્યારે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીના દબાણે ભાવમાં કિલોદીઠ રૂ. ૩૦નો અને નિરસ માગે કોપર વાયરબાર, ઝિન્ક સ્લેબ, અને લીડ ઈન્ગોટ્સના ભાવમાં કિલોદીઠ રૂ. એકથી બેનો ઘટાડો આવ્યો હતો અને અન્ય ધાતુઓમાં ટકેલું વલણ રહ્યું હતું.

પ્રાપ્ત અહેવાલ અનુસાર આજે લંડન ખાતે સત્રના આરંભે ખાસ કરીને ધાતુના અગ્રણી વપરાશકાર દેશ ચીન આર્થિક વૃદ્ધિને વેગ આપવા સ્ટિમ્યુલસ પેકેજની જાહેરાત કરે તેવા આશાવાદ સાથે કોપરના એક મહિને ડિલિવરી શરતે ભાવ ૦.૧ ટકા વધીને ટનદીઠ ૮૯૯૨ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે અન્ય ધાતુઓમાં મિશ્ર વલણ જોવા મળ્યું હતું. આજે મુખ્યત્વે નિકલ અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપમાં સ્ટોકિસ્ટોની પ્રબળ લેવાલી ઉપરાંત વપરાશકાર ઉદ્યોગ તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે ભાવ અનુક્રમે કિલોદીઠ રૂ. ૧૪ વધીને રૂ. ૧૩૪૨ અને રૂ. ૧૦ વધીને રૂ. ૫૨૫ના મથાળે રહ્યા હતા. આ સિવાય અન્ય ધાતુઓ જેમાં વપરાશકાર ઉદ્યોગની માગને ટેકે સુધારો જોવા મળ્યો હતો તેમાં એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. ત્રણ વધીને રૂ. ૨૪૫, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. બે વધીને અનુક્રમે રૂ. ૭૯૦ અને રૂ. ૭૮૪ તથા કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. એક વધીને રૂ. ૭૭૭ના મથાળે રહ્યા હતા. જોકે, આજે ટીનમાં સ્ટોકિસ્ટોની આક્રમક વેચવાલીનું દબાણ રહેતાં ભાવ કિલોદીઠ રૂ. ૩૦ ઘટીને રૂ. ૨૬૪૩ના મથાળે રહ્યા હતા. આ સિવાય આજે નિરસ માગે કોપર વાયરબાર અને ઝિન્ક સ્લેબના ભાવ કિલોદીઠ રૂ. બે ઘટીને અનુક્રમે રૂ. ૮૨૩ અને રૂ. ૨૭૬ના મથાળે અને લીડ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. એક ઘટીને રૂ. ૧૮૧ના મથાળે રહ્યા હતા.

# સરકાર ટૂંક સમયમાં ખાંડના લઘુતમ વેચાણ ભાવમાં વધારાનો નિર્ણય લેશે

નવી દિલ્હીઃ સરકાર ટૂંક સમયમાં ખાંડના લઘુતમ વેચાણ ભાવમાં વધારો કરવા અંગે નિર્ણય લેશે, એમ અનાજ અને ગ્રાહક બાબતોનાં ખાતાના પ્રધાન પ્રલ્હાદ જોશીએ તાજેતરમાં જણાવ્યું હતું. ફેબ્રુઆરી, ૨૦૧૯થી ખાંડના લઘુતમ વેચાણ કિલોદીઠ રૂ. ૩૧ની સપાટી પર જાળવી રાખવામાં આવ્યા છે. જોકે, ઉત્પાદન ખર્ચમાં વધારો અને ખાંડ મિલો આર્થિક બોજા હેઠળ હોવાથી ઔદ્યોગિક સંસ્થાઓ ખાંડના વેચાણ ભાવમાં વધારો કરવા માટે માગણી કરી રહી છે. ડિપાર્ટમેન્ટે ઉદ્યોગની માગણીને ધ્યાનમાં લીધી છે અને ભાવમાં વધારો કરવો કે નહી તે અંગે ટૂંક સમયમાં નિર્ણય લેવામાં આવશે, એમ જોશીએ જણાવ્યું હતું. નોંધનીય બાબત એ છે કે ઈન્ડિયન સુગર ઍન્ડ બાયો એનર્જી મેન્યુફેક્ચરર્સ એસોસિયેશન (ઈસ્મા) અને નેશનલ ફેડરેશન ઑફ કો-ઑપરેટિવ સુગર ફેક્ટરીઝ (એનએફસીએસએફ) એ ખાંડના લઘુતમ વેચાણ ભાવ વધારીને કિલોદીઠ રૂ. ૩૯.૧૪ અથવા તો કિલોદીઠ રૂ. ૪૨ સુધી વધારવા માટે અનુરોધ કરી રહ્યા છે. જેથી ઉત્પાદન ખર્ચને પહોંચી વળાય તેમ જ ભારતીય ખાંડ મિલોની આર્થિક સ્થિતિમાં પણ સુધારો થાય.

PUBLIC NOTICE પબ્લિક નોટીસ

પશ્ચિમ રેલવે – અમદાવાદ

સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં વિવિધ કામ

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી **ડેપ્યુ. ચીફ એન્જીનીયર (બાંધકામ) III,** પશ્ચિમ રેલવે, અમદાવાદ નીચે મુજબ ઈ-ટેન્ડર નોટીસ પ્રસ્તુત કરે છે. **ઈ-ટેન્ડર નોટીસ નં. ડેપ્યુ.સીઈ(સી) III/એડીઆઈ/એસબીઆઈ-એસઈજે/01 (1) કામનું નામ તેના સ્થળ સહિતઃ** ટેન્ડર નં. ડેપ્યુ.સીઈ (સી)III/એડીઆઈ/એસબીઆઈ-એસઈજે/01: પશ્ચિમ રેલવે ઉપર ભાવનગર ડિવિઝનના સાબરમતી-સરખેજ સેક્શનના દ્વિકરણના સંબંધમાં સાબરમતી D કેબિન (સહિત) થી સરખેજ (સહિત) સુધી કામની સફળ પરિપૂર્ણતા માટે જરૂરી ફોર્મેશનમાં અર્થકામ, બ્લેન્કેટીંગ, (પીચીંગ, ટો વોલ, ભૂમિ સંરક્ષણ જેવા પરચુરણ કામ સહિત) મુખ્ય પુલો, નાના પુલો, રેલવે ફ્લાયઓવરનું બાંધકામ, ટ્રેકને જોડવાનું કામ અને અન્ય સિવિલ એન્જિનિયરીંગ કામ, S&T કામ, ઈલેક્ટ્રીકલ અને TRD કામ જેવા કામનું અમલીકરણ. **(2) કામની અંદાજીત પડતરઃ** ₹ 149,55,95,675.00 **(3) જમા કરવાની અર્નેસ્ટમનીઃ** ₹ 76,28,000.00 **(4) પૂર્ણ કરવાનો સમયગાળોઃ** 24 (ચોવીસ) મહિના **(5) બીડ નિયત તારીખઃ** તા.05-02-2025 ના 15:00 કલાકે **(6) તમામ દસ્તાવેજોની પ્રત્યક્ષ રજૂઆતઃ** તા.04-02-2025 ના 18:00 કલાક સુધી. **(7) ટેકનિકલ બિડ ખુલવાની તારીખ :** તા.05-02-2025 ના 15:30 કલાકે. **(8) ટેન્ડર સિસ્ટમ :** બે પેકેટ સિસ્ટમ. **(9) બધા ટેન્ડરરો દ્વારા પરિશિષ્ટ-V માં આપેલ મુજબ સર્ટિફીકેટ જમા કરાવવું આવશ્યક છે. જેના આધારે ટેન્ડરરોની પાત્રતાનું મૂલ્યાંકન કરવામાં આવશે. (10) વેબસાઈટ વિગત, નોટીસ બોર્ડનું સ્થળ જ્યાં ટેન્ડરની સંપૂર્ણ વિગત જોઈ શકાશે અને ઓફીસનું સરનામુંઃ વેબસાઈટઃ** www.ireps.gov.in ડેપ્યુ. ચીફ એન્જીનીયર, (બાંધકામ) III ની ઓફિસ, પશ્ચિમ રેલવે, બીજો માળ, 'A' વિંગ, નિર્માણ ભવન, જીસીએસ હોસ્પિટલ સામે, અસારવા, અમદાવાદ.

CPM-105

અમને લાઇક કરોઃ facebook.com/WesternRly • અમને ફોલો કરોઃ twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA

નં. ડે. ચીફ. એન્જિ./M&E/૪૨૪૬/W.S. તા. ૦૬.૦૧.૨૦૨૫ના

ટેન્ડર નોટિસ

બૃહદ મુંબઈના મ્યુનિસિપલ કમિશનર લાયક બિડર્સ પાસેથી ''ટકાવારી ધોરણે'' નીચેના કામો માટે ઓનલાઈન ઈ-ટેન્ડરો મંગાવે છે. બીડની શરૂઆતની તારીખ અને સમય તથા બીડની સમાપ્તીની તારીખ અને સમય 'ટેન્ડર્સ' સેક્શન હેઠળ MCGMની વેબસાઈટ પર વિગતવાર ટેન્ડર નોટિસમાં દર્શાવેલ છે.

બૃહદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન

ટેન્ડર નોટિસ

| | | |
|---|---|---|
| વિભાગ | : | ચીફ. એન્જિ. (M & E) |
| સેક્શન | : | ડે. ચીફ. એન્જિ. (M & E) W.S. |
| ઈ-ટેન્ડર નંબર | : | ૧. ૨૦૨૫_MCGM_૧૧૩૩૯૯૪_૧<br>૨. ૨૦૨૫_MCGM_૧૧૩૩૯૯૭_૧ |
| વિષય | : | ૧. P/નોર્થ વોર્ડમાં માર્વે સ્મશાનભૂમિ, મલાડ (પશ્ચિમ) ખાતે એર પોલ્યુશન કન્ટ્રોલ સાધનોની ત્રિવાર્ષિક ઓપરેશન અને જાળવણી.<br>૨. શિક્ષકની કોલોની સ્મશાનભૂમિ, H/પૂર્વ વોર્ડ ખાતે એર પોલ્યુશન કન્ટ્રોલ સાધનોની ત્રિવાર્ષિક ઓપરેશન અને જાળવણી. |
| બીડ શરૂઆત | : | તારીખઃ ૦૯-૦૧-૨૦૨૫ સમય-૧૧.૦૦ |
| બીડ સમાપ્તિ | : | તારીખઃ ૧૫-૦૧-૨૦૨૫ના સમય -૧૬.૦૦ |
| પોર્ટલ | : | Http://portal.mcgm.gov.in; |
| સંપર્ક વ્યક્તિ | : | E.E. (M & E) W.S-II |
| a) નામ | : | શ્રી પ્રવિણ આયરે |
| b) સંપર્ક નં. (ઓફિસ) | : | ૦૨૨-૨૯૬૭૫૮૬૨ |
| c) મોબાઈલ નંબર | : | ૯૩૨૨૦૩૬૪૨૮ |
| d) ઈમેલ સરનામું | : | eews02.me@mcgm.gov.in |

ઈચ્છુક ટેન્ડરર્સે ટેન્ડરની વધુ વિગતો માટે http://www.mahatenders.gov.in ખાતે મહાટેન્ડર વેબસાઈટની મુલાકાત લેવી.

ટેન્ડર દસ્તાવેજો પોસ્ટ/કુરીયર દ્વારા જારી કે પ્રાપ્ત કરવામાં આવશે નહીં.

સહી/-

PRO/2172/ADV./2024-25 એક્ઝિ. એન્જિ. (M. & E.) W.S.

પાણી બચાવો, પાણીનો દુર્વ્યય ટાળો.

ટોરેસ સ્કૅમ

# લૂંટનું નાટક કરીને રફુચક્કર થવાનો પ્લાન હતો, પણ એ પહેલાં જ ભાંડો ફૂટી ગયો

## સવાલાખ રોકાણકારોએ એક હજાર કરોડ રૂપિયા ગુમાવ્યાનો અંદાજઃ તપાસ હવે આર્થિક ગુના શાખા પાસે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈ અને આસપાસના વિસ્તારોમાં આલીશાન શોરૂમ શરૂ કર્યા બાદ ટોરેસ જ્વેલરી બ્રાન્ડ દ્વારા વિવિધ સ્કીમમાં ભારેખમ વ્યાજદરની લાલચે કરોડો રૂપિયાનું કૌભાંડ આરવાના કેસની તપાસ આર્થિક ગુના શાખાને સોંપવામાં આવી હતી. આ સ્કૅમમાં સવાલાખ રોકાણકારો સાથે એક હજાર કરોડથી વધુ રૂપિયાની કથિત છેતરપિંડી કરવામાં આવી હોવાનો અંદાજ વ્યક્ત કરાઈ રહ્યો છે. પોલીસ કાર્યવાહીની જાણ થતાં જ કંપનીના બે સ્થાપકો ફરાર થઈ ગયા હોઈ તેમની સામે લૂક આઉટ સર્ક્યુલર (એલઓસી) જારી કરવામાં આવ્યું હતું. લૂંટનું નાટક કરીને રફુચક્કર થઈ જવાનો પ્લાન આરોપીઓએ બનાવ્યો હોવાની ચોંકાવનારી માહિતી પોલીસ તપાસમાં સામે આવી હતી. પોલીસની પ્રાથમિક તપાસમાં જણાયું હતું કે લાખો રોકાણકારોનાં નાણાં ચાઉં કરવાનો ઇરાદો કંપનીએ પહેલેથી બનાવી રાખ્યો હતો અને આ માટે સાનપાડાની શાખાના (જુઓ પાનું ૪) ▶▶

# મુંબઈમાં બાળકીને એચએમપીવીઃ સારવાર પછી તેને રજા પણ અપાઈ

મુંબઈઃ ચીનમાં તબાહી મચાવી રહેલા એચએમપીવી વાઇરસના કેસો હવે ભારતમાં પણ આવી ગયા છે અને આવા કેસોની સંખ્યા દિન પ્રતિદિન વધી રહી છે. મહારાષ્ટ્રની વાત કરીએ તો ગઇ કાલ સુધી એચએમપીવી વાઈરસથી નાગપુર ખાતે બે જણા સંક્રમિત હોવાની વાત જાણવા મળી હતી. હવે એવા અહેવાલો આવી રહ્યા છે કે મુંબઈમાં ૬ મહિનાની એક બાળકી આ વાઇરસ સંક્રમિત છે. હિરાનંદાની હૉસ્પિટલમાં સારવાર માટે આ બાળકીને લાવવામાં આવી હતી અને હવે એને રજા આપવામાં આવી છે. આ સાથે મહારાષ્ટ્રમાં આ વાઇરસથી સંક્રમિત કેસોની સંખ્યા ત્રણ થઇ ગઇ છે.

એચએમપીવી એટલે કે હ્યુમન મેટાપ્ન્યુમોવાયરસ એ એક વાયરસ છે જે શ્વસન સંબંધી રોગોનું કારણ બને છે. આ વાયરસ ખાસ કરીને શિયાળામાં અને વસંત ઋતુના પ્રારંભમાં જોવા મળે છે. આ રોગ આમ તો તમામ ઉંમરના લોકોને થઇ શકે છે. તાજેતરમાં જ ચીનમાં આ વાયરસનો પ્રકોપ જોવા મળ્યો છે. આ વાઇરસ સૌપ્રથમ વર્ષ ૨૦૦૧માં જોવા મળ્યો હતો. ■

# સપ્તાહના ત્રણ દિવસ મંત્રાલયમાં હાજરી જરૂરીઃ પ્રધાનોને ફડણવીસનો આદેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મહાયુતિની સરકાર બન્યાને એક મહિનો થઈ ગયો છે. લાંબા ઘટનાક્રમ બાદ રાજ્યના પ્રધાનોએ હવે પોતાના પદભાર સંભાળી લીધા છે. આ બધા વચ્ચે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે તેમની કેબિનેટના તમામ પ્રધાનોને મહત્ત્વનો આદેશ આપ્યો છે. આ અંગેની મહત્ત્વની માહિતી સૂત્રો પાસેથી મળી છે.

રાજ્ય કેબિનેટની બેઠક નિમિત્તે તમામ પ્રધાનો મંગળવારે મુંબઈમાં મંત્રાલયમાં હાજર હતા. દરેક પ્રધાન પોતાના વિભાગના પ્રધાન હોવા છતાં પોતાના મત વિસ્તારના લોકપ્રતિનિધિ પણ છે. તેથી તેમના માટે તેમના મતવિસ્તાર માટે પણ કામ કરવું ફરજિયાત છે. તેથી પ્રધાનોએ પોતાના મતવિસ્તારના વિકાસની સાથે રાજ્યના વિકાસનાં કામો પર પણ ધ્યાન આપવું પડશે. એક પ્રધાન સમગ્ર રાજ્યનો હોય છે. તેથી, એવી અપેક્ષા રાખવામાં આવે છે કે પ્રધાનોએ વધુ કામ કરવું જોઈએ. રસપ્રદ વાત એ છે કે, મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે (જુઓ પાનું ૪) ▶▶

# જુહુમાં કોલેજિયન બાળકી પર પડ્યો, ટેણકીનો જીવ ગયો

## બે મિત્ર રસ્તા પર રમી રહ્યા હતા ત્યારે આ દુર્ઘટના બની હતી

મુંબઈઃ જુહુ વિસ્તારમાં બે વર્ષની બાળકી પર એક યુવક પડતાં બાળકીને મોતને ભેટી હોવાની વિચિત્ર ઘટના સામે આવી છે. જુહુ ચર્ચ રોડસ્થિત આવેલા ધોબી ઘાટ નજીક બીજી જાન્યુઆરીએ આ ઘટના બની હતી. આ વિસ્તારમાં વિધિ અગ્રહારીના કુટુંબીજનની કરિયાણાની દુકાન છે અને વિધિ ત્યાં તેની બહેનપણી સાથે રમી રહી હતી. પોલીસે ભારતીય દંડ સંહિતાની (બેદરકારીથી મૃત્યુ)નો કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસમાં હજી સુધી કોઇની ધરપકડ થઇ નથી. વિધિના પિતાના જણાવ્યા અનુસાર આ જ વિસ્તારમાં રહેતા આરોપી હર્ષદ ગુરવ તેના મિત્ર શાહનવાઝ અન્સારી સાથે આક્રમકતાથી રમી રહ્યો હતો. અમને ચિંતા હતી જે આ બંને જે રીતે નાસભાગ (જુઓ પાનું ૪) ▶▶

પ્રીમીયમ પેકેજીસ
લેહ-લદાખ કાશ્મીર હિમાચલ
કિન્નૌર-લાહુલ-સ્પીતિ
આસામ-મેઘાલય-અરૂણાચલ
બાકુ-ગબાલા-શાહદાગ
સીંગાપોર શ્રીલંકા
દુબઈ થાઈલેંડ
HAZEL
Treks N Tours
khar (w), Since 2003
PANKAJ CHHEDA
9869559938

# વંદે માતરમ્ રાષ્ટ્રગીત હોવું જોઈએઃ રામગિરિ મહારાજ

છત્રપતિ સંભાજી નગર (મહારાષ્ટ્ર): 'વંદે માતરમ્' ભારતનું રાષ્ટ્રગીત હોવું જોઈએ એવો અભિપ્રાય ધાર્મિક નેતા રામગિરિ મહારાજે વ્યક્ત કર્યો છે. રવીન્દ્રનાથ ટાગોર દ્વારા મૂળ બંગાળીમાં રચિત 'જન ગણ મન'ને ૨૪ જાન્યુઆરી, ૧૯૫૦ના રોજ બંધારણ સભાએ તેના હિન્દી સંસ્કરણમાં રાષ્ટ્રગીત તરીકે અપનાવ્યું હતું.

રામગિરિ મહારાજે મંગળવારે દાવો કર્યો હતો કે 'આ ગીત રવીન્દ્રનાથ ટાગોરે ૧૯૧૧માં કોલકાતામાં ગાયું ત્યારે રાષ્ટ્ર સ્વતંત્ર નહોતું. આ ગીત તેમણે ભારત સાથે હાડોહાડ અન્યાય કરી રહેલા બ્રિટિશ રાજા જ્યોર્જ પાંચમાની સમક્ષ ગાયું હતું, દેશને સંબોધિત કરવા માટે નહોતું ગાયું.'

આગામી ફિલ્મ 'મિશન અયોધ્યા'ના ટ્રેલરની રજૂઆત માટે છત્રપતિ સંભાજી નગર આવેલા મહારાજે વધુમાં જણાવ્યું હતું કે 'આપણે આ માટે ('વંદે માતરમ્' રાષ્ટ્રગીત બનાવવું) સંઘર્ષ શરૂ કરવો પડશે. 'વંદે માતરમ્' આપણું રાષ્ટ્રગીત હોવું જોઈએ.'


સંવાદદાતાઓએ આ વિવાદાસ્પદ ટિપ્પણી વિશે પૂછતાં રામગિરિ મહારાજે કહ્યું હતું કે 'આ સન્માન કે અનાદરની વાત નથી, પરંતુ સત્ય જણાવવાની વાત છે. જો સત્ય બોલવું એ અનાદર કહેવાતો (જુઓ પાનું ૪) ▶▶

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in CANADA, UK, USA & WORLD WIDE including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with SPECIAL rates.
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"










"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**